# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 01 સપ્ટેમ્બર 2026 મંગળવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00

વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -04 | અંક : 63 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
હોર્મુઝમાં દરિયાઈ માઈન્સ સાથે સુપર ટેન્કર અથડાયું: વિસ્ફોટ બાદ આગ લાગી, એન્જિન બંધ પડ્યું.....

4 
બલૂચિસ્તાન, પીઓકે અને હવે સિંધ : પાકિસ્તાનમાં તિરાડો પડી રહી છે

6 
'અમે નેપાળની આવી ઓળખ નથી ઇચ્છતા': પૂર હોનારત પર મનીષા કોઈરાલાની ભારત-ચીનને ભાવુક....

7 
આવતા વર્ષે માનવીઓ કરતાં વધુ સમજદાર બની જશે AI: મસ્કે કહ્યું- ડિજિટલ કામ પળવારમાં કરશે


## NEWS BRIEF

### PM ઉમેદવારી પર કોંગ્રેસ TVKથી નારાજ

#### રાહુલ ગાંધી સ્વીકાર્ય ન હોય તો બંને મંત્રીઓ રાજીનામું આપશે

તમિલનાડુમાં કોંગ્રેસ અને TVK વચ્ચે 2029માં પીએમ પદની ઉમેદવારીને લઈને વિવાદ વધી ગયો. આ દરમિયાન સોમવારે કોંગ્રેસના ધારાસભ્ય થરહાઈ કથબર્ટની વિધાનસભામાં સીટ બદલી દેવામાં આવી છે. હવે તેઓ વિધાનસભામાં વિપક્ષ સાથે તેમની બેન્ચ પર બેસશે.



રવિવારે જ રાજ્યના પર્યટન મંત્રી એસ. રાજેશ કુમારે રાહુલ ગાંધીને 2029ની લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવાની વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે જો TVKએ રાહુલ ગાંધીને સમર્થન નહીં આપ્યું, તો મંત્રીમંડળમાં સામેલ કોંગ્રેસના નેતાઓ મંત્રી પદ પરથી રાજીનામું આપી દેશે. TVKના લોક નિર્માણ વિભાગ (PWD) મંત્રી આધવ અર્જુને પહેલા કહ્યું હતું કે દેશના પીએમ તમિલનાડુના કોઈ નેતા પાસે હોવા જોઈએ. તેમના નિવેદનને પાર્ટી પ્રમુખ વિજયને વડાપ્રધાન પદના સંભવિત દાવેદાર તરીકે રજૂ કરવા સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. 27 ઓગસ્ટે ઈન્ડિયા ટુડેએ પોતાનો MOTN (મૂડ ઓફ ધ નેશન) સર્વે જાહેર કર્યો. તે સર્વે મુજબ, પીએમ નરેન્દ્ર મોદી હજુ પણ વડાપ્રધાન પદની રેસમાં લોકોની પહેલી પસંદ બન્યા છે. સર્વેમાં 48.7% લોકોએ તેમને પોતાની પહેલી પસંદ ગણાવ્યા. જ્યારે, રાહુલ ગાંધી 27.1% સાથે બીજા નંબર પર છે.

### પ્રયાગરાજ એરફોર્સ સ્ટેશન પાસે ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ: 5 લોકોના મોત

#### 15 ફસાયા, આસપાસના 7 ઘર પડી ગયા, લોકો ઘાયલોને ખાટલામાં લઈને દોડ્યા



યુપીમાં પ્રયાગરાજ અને કૌશાંબી બોર્ડર પર એક ફટાકડા ફેક્ટરીમાં ભયાનક વિસ્ફોટ થયો. જેનાથી 5 લોકોના મોત થયા, જ્યારે 25 ઘાયલ છે. લગભગ 15 લોકો અંદર ફસાયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, વિસ્ફોટથી આખી ફેક્ટરી જમીનદોસ્ત થઈ ગઈ. 50 મીટરના દાયરામાં આસપાસના 5 થી 7 મકાનો પણ તૂટી ગયા છે. પોલીસ અને એરફોર્સની ટીમો બચાવ કાર્યમાં લાગી છે.

આ દુર્ઘટના બપોરે 12:30 વાગ્યે કૌશાંબી જિલ્લાના મોહમ્મદપુર ગામમાં બની હતી. આ ગામ પ્રયાગરાજ બોર્ડર પર આવેલું છે. અહીંથી મનૌરી ખાતેનું એરફોર્સ સ્ટેશન દોઢ કિલોમીટર દૂર છે. દુર્ઘટના સમયે ફેક્ટરીમાં 25 મજૂરો કામ કરી રહ્યા હતા. આસપાસના ઘરોના કેટલાક લોકો પણ ઘાયલ થયા છે. ધડાકાનો અવાજ 2 કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. થોડી જ વારમાં ધુમાડાનો ગોટેગોટા ચારેય તરફ છવાઈ ગયો. વિસ્ફોટ બાદ ફટાકડાના કારણે સતત ધડાકા થતા રહ્યા. આ દુર્ઘટનાના વીડિયો પણ સામે આવ્યા છે. તેમાં ગ્રામજનો દાઝી ગયેલા લોકોને ખાટલા પર લઈને દોડતા જોવા મળી રહ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે આગ સંપૂર્ણપણે ઓલવાઈ ગયા પછી જ સ્થિતિ સ્પષ્ટ થઈ શકશે.

નજરેજોનારે મુનીશ કુમાર પાંડેએ જણાવ્યું- લગભગ 12:30 વાગ્યે વિસ્ફોટો શરૂ થયા. ગોદામમાં લગભગ બે ડઝન લોકો હાજર હતા. અત્યાર સુધીમાં 7 લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. આશંકા છે કે ઓછામાં ઓછા 18-20 લોકોના મોત થયા છે. વિસ્ફોટો એટલા જોરદાર હતા કે ગોદામથી 50 મીટરના દાયરામાં જેટલા પણ મકાનો હતા, તે પડી ગયા છે.

# દિલ્હીમાં ફરી નિર્ભયાકાંડ જેવી ઘટના, સ્લીપર બસમાં ગેંગરેપ

## 47 કિમી સુધી રસ્તા પર દોડતી રહી બસ, 11મા ધોરણની વિદ્યાર્થિની પર રેપ, ડ્રાઈવર- કંડક્ટરની ધરપકડ

**નવી દિલ્હી, તા.31**

દિલ્હીમાં 16 વર્ષની સગીરા સાથે સ્લીપર બસમાં ગેંગરેપનો મામલો સામે આવ્યો છે. આ ઘટના 4 ઓગસ્ટની છે, પોલીસે સોમવારે તેની જાણકારી આપી. પીડિતા ઉત્તર પ્રદેશના મૈનપુરી જિલ્લાની રહેવાસી છે અને 11મા ધોરણમાં ભણે છે.

દિલ્હી પોલીસ અનુસાર, આ મામલામાં બસ ડ્રાઈવર કુલદીપ અને કંડક્ટર સંદીપને તિમારપુરથી ધરપકડ કરવામાં આવી છે. બસને ફોરેન્સિક તપાસ માટે જપ્ત કરવામાં આવી છે. આરોપીઓએ કથિત રીતે છોકરીને પરી ચોકથી બસમાં બેસાડી, પછી રેપ કર્યો અને બાદમાં કાશ્મીરી ગેટ પાસે છોડી દીધી.

પોલીસ સૂત્રો અનુસાર, વિદ્યાર્થિની પરિવારજનોથી નારાજ થઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી અને નોઈડામાં રહેતા તેના પિતરાઈ ભાઈ પાસે જઈ રહી હતી. ભારે વરસાદ અને અંધારાને કારણે વિદ્યાર્થિની ભૂલથી ગ્રેટર નોઈડાના પરી ચોક પર ઉતરી ગઈ. આ દરમિયાન એક ખાલી સ્લીપર બસ ત્યાંથી પસાર થઈ. વિદ્યાર્થિનીએ બસને રોકવાનો ઈશારો કર્યો, જેના પછી બસ ઉભી રહી ગઈ. ડ્રાઈવર અને કંડક્ટરે તેને જણાવ્યું કે બસ નોઈડા સેક્ટર 63 તરફ જઈ રહી છે અને તેને બસમાં બેસાડી દીધી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બસ થોડે દૂર ગયા બાદ કંડક્ટરે વિદ્યાર્થિની સાથે અશ્લીલ કૃત્ય કર્યું હતું. જ્યારે વિદ્યાર્થિનીએ તેનો વિરોધ કર્યો, ત્યારે તેણે તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપ છે કે ત્યારબાદ ડ્રાઈવર અને કંડક્ટરે મળીને વિદ્યાર્થિની પર ગેંગરેપ કર્યો હતો. આ દરમિયાન 47 કિમી સુધી બસ રસ્તા પર દોડતી રહી હતી.



પરી ચોકથી લઈને કાશ્મીરી ગેટ સુધીની મુસાફરી 47 કિલોમીટરની છે. આ આખી મુસાફરી દરમિયાન વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું અને કાશ્મીરી ગેટ પર તેને છોડીને ડ્રાઈવર-કંડક્ટર ફરાર થઈ ગયા.

સ્લીપર બસના પડદા બંધ હોવાથી અંદર શું થઈ રહ્યું છે તેની કોઈને જાણ થઈ શકી ન હતી. પોલીસે તિમારપુર બસ પાર્કિંગ વિસ્તારમાંથી બંને આરોપીઓની ધરપકડ કરી છે અને સ્લીપર બસને જપ્ત કરીને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપી છે.

ઘટના બાદ આરોપી વિદ્યાર્થીનીને કાશ્મીરી ગેટ બસ સ્ટેન્ડ પાસે રિંગ રોડ પર ઉતારીને ત્યાંથી તરત જ ફરાર થઈ ગયા. પોલીસે બસ ડ્રાઈવર કુલદીપ અને કંડક્ટર સંદીપની ધરપકડ કરી છે અને મામલાની તપાસ કરી રહી છે.

પોલીસે બંને આરોપીઓની તિમારપુરના એક બસ પાર્કિંગમાંથી ધરપકડ કરી. પોલીસે ઘટનામાં ઉપયોગમાં લેવાયેલી સ્લીપર બસ પણ જપ્ત કરી લીધી છે. બસની ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસ સૂત્રો અનુસાર, ઘટનાના દિવસે બસ બગડ્યા પછી આરોપીઓ તેને રિપેર કરવા માટે સુરજપુરની એક વર્કશોપમાં લઈ ગયા હતા. રિપેરિંગ પૂરું થયા પછી ડ્રાઈવર અને કંડક્ટર ખાલી બસને તિમારપુર લઈ જઈ રહ્યા હતા, ત્યારે પરી ચોક પર તેમની મુલાકાત વિદ્યાર્થીની સાથે થઈ.

પોલીસે જણાવ્યું કે બંનેએ બસના પડદાવાળા અંદરના ભાગનો ઉપયોગ મોડી રાત્રિની મુસાફરી દરમિયાન ગુનાને છુપાવવા માટે કર્યો. જેથી બહારથી પસાર થઈ રહેલા લોકો અંદર જોઈ શકે નહીં.

16 ડિસેમ્બર 2012ની રાત્રે દિલ્હીમાં 23 વર્ષની યુવતી સાથે ચાલતી બસમાં ગેંગરેપ કરવામાં આવ્યો હતો. તેના પ્રાઈવેટ પાર્ટમાં સળિયો નાખવામાં આવ્યો હતો. ગંભીર ઈજાઓને કારણે યુવતીને સિંગાપોર રિફર કરવામાં આવી હતી, જ્યાં 29 ડિસેમ્બરે હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું. આ મામલે દિલ્હી સહિત સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. મીડિયામાં તેને નિર્ભયા કેસ નામ આપવામાં આવ્યું હતું.

આ કેસમાં 6 લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. એક આરોપી સગીર હતો, એક આરોપીએ જેલમાં આત્મહત્યા કરી લીધી હતી. ચાર દોષિતો મુકેશ સિંહ, પવન ગુપ્તા, વિનય શર્મા અને અક્ષય કુમાર સિંહને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. ચારેયને 20 માર્ચ 2020ના રોજ દિલ્હીની તિહાર જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

### ભાયલી ગેંગરેપ કેસમાં કોર્ટનો મોટો ચુકાદો

# તમામ દોષિતોને આજીવન કેદની સજા, છેલ્લા શ્વાસ સુધી રહેશે જેલમાં

#### કોર્ટે પીડિતાને 10 લાખનું વળતર પણ આપવાનો આદેશ આપ્યો છે : અત્રે જણાવવાનું કે 2024માં નવરાત્રીના બીજા નોરતે આ ઘટના ઘટી હતી

**વડોદરા, તા.31**

વડોદરાના ચકચારી ભાયલી ગેંગરેપ કેસમાં આજે વડોદરાની પોક્સો કોર્ટે જે ૫ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા તેમને સજા સંભળાવી. કોર્ટે તમામ પાંચેય આરોપીઓને છેલ્લા શ્વાસ સુધી જેલમાં રહેવાની સજા ફટકારી છે. આ ઉપરાંત પીડિતાને ૧૦ લાખનું વળતર પણ આપવાનો આદેશ આપ્યો છે. અત્રે જણાવવાનું કે ૨૦૨૪માં નવરાત્રીમાં આ ઘટના ઘટી હતી.

૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ નવરાત્રીના બીજા નોરતે આ ઘટના ઘટી હતી. જેમાં ભાયલી-બીલ રોડ નજીક અવાવરું સ્થળે ગરબા રમવા ગયેલી સગીરા અને તેનો મિત્ર બેઠા હતા. ત્યારે બાઈક પર આવેલા આ શખ્સોએ બોલાચાલી બાદ સગીરા સાથે અડપલાં કરવાના શરૂ કર્યા અને દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી પાંચેય આરોપીની ધરપકડ કરી હતી. માત્ર ૧૭ દિવસમાં ૬ હજારથી વધુ પાનાની ચાર્જશીટ રજૂ કરાઈ હતી. આ કેસમાં મુન્ના, શાહરુખ, મુમતાઝ, અજમલ અને સૈફઅલી બનજારા દોષિત ઠર્યા હતા.



સરકારી વકીલ અનિલ દેસાઈએ જણાવ્યું કે દોષિતોને કેટલી સજા કરવી એ અંગે આજે નામદાર કોર્ટમાં દલીલો થઈ હતી. કાયદાની જોગવાઈ મુજબ અને ગુનાની કલમો હેટળ જે મહત્તમ સજાની જોગવાઈ છે એ પ્રમાણે તેમને છેલ્લા શ્વાસ સુધીની સજા થાય. કોર્ટને ફાંસીની સજા યોગ્ય ન લાગે તેવા સંજોગોમાં આરોપીઓને આજીવન કેદ (છેલ્લા શ્વાસ સુધીની સજા એ મહત્તમ સજા) થાય.

૨૦૨૪ નવરાત્રીના બીજા નોરતે સગીરા પર દુષ્કર્મની ઘટના બની હતી. સગીર પીડિતા પોતાના મિત્રને રાત્રે ૧૧.૩૦ વાગે મળી હતી. સગીરા મિત્રની સ્કૂટી પર બેસી ભાયલી ગઈ હતી. રાત્રે ૧૨ વાગે બે બાઈક પર સવાર ૫ લોકોએ તેમને જોયા હતા. તે સમયે પીડિતા અને તેના મિત્ર સાથે માથાકૂટ કરી હતી. આ દરમિયાન ૫ માંથી ૨ વ્યક્તિ નીકળી ગયા હતા. પરંતુ ૨ યુવકોએ પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું. ૧ યુવકે પીડીતાના મિત્રને પકડી રાખ્યો હતો. આ કેસ પોલીસ માટે મોટો પડકાર બની રહ્યો હતો કારણ કે જ્યાં ઘટના ઘટી હતી તે નિર્જન સ્થળ હતું અને ત્યાં સીસીટીવી કેમેરાઓ પણ નહતા. ત્યારે આરોપીઓને ઓળખવા કઈ રીતે? ત્યારબાદ પોલીસે ટેક્નિકલ સર્વેલાન્સ અને સીટીટીવી તરફ તપાસની દિશા ફેરવી. ઘટનાસ્થળેથી આરોપીઓના સંભવિત માર્ગો સુધીના સીસીટીવી ફેટેજ ફંફોળવાના શરૂ થયા હતા. ૧૧૦૦થી વધુ સીસીટીવી અને આશરે ૪૫ કિમીના રૂટને ચકાસવામાં આવ્યા હતા. ગણતરીના કલાકોમાં ૩ આરોપીઓ ઝડપાયા હતા.

દોષિતો... ૧. મુન્ના અબ્બાસ બનજારા, ૨. મુમતાઝ ઉર્ફે આફતાબ બનજારા, ૩. શાહરૂખ બનજારા, ૪. સૈફઅલી બનજારા, ૫. અજમલ સત્તાર, પાંચેય મૂળ ઉત્તર પ્રદેશના હોવાનું અને વર્ષોથી વડોદરામાં રહેતા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. તેઓ તાંદલજા વિસ્તારમાં રહેતા હતા અને મજૂરી તથા પીઓપી કલર કામ કરતા હતા. આરોપીની ભૂમિકાની વાત કરીએ તો મુન્ના અબ્બાસ બનજારા, મુમતાઝ ઉર્ફે આફતાબ બનજારા, શાહરૂખ બનજારાએ દુષ્કર્મ આચર્યું હતું જ્યારે સૈફઅલી બનજારા અને અજમલ સત્તારએ મદદ કરી હતી. પીડિતાને બચાવવાના બદલે સ્થળ પરથી ભાગી ગયા હતા બંને આરોપીઓ. પાંચેય આરોપીએ સૌ પ્રથમ પીડિતા અને તેના મિત્રને આંતર્યા હતા. પીડિતાના પુરુષ મિત્રને માર માર્યો, ત્યારબાદ પીડિતા ઉપર એકબાદ એક ત્રણ આરોપીઓએ દુષ્કર્મ આચર્યું. બાદમાં પીડિતાનો ફોન ચોરી કરી તમામ ફરાર થઈ ગયા હતા.

# કિર્ગિસ્તાનમાં પુતિન-મોદીની મુલાકાત, બંને નેતાઓ ગળે મળ્યા

#### વડાપ્રધાન SCO સમિટ માટે પહોંચ્યા છે, ઈરાન, કિર્ગિસ્તાન અને આર્મેનિયાના રાષ્ટ્રાધ્યક્ષો સાથે પણ મુલાકાત

**બિશ્કેક, તા.31**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કિર્ગિસ્તાનના બિશ્કેકમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી. બંને વચ્ચે દ્વિપક્ષીય બેઠક શરૂ થઈ ગઈ છે. આ પહેલા તેમણે ઈરાન, કિર્ગિસ્તાન અને આર્મેનિયાના રાષ્ટ્રાધ્યક્ષો સાથે દ્વિપક્ષીય મુલાકાત કરી. તેઓ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાનને પણ મળ્યા. પશ્ચિમ એશિયામાં યુદ્ધ શરૂ થયા પછી બંને નેતાઓની આ પ્રથમ મુલાકાત છે. આ સમિટની થીમ 'શાંતિ, વિકાસ અને સમૃદ્ધિ માટે સાથે મળીને આગળ વધવું' છે, જેમાં ભારત, ચીન, રશિયા, પાકિસ્તાન, ઈરાન સહિત 10 સભ્ય દેશોના નેતાઓ ભાગ લેશે.

મોદીએ કહ્યું- 'ગયા વર્ષે તમારી ભારત યાત્રા ખૂબ સફળ અને ખરેખર યાદગાર રહી હતી. અમારા માટે આ ખૂબ સંતોષની વાત છે કે આપણો સહયોગ નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે અને અમે બંને દેશોના લોકોની ભલાઈ માટે સાથે મળીને કામ કરી રહ્યા છીએ. રાષ્ટ્રીય હિતને સૌથી ઉપર રાખવું એ અમારો સહિયારો દૃષ્ટિકોણ રહ્યો છે અને ભવિષ્યમાં પણ આ જ અમારો માર્ગદર્શક સિદ્ધાંત બની રહેશે.'

મીટિંગ પછી પુતિને કહ્યું- હું ખુશી સાથે કહેવા માંગીશ કે રશિયા અને ભારતના સંબંધો એક ખાસ અને વિશેષાધિકાર પ્રાપ્ત ભાગીદારીના સિદ્ધાંતોના આધારે સતત મજબૂત થઈ રહ્યા છે. માનનીય પ્રધાનમંત્રીજી, રશિયા-ભારત સંબંધો પર તમારા વિશેષ ધ્યાન અને આપણા વચ્ચે બનેલા વ્યાપારિક અને મૈત્રીપૂર્ણ સંબંધોથી તેમાં મદદ મળી છે. આ માટે હું તમારો ખૂબ આભારી છું.

પુતિન અને મોદી વચ્ચે દ્વિપક્ષીય બેઠક શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન પીએમ મોદીએ પુતિનને કહ્યું કે તેઓ યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાના પક્ષમાં છે, કારણ કે યુદ્ધનો દરેક દિવસ માનવતાને પાછળ ધકેલી રહ્યો છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિને બિશ્કેક SCO સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરી. આ દરમિયાન તેમણે વિઝા વિનાની યાત્રાનો પ્રસ્તાવ મૂક્યો. PM મોદી અને આર્મેનિયાના વડાપ્રધાન નિકોલ પશિન્યાને બિશ્કેકમાં મુલાકાત કરી. પીએમ પશિન્યાન ફરીથી વડાપ્રધાન બન્યા પછી આ તેમની અને પીએમ મોદીની પ્રથમ મુલાકાત હતી.




# ગુજરાતમાં 3 વર્ષમાં 3707 કરોડના સાયબર ફ્રોડ, લોકોને માંડ 97 કરોડ જ પાછા મળ્યા, 3% થી પણ ઓછી રકમ રિકવર

**અમદાવાદ, તા.31**



સાયબર ક્રાઈમ ઉપર અંકુશ મેળવવા માટે નવા-નવા આયોજનો થઈ રહ્યાં છે. આ દરમિયાન ઠગાઈનો ભોગ બનેલાં લોકોને મોટી નુકસાની ભોગવવાનો વખત આવ્યો છે. વર્ષ 2023-24થી 2025-26 સુધીના ત્રણ વર્ષ દરમિયાન ગુજરાતમાંથી 3707 કરોડ રૂપિયાની સાયબર ઠગાઈ થઈ છે. તેમાંથી માંડ 97 કરોડ રૂપિયા જ લોકોને પાછા મળ્યાં છે. નેટ બેન્કિંગ અને કાર્ડસથી છેતરપિંડીના ગુનામાં ત્રણ ટકાથી ઓછી રકમની રિકવરી થવા પામી છે.

રિઝર્વ બેન્ક દ્વારા જાહેર કરાયેલા ડેટા મુજબ, ગુજરાતમાં ત્રણ વર્ષ દરમિયાન સાયબર ઠગાઈના ગુના ઘટ્યા છે. પરંતુ લોકોએ ગુમાવેલી રકમ અઢીગણી વધી છે. આ ત્રણ વર્ષ દરમિયાન બેન્કોનો રિકવરી રેટ એક ટકાથી ઓછો હતો. 3.43 ટકા પહોંચ્યો છે, જે માત્ર 3.43 ટકા એટલે કે માત્ર 2.50 ટકા સુધર્યો છે. આવનારાં દિવસોમાં બેન્કો દ્વારા પૈસાની ગેરકાયદે હેરાફેરી અટકાવવા મ્યુલ એકાઉન્ટ્સ એ.આઈ.નો ઉપયોગ કરીને સ્થગિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. સરવાળે, સાયબર ક્રાઈમની ગુનાખોરીમાં પ્રજાજનોએ ગુમાવવાનો જ વખત આવે છે.

છેતરપિંડીથી લોકોએ ગુમાવેલી રકમમાં વિતેલા ત્રણ વર્ષમાં સતત વધારો નોંધાયો છે. વર્ષ 2023-24માં લોકોએ 986 કરોડ રૂપિયા ગુમાવ્યા હતા. તેમાં 30 ટકાના ધરખમ વધારા સાથે લોકોએ વર્ષ 2024-25માં 1286 કરોડ રૂપિયા ગુમાવ્યા હતા. 11 ટકાના વધારા સાથે વર્ષ 2025-26માં આ આંકડો 1435 કરોડ રૂપિયા પહોંચ્યો છે. આમ, વિતેલા ત્રણ વર્ષમાં ગુજરાતમાં બેન્ક ફ્રોડ, સાયબર ફ્રોડથી લોકોએ 3707 કરોડ રૂપિયા ગુમાવ્યા છે તેની સામે લોકોને માંડ 97 કરોડ જ પાછા મળ્યાં છે.

લોકોની સમસ્યા હળવી કરવા માટે ગુજરાત પોલીસે સાયબર ઠગાઈના પૈસા જે બેન્ક ખાતામાં જમા થતાં હોય છે તેને જ ફ્રીઝ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. આવા ત્રણ લાખ જેટલા એકાઉન્ટ્સ ફ્રીઝ બેન્ક સાથે સંકલન સાધીને સાયબર પોલીસ દ્વારા કરવામાં આવ્યાં છે. પરંતુ, કડવી વાસ્તવિકતા એ છે કે ઈ-ચિટર્સ કાયદાની આંટીઘૂંટી જાણતા હોવાથી કોઈને કોઈ પેંતરાબાજી કરીને સાયબર ક્રાઈમ કરી જ રહ્યાં છે અને લોકો પૈસા ગુમાવી તે પરત મેળવવા માટે દોડધામ કરતાં રહે છે. ગુનેગારો બે ડગલાં આગળ રહે છે તે કહેવત સાચી ઠરતી જણાતી હોવા છતાં સાયબર ક્રાઈમના કિસ્સાઓમાં પોલીસ અને બેન્કોની કાર્યપદ્ધતિ સુધારીને પ્રજાલક્ષી બનાવાઈ રહી છે. જો કે, સાયબર ક્રાઈમના ગુના જ ન બને અથવા તો ઘટે તે દિશામાં કાર્યવાહી કરવા જનજાગૃતિ કેળવવા માટે હજુ પોલીસ અને બેન્કોના પ્રયાસો અપૂરતાં જણાતાં લોકો છેતરાતાં રહે છે.

છેલ્લા બે વર્ષ દરમિયાન ગુજરાત પોલીસે કરેલા બદલાવ મુજબ 10 લાખની વધુની ઠગાઈ હોય તો સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાય છે. 10 લાખથી ઓછી રકમની ઠગાઈ હોય તો રાજ્યના સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં ગુના નોંધવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ સંજોગોમાં સાયબર ક્રાઈમના ગુના અને તેમાં ગયેલી રકમનો આંકડો ખરેખર કેટલો? તે સવાલ છે.

ઓનલાઈન ચીટિંગ અંગે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ થાય પછી પૈસા પરત મળે તો તે પરત કરવાની અલગ અલગ પદ્ધતિઓ છે. જો શરૂઆતના કલાકોમાં ફરિયાદ થાય અને સાયબર ક્રાઈમ પોલીસ અને બેન્ક આ પૈસા બ્લોક કરી આગળ વધતાં અટકાવી શકે તો પણ તમારા ખાતામાં પરત મોકલવા માટે સાયબર ક્રાઈમ પોલીસ બેન્કના લેખિત જાણ કરે તે પછી જ કાર્યવાહી થાય છે. જો પોલીસ ફરિયાદને લાંબો સમય વિતી ગયો હોય પછી પૈસા પરત આવે તો કોર્ટમાં અરજી કરવી પડે, પોલીસ તપાસનો અહેવાલ આવે તે પછી કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવે તે પછી બેન્ક દ્વારા પૈસા પરત કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

પોલીસ અધિકારી સૂત્રો કહે છે કે, જો સાયબર છેતરપિંડી થાય તેની એક કલાકમાં ગોલ્ડન અવર હોય છે અને આ સમયગાળા દરમિયાન સાયબર ક્રાઈમ બ્રાન્ચ હેલ્પલાઈનનો સંપર્ક કરવામાં આવે તો પૈસા સરળતાથી પરત મળવાના ચાન્સ વધી જાય છે. નવી વ્યવસ્થા મુજબ, મોટી રકમ હોય તો ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં હવે બેન્કો એક કલાકનો સમય વિતાવે છે. આ દરમિયાન જ સાયબર ક્રાઈમ થયાની જાણ થાય અને તરત જ બેન્ક, પોલીસનો સંપર્ક કરવામાં આવે તો રકમ ટ્રાન્સફર કરવામાં આવતી નથી અને બચી જાય છે. એક વખત પૈસા તમારા બેન્ક ખાતામાંથી નીકળી જાય તે પછી તેને પરત મેળવવા પ્રોસિજર પૂર્ણ કરવી પડે છે.

# 1.50 લાખની સામે 25 લાખની વસૂલી છતાં 10% લેખે ઉઘરાણી કરી, અમદાવાદના રાણીપમાં વ્યાજખોરનો આતંક

**અમદાવાદ, તા.31**



શહેરના રાણીપમાં વિસ્તારમાં રહેતા યુવકે બે વર્ષ પહેલા બે ભાઈઓ પાસેથી ધંધો કરવા માટે દોઢ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. આ રકમની સામે યુવકે અલગ અલગ સમયે વ્યાજ સહિત આશરે 25 લાખની રકમ ચુકવી દીધી હતી. તેમ છતાંય, બંને ભાઈઓએ યુવક પાસે 10 ટકા વ્યાજની માંગણી કરીને ધમકી આપીને બે કોરા ચેક લઈ લીધા હતા. આ અંગે રાણીપ પોલીસે મની લોન્ડરિંગ એક્ટનો ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.

રાણીપ સાબરમતી સેન્ટ્રલ જેલ ક્વાર્ટર્સમાં રહેતા અભય પરમાર નામના યુવકને ધંધો કરવાનો હોવાથી તેના પિતા સાથે જેલ સ્ટાફમાં નોકરી કરતા મગનભાઈ દેસાઈના પુત્ર વિક્રમ દેસાઈ અને જયેશ દેસાઈ (બંને રહે. સનવીલા એપાર્ટમેન્ટ, સેટેલાઈટ) પાસેથી ત્રણ ટકા વ્યાજે દોઢ લાખ રૂપિયા લીધા હતા.

શરૂઆતના મહિનાઓમાં પહેલા બાર લાખ રૂપિયા જેટલા અભયે ચુકવી દીધા હતા. તેમ છતાંય, નાણાં બાકી હોવાનું કહીને હવેથી 10 ટકા વ્યાજની માંગણી કરીને ફરીથી બીજા પાંચ લાખ રૂપિયા પડાવી લીધા હતા. ત્યારબાદ અન્ય લોકો પાસેથી પણ નાણાં લઈને કુલ 25 લાખ રૂપિયા સુધીની ચુકવણી કરી હતી. તે પછી પણ નાણાંની ઉઘરાણી ચાલુ રાખીને ધમકી આપીને કોરા ચેક લખાવી લીધા હતા.

સૌથી ચોંકાવનારી બાબત એવી પણ સામે આવી છે કે વિક્રમે અભયને કહ્યું હતું કે તું ઓનલાઈન ગેમિંગ રમજે અને તારા ખાતામાં પૈસા જમા કરાવીશું. જે પૈસા એકાઉન્ટમાં નાખતો અને અભય ગેમ રમીને કમાઈ આપતો હતો. જેના કારણે તેના ખાતામાં વધારે લેવડ દેવડ થતા બેંક એકાઉન્ટ પણ ફ્રીઝ થઈ ગયું હતું. આમ, યુવક નવી નાણાંકીય મુસીબતમાં ફસાયો હતો. રાણીપ સાબરમતી સેન્ટ્રલ જેલ ક્વાર્ટર્સમાં રહેતા અભય પરમાર નામના યુવકને ધંધો કરવાનો હોવાથી તેના પિતા સાથે જેલ સ્ટાફમાં નોકરી કરતા મગનભાઈ દેસાઈના પુત્ર વિક્રમ દેસાઈ અને જયેશ દેસાઈ (બંને રહે. સનવીલા એપાર્ટમેન્ટ, સેટેલાઈટ) પાસેથી ત્રણ ટકા વ્યાજે દોઢ લાખ રૂપિયા લીધા હતા.

શરૂઆતના મહિનાઓમાં પહેલા બાર લાખ રૂપિયા જેટલા અભયે ચુકવી દીધા હતા. તેમ છતાંય, નાણાં બાકી હોવાનું કહીને હવેથી 10 ટકા વ્યાજની માંગણી કરીને ફરીથી બીજા પાંચ લાખ રૂપિયા પડાવી લીધા હતા. ત્યારબાદ અન્ય લોકો પાસેથી પણ નાણાં લઈને કુલ 25 લાખ રૂપિયા સુધીની ચુકવણી કરી હતી. તે પછી પણ નાણાંની ઉઘરાણી ચાલુ રાખીને ધમકી આપીને કોરા ચેક લખાવી લીધા હતા. તેમ છતાંય, બંને ભાઈઓએ યુવક પાસે 10 ટકા વ્યાજની માંગણી કરીને ધમકી આપીને બે કોરા ચેક લઈ લીધા હતા. આ અંગે રાણીપ પોલીસે મની લોન્ડરિંગ એક્ટનો ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.

# અમદાવાદમાં યુવાનોને ડ્રગ્સના રવાડે ચઢાવવાનું કારસ્તાન, વટવામાં ગાંજો વેચતો માફીયા પકડાયો

**અમદાવાદ, તા.31**



અમદાવાદમાં યુવાનોને નશાના રવાડે ચઢાવવા માટે ડ્રગ્સ માફિયા દ્વારા જાહેરમાં નશાલા પદાર્થ વેચવાનું વ્યવસ્થિત કારસ્તાન ચાલી રહ્યું છે. પોલીસે વટવામાંથી જાહેરમાં ગાંજો વેચતા યુવકને 66 હજાર રૂપિયાની કિંમતના 215 ગ્રામ ગાંજો તથા 18 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ પકડી પાડ્યું છે. જેમાં આરોપી 100 રૂપિયામાં ગાંજાની પકડીઓ વેચતો હતો જેને લેવા માટે લાઈન લાગતી હતી. જેની તેને 500 રૂપિયા મજૂરી મળતી હતી. પોલીસે ત્રણ લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ક્રાઈમ બ્રાંચને વોટ્સએપ પર ફોન આવ્યો હતો કે વટવામાં એક રિક્ષામાં એમ.ડી.ડ્રગ્સ છે જેને લઈને પોલીસે વટવા ગામ પાસે જૈન તીર્થ માર્ગ નવા પુરા ખાતે તપાસ કરતાં આકાશ ચૂનારાની રિક્ષામાંથી કપડામાં વિંટાળેલુ પકડું મળ્યું હતું. જેમાં 16 હજાર રૂપિયાની કિંમતનું 18 ગ્રામ 66 મીલી મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. જો કે, કોઈક વ્યક્તિ રિક્ષા ચાલકને ફસાવવા માટે પડીકી મૂકી ગયો હતો. પોલીસે એમ.ડી. ડ્રગ્સ કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે.

બીજી ઘટનામાં વટવા પોલીસે ચોક્કસ બાતમી આધારે વટવા ગ્રીન ચોક પાસે ખુલ્લા મેદાન પાસે લોખંડના શટર વાળી દુકાનના ઓટલા ઉપર બેસીને ગાંજો વેચતા શખ્સને રંગેહાથ પકડી પાડ્યો હતો. પોલીસ તપાસમાં વટવા સૈયદવાડી ખાતે રહેતા મોહંમદ ફૈઝાન શેખ પાસેથી પોલીસે વનસ્પિત જન્ય 215 ગ્રામ ગાંજો કબજે કર્યો હતો.

પોલીસ તપાસમાં આ ગાંજો વેચવા માટે તેને 500 રૂપિયા આપવામાં આવતા હતા. જ્યારે તે ગાંજાના એક પકડી 100 રૂપિયામાં વેચતો હતો ગાંજો વેચવા આપનારા આામનખાન તથા મોહસીન સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે વટવામાંથી જાહેરમાં ગાંજો વેચતા યુવકને 66 હજાર રૂપિયાની કિંમતના 215 ગ્રામ ગાંજો તથા 18 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ પકડી પાડ્યું છે. જેમાં આરોપી 100 રૂપિયામાં ગાંજાની પકડીઓ વેચતો હતો જેને લેવા માટે લાઈન લાગતી હતી. જેની તેને 500 રૂપિયા મજૂરી મળતી હતી. પોલીસે ત્રણ લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ક્રાઈમ બ્રાંચને વોટ્સએપ પર ફોન આવ્યો હતો કે વટવામાં એક રિક્ષામાં એમ.ડી.ડ્રગ્સ છે જેને લઈને પોલીસે વટવા ગામ પાસે જૈન તીર્થ માર્ગ નવા પુરા ખાતે તપાસ કરતાં આકાશ ચૂનારાની રિક્ષામાંથી કપડામાં વિંટાળેલુ પકડું મળ્યું હતું. જેમાં 16 હજાર રૂપિયાની કિંમતનું 18 ગ્રામ 66 મીલી મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. જો કે, કોઈક વ્યક્તિ રિક્ષા ચાલકને ફસાવવા માટે પડીકી મૂકી ગયો હતો. પોલીસે એમ.ડી.ડ્રગ્સ કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં વટવા સૈયદવાડી ખાતે રહેતા મોહંમદ ફૈઝાન શેખ પાસેથી પોલીસે વનસ્પિત જન્ય 215 ગ્રામ ગાંજો કબજે કર્યો હતો.

# બ્લિન્કિટના નાણાં રિફંડ આપવાનું કહી એપીકે ફાઇલ મોકલી નર્સ સાથે ઠગાઇ

**અમદાવાદ, તા.31**




સાયબર ગઠિયાઓએ નાણાં પડાવવા માટે વિવિધ મોડ્સ ઓપરેન્ડી દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં છ જેટલી વ્યક્તિઓ સાથે છેતરપિંડી આચરી હોવાની અલગ અલગ ફરિયાદ નોંધાઈ છે. જેમાં વસ્ત્રાપુરમાં એક મહિલાને બ્લિન્કિટમાંથી રીફંડ અપાવવાનું, થલતેજમાં ક્રિકેટ ગ્રાઉન્ડનું ભાડુ આપવાનું કહી તેમજ આંબાવાડી વિસ્તારમાં અદાણી ગેસનું બીલ બાકી હોવાનું કહીને એપીકે ફાઈલ મોકલીને બેંકમાંથી નાણાં ટ્રાન્સફર કરી લીધા હતા.રાણીપમાં ડોક્ટરને ગેમમાં પોઈન્ટ આપવાના નામે આઈડી-ઈમેઈલ બદલી નખાયા: થલતેજમાં ક્રિકેટ ગ્રાઉન્ડનું ભાડુ ચુકવવાનું કહીને નાણાં પડાવાયા.

થલતેજમાં આવેલા હરીદ્વાર બંગ્લોઝમાં રહેતા ચાંદનીબેન પટેલના પિતા હેબતપુરમાં ગ્રાઉન્ડ ક્રિકેટ રમવા માટે ભાડે આપે છે. થોડા દિવસ પહેલા એક અજાણ્યા નંબરથી કોલ આવ્યો હતો કે તેમના પિતાએ તમારા બેંક એકાઉન્ટમાંથી ભાડુ આપવાનું કહ્યું છે. જેના નાણાં 10 હજાર ટ્રાન્સફર કર્યા છે. જેનો મેસેજ જોઈને ચાંદનીબેનને વિશ્વાસ આવ્યો હતો. થોડા સમય બાદ તે વ્યક્તિએ અજાણ્યા નંબરથી કોલ કર્યો હતો અને કહ્યું હતું તેના ભાઈને હોસ્પિટલમાં નાણાં ટ્રાન્સફર કરવાના છે. પરંતુ, તેના એકાઉન્ટમાંથી થતા નથી. હું તમને 90 હજાર મોકલું છું. જેના મેસેજ જોઈને વિશ્વાસ કરીને ચાંદનીબેને કુલ ૫૫ હજાર ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં પેમેન્ટ ન થયુ નહોતું અને કોલ કરનારે ફોન કટ કરી દીધો હતો. તપાસ કરતા ખ્યાલ આવ્યો હતો કે કોઈએ ગુગલ પેના ખોટા મેસેજ મોકલીને છેતરપિંડી આચરી હતી. આંબાવાડીમાં આવેલા પુષ્કર-7 એપાર્ટમેન્ટમાં રહેતા મયુરભાઈ શાહને અદાણીના નામનો મેસેજ આવ્યો હતો કે બીલ અપડેટ થયુ ન હોવાથી રાતના સાડા નવ વાગે ગેસ કનેક્શન બંધ થઈ જશે. મયુરભાઈએ જે નંબરથી મેસેજ આવ્યો હતો ત્યા ફોન કરતા કોલ રીસીવ કરનારે બીલ પેમેન્ટ માટેની લીંક મોકલવાનું કહીને ડેબીટ કાર્ડની વિગતો જાણીને ગઠિયાએ 1.63 લાખની રકમની ઉચાપત કરી હતી.

રાણીપમાં આવેલી જે વી પાર્ક સોસાયટીમાં રહેતા ડૉ. જીગ્નેશ નાયકે ફરિયાદ નોંધાવી છે કે તે મોબાઈલ ફોન પર બીજીએમઆઈ નામની ગેમ રમતા હતા. થોડા દિવસ પહેલા તેમને એક અજાણ્યા મોબાઈલ નંબરથી કોલ આવ્યો હતો અને ફોન કરનારે જણાવ્યું હતું કે જીગ્નેશભાઈ સારી રીતે ગેમ રમે છે. તમારૂ આઈડી સારૂ છે. જેમાં તમને પોઈન્ટ આપીશ. આ માટે તમારે સ્ક્રીન શેર કરવી પડશે. જેથી વિશ્વાસ કરીને સ્ક્રીન શેર કર્યો હતો. ત્યારબાદ જીગ્નેશભાઈનો મોબાઈલ ફોન અચાનક સ્વીચ ઓફ થઈ ગયો હતો. બાદમાં ફોન ચાલુ થયો ત્યારે જોયુ તો કોઈએ ગેમની આઈડી અને પાસવર્ડ બદલી નાખ્યું હતું.

થલતેજમાં રહેતા દર્શિકાબેન મકવાણા નર્સ તરીકે નોકરી કરે છે. તેમણે બ્લીન્કીટમાં મંગાવેલી પ્રોડક્ટ ન મળતા રીફંડ મેળવવા માટે ગુગલ પર બ્લીન્કીટ હેલ્પલાઈનના નામે સર્ચ કરેલા મોબાઈલ નંબર પર કોલ કર્યો હતો. જેમાં તેમને રીફંડ આપવાના નામે એપીકે ફાઈલ મોકલીને ઓટીપી વિના જ બેંક એકાઉન્ટમાંથી 75 હજાર ઉપાડી લેવામાં આવ્યા હતા.

સેટેલાઈટ જોધપુર વિસ્તારમાં આવેલા સરગમ ફ્લેટમાં રહેતા સુરેશભાઈ ખટવાણીની બેંક વિગતની માહિતી મેળવીને આઈડી પાસવર્ડની મદદથી કોઈ વ્યક્તિએ 4.70 લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. નરોડામાં આવેલા આકાશ ગંગા બંગ્લોઝમાં રહેતા હર્ષદભાઈ પટેલે ઈન્સ્ટાગ્રામ પર રોકાણ પર વળતરની રીલ જોઈને સંપર્ક કરતા તેમને ટ્રેડીંગમાં યુએસ ડોલરમાં નફો અપાવવાનું કહીને ગઠિયાઓએ અલગ અલગ સમયે નાણાં મેળવીને કુલ 20 લાખની રકમ મેળવીને છેતરપિંડી કરી હતી. આ અંગે સાયબર ક્રાઈમ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. રાણીપમાં આવેલી જે વી પાર્ક સોસાયટીમાં રહેતા ડૉ. જીગ્નેશ નાયકે ફરિયાદ નોંધાવી છે કે તે મોબાઈલ ફોન પર બીજીએમઆઈ નામની ગેમ રમતા હતા. થોડા દિવસ પહેલા તેમને એક અજાણ્યા મોબાઈલ નંબરથી કોલ આવ્યો હતો અને ફોન કરનારે જણાવ્યું હતું કે જીગ્નેશભાઈ સારી રીતે ગેમ રમે છે. તમારૂ આઈડી સારૂ છે. જેમાં તમને પોઈન્ટ આપીશ. આ માટે તમારે સ્ક્રીન શેર કરવી પડશે. જેથી વિશ્વાસ કરીને સ્ક્રીન શેર કર્યો હતો. ત્યારબાદ જીગ્નેશભાઈનો મોબાઈલ ફોન અચાનક સ્વીચ ઓફ થઈ ગયો હતો. બાદમાં ફોન ચાલુ થયો ત્યારે જોયુ તો કોઈએ ગેમની આઈડી અને પાસવર્ડ બદલી નાખ્યું હતું. થલતેજમાં રહેતા દર્શિકાબેન મકવાણા નર્સ તરીકે નોકરી કરે છે. તેમણે બ્લીન્કીટમાં મંગાવેલી પ્રોડક્ટ ન મળતા રીફંડ મેળવવા માટે ગુગલ પર બ્લીન્કીટ હેલ્પલાઈનના નામે સર્ચ કરેલા મોબાઈલ નંબર પર કોલ કર્યો હતો.

# ગુજરાતમાં 12000 કારખાનાઓને તાળા, વાઈબ્રન્ટમાં થયેલા મોટાભાગના MOU કાગળોમાં જ દફન

**અમદાવાદ, તા.31**



ગુજરાત સરકાર જનતાની પરસેવાની કમાણીના કરોડો રૂપિયા 'વાઈબ્રન્ટ સમિટ' નામના ભવ્ય તહેવાર પાછળ આંધણ કરી રહી છે, પરંતુ તેની જમીની હકીકત શરમજનક સાબિત થઈ છે. આંકડા કહે છે કે, ઉદ્યોગો સ્થાપવાની દેશવ્યાપી રેસમાં ગુજરાત છેક 10મા ક્રમે ધકેલાઈ ગયું છે. ગુજરાત સરકાર કરોડોના રોકાણોના જે આંકડાકીય માયાવી ફુગ્ગા ઓ હવામાં છોડી રહી છે તે વાસ્તવમાં માત્ર કાગળ પરની જ માયાજાળ સાબિત થઈ છે. વાઈબ્રન્ટના નામે થયેલા એમઓયુમાંથી મોટાભાગના પ્રોજેક્ટ્સ કાગળ પર જ દફન થઈ ગયા છે. આ જોતાં વાઈબ્રન્ટ ગુજરાતના 'આભાસી વિકાસ'ની અસલિયત ખુલ્લી પડી છે.

તાજેતરમાં મુખ્યમંત્રી સહિત સરકારી બાબુઓ અમેરિકા, કેનેડાના વિદેશી પ્રવાસ પાછળ જનતાના ટેક્સના લાખો રૂપિયા વાપરી નાંખ્યા છે. જો આ જ આંધણ અને વૈભવી ખર્ચાઓ રાજ્યના નાના ઉદ્યોગો ને બચાવવા પાછળ કરવામાં આવ્યા હોત, તો આજે ગુજરાતની શાન સમાન 12 હજાર જેટલા નાના કારખાના અને ફેક્ટરીઓ મરણપથારીએ ન પડ્યા હોત. રાજ્ય સરકારની આ ઉદાસીનતાએ સ્થાનિક રોજગાર આપતા નાના વેપારીઓની કમર તોડી નાખી છે.

સરકારની નીતિઓ માત્ર ગણ્યા-ગાંઠ્યા મોટા કોર્પોરેટ ઘરાનાઓ અને વિદેશી કંપનીઓને પંપાળવા માટે જ બની હોય તેવું ચિત્ર છે. ઉદ્યોગપતિઓ માટે લાલ જાજમ પાથરતી ગુજરાત સરકાર સ્થાનિક નાના કારખાનાવાળાઓને માત્ર 'ઠેંગો' બતાવી રહી છે. નાના ઉદ્યોગો સતત આર્થિક કટોકટી અને નીતિગત અન્યાયનો ભોગ બની રહ્યા છે.

આંકડા કહી રહ્યાં છે કે, વર્ષ 2021-22થી માંડીને વર્ષ 2025-26 દરમિયાન ગુજરાતમાં 42.17 લાખ ઉદ્યોગો નોંધાયાં છે. જ્યારે મહારાષ્ટ્ર 97.19 લાખ ઉદ્યોગો સાથે દેશમાં મોખરે રહ્યું છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશ 86.42 લાખ, તામિલનાડુ 60.93 લાખ અને બંગાળ 53.63 લાખ ઉદ્યોગો સ્થાપી ગુજરાત કરતાં અગ્રેસર રહ્યાં છે.

છેલ્લા પાંચ વર્ષના સત્તાવાર આંકડાઓએ વાઈબ્રન્ટ ગુજરાતનો ઢોલ પીટનારાં શાસકોના વિકાસના દાવાઓની પોલ ખોલી દીધી છે. કડવી હકીકત એ છે કે, નવા ઉદ્યોગો શરૂ કરવામાં જે રાજ્યોને પછાત ગણાવવામાં આવતા હતા તે ગુજરાતથી ઘણાં આગળ નીકળી ગયા છે.

આ અહેવાલ સાબિત કરે છે કે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસના નામે માત્ર બ્રાન્ડિંગ અને પબ્લિસિટી સ્ટન્ટ જ ચાલી રહ્યા છે. જમીની સ્તર પર રોજગાર આપનારા નાના એકમો બંધ થઈ રહ્યા છે. જ્યારે સરકાર માત્ર આંકડાની હેરાફેરીમાં વ્યસ્ત છે. જો આની જ સ્થિતિ રહી તો ગુજરાતનું ઔદ્યોગિક મોડલ સંપૂર્ણપણે પડી ભાંગશે તે દિવસો દૂર નથી.

અમેરિકન ઈમિગ્રેશન અધિકારીઓના જણાવ્યા પ્રમાણે કેટલાક વિદેશી નાગરિકો B1 અથવા B2 વિઝા દ્વારા કાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કરે છે અને ત્યારબાદ અસાઈલમ માટે અરજી કરે છે. અસાઈલમ અરજી પેન્ડિંગ રહેતી હોવાથી કેટલાક લોકો લાંબા સમય સુધી અમેરિકામાં રહેવાનો પ્રયાસ કરે છે. ટ્રમ્પ પ્રશાસન આ પ્રકારના કેસોને ગંભીરતાથી લઈ રહ્યું છે. સરકારનું માનવું છે કે જો કોઈ વ્યક્તિ પ્રવાસ અથવા બિઝનેસ માટે આપવામાં આવેલા વિઝાનો ઉપયોગ કરીને અમેરિકામાં પ્રવેશ કર્યા બાદ ઈમિગ્રેશન સિસ્ટમનો ઉપયોગ લાંબા સમય સુધી દેશમાં રહેવા માટે કરે છે, તો આવી પ્રક્રિયા પર કડક નિયંત્રણ જરૂરી છે. આ કારણે અમેરિકી તંત્ર દ્વારા B1 અને B2 વિઝા ધરાવતા અસાઈલમ અરજદારોના રેકોર્ડની સમીક્ષા કરવામાં આવી રહી હોવાની ચર્ચા છે. જો કોઈ વ્યક્તિનો વિઝા રદ કરવામાં આવે તો તેની અમેરિકામાં કાયદેસર સ્થિતિ અને આગળની ઈમિગ્રેશન પ્રક્રિયા અંગે પણ અમેરિકામાં અસાઈલમ અરજી કરનારા વિદેશીઓ માટે આ સંભવિત કાર્યવાહી નવી અનિશ્ચિતતા ઊભી કરી શકે છે. ઘણા અરજદારોની અસાઈલમ પ્રક્રિયા લાંબા સમયથી પેન્ડિંગ હોય છે અને તેઓ પોતાના કેસના નિર્ણયની રાહ જોઈ રહ્યા હોય છે. હવે જો તેમના B1 અથવા B2 વિઝા રદ કરવામાં આવે તો તેમની ઈમિગ્રેશન સ્થિતિ વધુ જટિલ બની શકે છે. આ કાર્યવાહીનો હેતુ અમેરિકામાં અસાઈલમ સિસ્ટમનો દુરુપયોગ અટકાવવાનો હોવાનું ટ્રમ્પ પ્રશાસન તરફથી સંકેત આપવામાં આવી રહ્યો છે. સરકાર ઈચ્છે છે કે બિઝનેસ અને ટૂરિસ્ટ વિઝાનો ઉપયોગ તેના મૂળ હેતુ માટે જ થાય અને કોઈ વ્યક્તિ તેનો ઉપયોગ અમેરિકામાં લાંબા સમય સુધી રહેવા માટેના વિકલ્પ તરીકે ન કરે. સંભવિત વિઝા કાર્યવાહી અંગે અમેરિકામાં રહેતા ગુજરાતી સમુદાય તેમજ અમેરિકામાં જવાની તૈયારી કરી રહેલા લોકોની નજર હવે અમેરિકી સરકારના આગામી નિર્ણય પર છે. ખાસ કરીને જેમના પરિવારના સભ્યો B1 અથવા B2 વિઝા પર અમેરિકા ગયા છે અને ત્યારબાદ અસાઈલમ પ્રક્રિયામાં જોડાયા છે.

# શિક્ષકો ભણાવે કે મેળામાં રાઇડ્સ ચેક કરે? જન્માષ્ટમીના મેળા અંગે તંત્રના વિચિત્ર આદેશથી વિવાદ

**અમદાવાદ, તા.31**



આગામી જન્માષ્ટમીના તહેવારને લઈને રાજ્યમાં વિવિધ જિલ્લાઓ-તાલુકાઓમાં યોજાતા મેળાઓમાં રાઈટ્સ તૂટવા સહિતની કોઈ ઘટના ન બને તે માટે સરકારે મેળાઓમાં રાઇડ્સની ચકાસણીની કામગીરી સરકારી ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી કોલેજોના મિકેનિકલ-ઈલેક્ટ્રિકલ વિભાગના અધ્યાપકોની સોંપી છે. જેને લઈને અધ્યાપકોમાં નારાજગી પણ છે. કારણકે રાઈડ્સની ચકાસણીમાં રોકાયેલા શિક્ષકોને લીધે વિદ્યાર્થીઓના અભ્યાસને પણ નુકશાન થાય છે.

રાજ્યમાં આગામી જન્માષ્ટમીના લોક મેળાઓના ઈન્સપેક્શન માટે ગૃહ વિભાગ એમ્યુઝમેન્ટ પાર્ક એન્ડ રાઈડ સેફ્ટી નોટિફિકેશન 2024 મુજબ દરેક જિલ્લાના કલેક્ટરને રાઈડ ચકાસણી માટે કમિટી બનાવવાની સત્તા અપાઈ છે. જે અંતર્ગત રાજ્ય,બોર્ડ ક કોર્પોરેશનના વર્ગ-2થી નીચે ન હોય તેવા અધિકારીઓનો સમાવેશ કરાયો છે. સરકારના નોટિફિકેશન મુજબ ક્વોલિફાઈડ અને ડિગ્રી ધરાવતા ઈલેક્ટ્રિકલ, સિવિલ તેમજ મિકેનિકલ એન્જિનિયરને દ્વારા ઈન્સપેક્શન કરાવવાનું હોવાથી સરકારી ડિગ્રી-ડિપ્લોમા કૉલેજોના આ વિભાગના અધ્યાપકોને પણ કામે લગાડવામાં આવ્યા છે.

હાલ રાજ્યમાં અમરેલી, મોરબી, જૂનાગઢ, રાજકોટ સહિતના સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાની તેમજ રાજ્યના અન્ય કેટલાક જિલ્લાની સરકારી ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી કૉલેજ-પોલિટેકનિકોના ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ બ્રાંચના અધ્યાપકોને મેળાઓ-ગેમ ઝોનમાં ઈલેક્ટ્રિક સીસ્ટમ ઈન્સ્ટોલેશન ચકાસણી, રાઈડ્સનું ઈન્સ્ટોલેશન ચકાસણી સહિતની કામગીરી સોંપવામાં આવે છે. દરેક કોલેજમાં 3થી 4 અધ્યાપકોને આ માટે ઓર્ડર કરાયા છે. છેલ્લા ઘણાં દિવસોથી અધ્યાપકો આ ચકાસણી-ઈન્સપેક્શનમાં રોકાયેલા હોવાથી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય પણ બગડી રહ્યું છે. પહેલેથી સરકારી ઈજનેરી કૉલેજોમાં પૂરતો સ્ટાફ નથી, ત્યારે આ કામગીરી પણ સોંપાતા વિદ્યાર્થીઓ- વાલીઓમાં પણ રોષ છે. જે અંતર્ગત રાજ્ય,બોર્ડ ક કોર્પોરેશનના વર્ગ-2થી નીચે ન હોય તેવા અધિકારીઓનો સમાવેશ કરાયો છે. સરકારના નોટિફિકેશન મુજબ ક્વોલિફાઈડ અને ડિગ્રી ધરાવતા ઈલેક્ટ્રિકલ, સિવિલ તેમજ મિકેનિકલ એન્જિનિયરને દ્વારા ઈન્સપેક્શન કરાવવાનું હોવાથી સરકારી ડિગ્રી-ડિપ્લોમા કૉલેજોના આ વિભાગના અધ્યાપકોને પણ કામે લગાડવામાં આવ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# હોર્મુઝમાં દરિયાઈ માઈન્સ સાથે સુપર ટેન્કર અથડાયું: વિસ્ફોટ બાદ આગ લાગી, એન્જિન બંધ પડ્યું, અમેરિકાનો એક મહિના પછી ફરી ઈરાન પર હુમલો

**તહેરાન, તા.31**

હોર્મુઝ સ્ટ્રેટમાં એક સુપર ટેન્કર બે દરિયાઈ માઈન્સ સાથે અથડાયું. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ (IRGC) અનુસાર, અથડામણ બાદ ટેન્કરમાં ભીષણ આગ લાગી ગઈ અને તે સંપૂર્ણપણે અટકી ગયું. ઈરાને જહાજનું નામ અને ક્રૂની સંખ્યા જણાવી નથી. IRGCએ કહ્યું કે ટેન્કર પરવાનગી વગરના દરિયાઈ માર્ગેથી પસાર થઈ રહ્યું હતું. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં પોતાના નિર્ધારિત સુરક્ષા નિયમોનું પાલન ન કરનારા અન્ય જહાજોને પણ કાર્યવાહીની ચેતવણી આપી છે. આ દરમિયાન અમેરિકાએ લગભગ એક મહિના પછી ઈરાન પર ફરીથી સૈન્ય કાર્યવાહી કરી છે. અમેરિકી સેનાએ રવિવારે હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઈરાનના લારક દ્વીપ પર બે રોકેટ લોન્ચર્સને નિશાન બનાવ્યા. અમેરિકા અનુસાર, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સના જવાનો હોર્મુઝ સ્ટ્રેટમાં રોકેટ અને દરિયાઈ માઈન્સ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યા હતા. ઈરાની મીડિયાએ હુમલામાં ઘણા સૈનિકો અને નાગરિકોના માર્યા જવાની વાત કહી છે. ઈરાની મીડિયાએ લારક આઈલેન્ડ નજીક ધમાકાનો અવાજ સંભળાયો હોવાની જાણકારી આપી. ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડે કહ્યું કે અમેરિકી હુમલામાં તેના ઘણા ઉગ્રવાદીઓ અને અન્ય લોકો માર્યા ગયા અથવા ઘાયલ થયા છે. આ પછી ઈરાની સરકારી ટેલિવિઝન પર જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ તરફ બેલેસ્ટિક મિસાઈલો છોડવામાં આવી હોવાની તસવીરો બતાવવામાં આવી. ઈરાની મીડિયા અનુસાર, કતરમાં યુએસ બેઝમાં પણ ધમાકો થયો છે પરંતુ તેની જાણકારી હજુ સ્પષ્ટ નથી. જોર્ડનની સેનાએ જણાવ્યું કે સોમવારે વહેલી સવારે તેના એરસ્પેસમાં દાખલ થયેલી આઠ મિસાઈલોને ઈન્ટરસેપ્ટ કરવામાં આવી હતી. આવા સંજોગોમાં, લારક આઈલેન્ડ પર અમેરિકી હુમલા પછી બંને દેશો વચ્ચે તણાવ ફરી વધતો જોવા મળી રહ્યો છે.

આ હુમલો ત્યારે થયો છે જ્યારે અમેરિકાએ થોડા દિવસો પહેલા લશ્કરી કાર્યવાહીને બદલે ઈરાન પર આર્થિક દબાણ વધારવાની રણનીતિ પર ભાર મૂકવાની વાત કહી હતી. અમેરિકાની રણનીતિમાં ઈરાન સાથે વેપાર કરતા દેશો અને સંસ્થાઓ પર કાર્યવાહી કરવાની ધમકીનો સમાવેશ થતો હતો. પરંતુ લારક આઈલેન્ડ પરના તાજા હુમલાએ ફરી એકવાર લશ્કરી સંઘર્ષની આશંકા વધારી દીધી છે.



ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ એટલે કે IRGCએ દાવો કર્યો છે કે તેણે હોર્મુઝ સ્ટ્રેટ ઉપર અમેરિકી MQ-9 લોંગ-રેન્જ ડ્રોનને તોડી પાડ્યું છે. ઈરાની એર ડિફેન્સે મિસાઈલથી અમેરિકી ડ્રોનને ટાર્ગેટ કર્યું, ત્યારબાદ તે ફારસની ખાડીમાં પડી ગયું. અમેરિકી તરફથી હજુ આ દાવાની તાત્કાલિક પુષ્ટિ થઈ નથી. આ દરમિયાન ઈરાને UAEમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણા પર પણ મોટો હુમલો કરવાનો દાવો કર્યો છે. ઈરાની સેના અનુસાર, સોમવારે સવારે અલ મિન્હાદ એરબેઝ પર અમેરિકી સૈનિકો અને હેલિકોપ્ટરને ટાર્ગેટ કરી ડઝનબંધ વિસ્ફોટક ડ્રોન છોડવામાં આવ્યા. ઈરાની સેનાએ તેને લારક આઈલેન્ડ પર અમેરિકી હુમલાના જવાબમાં કરવામાં આવેલી કાર્યવાહી ગણાવી છે. રવિવારે ઈરાનના લારક ટાપુ પર બે રોકેટ લોન્ચર્સને નિશાન બનાવવામાં આવ્યા. લારક ટાપુ હોર્મુઝ સ્ટ્રેટ નજીક આવેલો છે. અમેરિકા અનુસાર, ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સના જવાનો અહીંથી હોર્મુઝ સ્ટ્રેટમાં રોકેટ અને દરિયાઈ સુરંગો લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યા હતા.

ઈરાની સેનાએ દાવો કર્યો કે તેમાં ઘણા સૈનિકો અને નાગરિકો માર્યા ગયા, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે. અમેરિકી હુમલાના થોડા સમય પછી ઈરાને જોર્ડનમાં બે અમેરિકી એરબેઝ પર બેલિસ્ટિક મિસાઈલો છોડવાનો દાવો કર્યો.

પ્રેસ ટીવી અનુસાર, કિંગ હુસૈન અને અલ-અઝરાક એરબેઝના ટેકનિકલ અને જાળવણી માળખાં અને લડાકુ વિમાનોની પોઝિશનને નિશાન બનાવવામાં આવ્યા. જોકે, અલ અરેબિયા અનુસાર જોર્ડનની એર ડિફેન્સે ઈરાની મિસાઈલોને ઈન્ટરસેપ્ટ કરી દીધી.

અમેરિકાએ રવિવારે હોર્મુઝ સ્ટ્રેટ પર આવેલા ઈરાનના લારક ટાપુ પર હુમલો કર્યો હતો. લગભગ 1 મહિના પછી ઈરાન વિરુદ્ધ અમેરિકાની આ પ્રથમ સૈન્ય કાર્યવાહી હતી. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ અનુસાર, રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ એટલે કે IRGCની સેનાઓ હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ માઈન્સ નાખવા માટે રોકેટ લોન્ચ કરવાની તૈયારી કરી રહી હતી.

અમેરિકી સેનાએ લારક ટાપુ પર હાજર ઈરાની રોકેટ લોન્ચરોને નિશાન બનાવ્યા. અમેરિકી સેનાનું કહેવું છે કે તેણે ગયા અઠવાડિયે જ હોર્મુઝ સ્ટ્રેટના આંતરરાષ્ટ્રીય શિપિંગ રૂટ પરથી દરિયાઈ માઈન્સ હટાવવાનું કામ પૂરું કર્યું હતું. આવા સંજોગોમાં, અમેરિકા અનુસાર, ઈરાની સેનાઓ દ્વારા ફરીથી માઈન્સ બિછાવવાની તૈયારી શિપિંગ માટે ખતરો બની શકે તેમ હતી. લારક દ્વીપ ઈરાનના મુખ્ય બંદરગાહ બંદર અબ્બાસ નજીક છે અને હોર્મુઝની બરાબર વચ્ચે આવેલો છે. આ દરિયાઈ માર્ગ દુનિયા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે યુદ્ધ પહેલા દુનિયામાં ઉપયોગ થતા લગભગ 20% તેલ અને લિક્વિફાઈડ નેચરલ ગેસની અવરજવર આ જ માર્ગેથી થતી હતી. રિપોર્ટ અનુસાર, ઈરાન હાલમાં આ દ્વીપ પાસેથી પસાર થતા ટેન્કરોની તપાસ કરી રહ્યું છે અને જહાજો પાસેથી સ્ટ્રેટ પાર કરવા માટે 20 લાખ ડોલર એટલે કે લગભગ 19 કરોડ સુધીનો ટેક્સ વસૂલી રહ્યું છે. અમેરિકી સેનાએ ગયા અઠવાડિયે હોર્મુઝ સ્ટ્રેટના આંતરરાષ્ટ્રીય શિપિંગ રૂટ પરથી દરિયાઈ સુરંગો હટાવવાનું કામ પૂરું કર્યું હતું. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં રહેલી તમામ સુરંગોને હટાવી દેવામાં આવી છે.

# ઉઝબેકિસ્તાનમાં PM મોદી ભાવુક થયા: વિદ્યાર્થીઓએ હિન્દીમાં તેમની જ લખેલી કવિતાઓ સંભળાવી.....

**તાશ્કંદ, તા.31**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉઝબેકિસ્તાનના બે દિવસીય પ્રવાસ દરમિયાન તાશ્કંદના મહાત્મા ગાંધી સેન્ટરની મુલાકાત લીધી. અહીં ઉઝબેક વિદ્યાર્થીઓએ હિન્દીમાં મોદીએ લખેલી કવિતાઓ સંભળાવી. પોતાની કવિતાઓ વિદ્યાર્થીઓ પાસેથી સાંભળીને મોદી ભાવુક થઈ ગયા. તેમણે કહ્યું કે હિન્દી વિદ્યાર્થીઓની માતૃભાષા નથી, છતાં તેમણે કવિતાઓની ભાવનાઓને બિલકુલ તે જ રીતે સમજીને રજૂ કરી, જેવી ભાવનાઓ તેમના હૃદયમાં હતી. મોદીએ ઉઝબેકિસ્તાનમાં ભારત, મહાત્મા ગાંધી અને તમિલ સંસ્કૃતિમાં વધતી રુચિનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે તિરુક્કુરલનો ઉઝબેક ભાષામાં અનુવાદ કરવાનો સુઝાવ આપ્યો. મોદીની યાત્રા દરમિયાન ભારત અને ઉઝબેકિસ્તાનના સંબંધો વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચ્યા. બંને દેશો વચ્ચે 11 કરારો, એમઓયુ અને સમજૂતીઓની પણ આપ-લે થઈ.

કાર્યક્રમમાં ભારત અને ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરનાર એક ઉઝબેક ઈન્ડોલોજિસ્ટે કહ્યું કે કદાચ દુનિયામાં બહુ ઓછા એવા દેશો હશે, જ્યાં લોકોમાં ભારત પ્રત્યે આટલો પ્રેમ છે.

તેમણે જણાવ્યું કે અહીં લગભગ દરેક નાગરિક 'નમસ્તે' શબ્દથી પરિચિત છે. ભારતીય કલા, નૃત્ય, સંગીત, દર્શન અને યોગમાં પણ લોકોની દિલચસ્પી વધી રહી છે.



PM મોદીએ તમિલ સાહિત્ય અને 'તિરુક્કુરલ'નો પણ ઉલ્લેખ કર્યો. તેમણે સંસ્થાની 80મી વર્ષગાંઠનો ઉલ્લેખ કરતા પૂછ્યું કે શું તિરુક્કુરલનો ઉઝબેક ભાષામાં અનુવાદ કરવાની દિશામાં કામ કરી શકાય છે. મોદીએ કહ્યું કે ભારતીય દર્શન અને વિચારોને સમજવામાં મદદ મળશે. તેમણે એમ પણ કહ્યું કે દુનિયાની પ્રાચીન ભાષાઓમાં મોજુદ દાર્શનિક વિચારો એ દર્શાવે છે કે સભ્યતાની શરૂઆતથી જ માનવ વિચાર કેટલો ઊંડો રહ્યો છે.

તિરુક્કુરલ, જેને 'કુરલ' પણ કહેવાય છે, તે તમિલ સાહિત્યની એક પ્રખ્યાત રચના છે. તેમાં નૈતિકતા, સારા આચરણ અને જીવન સાથે જોડાયેલી વ્યવહારિક શીખ આપવામાં આવી છે. તે કવિ અને દાર્શનિક તિરુવલ્લુવર દ્વારા લખવામાં આવી હતી.

એવું માનવામાં આવે છે કે તેની રચના બીજી સદી ઈસા પૂર્વથી પાંચમી સદી ઈસવીસન વચ્ચે થઈ હતી. આ રચના ધર્મ કે કોઈ એક સમુદાય પૂરતી મર્યાદિત નથી અને તેને સમગ્ર માનવતા માટે ઉપયોગી વિચારો માટે ઓળખવામાં આવે છે. PM મોદીની 29 થી 30 ઓગસ્ટ સુધીની બે દિવસીય ઉઝબેકિસ્તાન યાત્રાથી બંને દેશોના સંબંધોને નવી ગતિ મળી છે. ભારત અને ઉઝબેકિસ્તાને પોતાના સંબંધોને 'સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ' થી વધારીને 'કોમ્પ્રિહેન્સિવ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ' કરી દીધા છે. આ યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે 11 કરારોનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના સહયોગને વધુ મજબૂત અને વ્યાપક બનાવવાનો છે.


# મદદ કરવી એ ભારતની પરંપરા: કેનેડામાં ભાગવતે કહ્યું- વિવિધતા જ આપણા દેશની સુંદરતા......

**ટોરોન્ટો, તા.31**

RSS પ્રમુખ મોહન ભાગવત સોમવારે ટોરોન્ટોમાં 'હિંદુ વિશ્વ બંધુ' કાર્યક્રમમાં સામેલ થયા. તેમણે કાર્યક્રમમાં કહ્યું કે મુશ્કેલ સમયમાં બીજાની મદદ કરવી એ ભારતની જૂની પરંપરા રહી છે. દુનિયામાં ક્યાંય પણ સંકટ આવ્યું અને ભારત પાસેથી મદદ માંગવામાં આવી તો ભારતે ક્યારેય પાછળ હટીને ઈનકાર કર્યો નથી. ઘણી વાર ભારતે મદદ માંગ્યા વગર પણ બીજાની સહાયતા કરી છે. ભાગવતે કહ્યું- ભારતમાં વિવિધતા એકતાની વિરુદ્ધ નથી, પરંતુ તેની સુંદરતા છે. દેશમાં અલગ-અલગ જાતિ, પંથ, ભાષાઓ અને સંસ્કૃતિઓ છે, પરંતુ આ બધા એક જ સમાજનો હિસ્સો છે. તેમણે વિવિધતાને સ્વીકાર કરવા અને તેનું સન્માન કરવાની વાત કહી.

તેમણે કહ્યું કે 'આ મારું, તે તમારું' જેવી વિચારસરણીથી ઉપર ઉઠવાની જરૂર છે. અલગ-અલગ રૂપ અને ઓળખ હોવા છતાં બધામાં એક જ દિવ્યતા છે. એટલે બીજાને અલગ કે પરાયા માનવાને બદલે બધાની સાથે ભાઈચારા અને સેવાની ભાવના રાખવી જોઈએ.

ભાગવતે કહ્યું કે હિંદુ બધાનું સન્માન અને સ્વીકાર કરે છે. દુનિયામાં ક્યાંય કોઈના પર અત્યાચાર થયો અને તેણે શરણ માંગી, તો તેને ભારતમાં જગ્યા મળી. ભારતમાં મુસ્લિમ, ઈસાઈ, યહૂદી, પારસી અને બીજા સમુદાયો રહે છે. લોકો માત્ર શરણ લેવા જ નહીં, પરંતુ જ્ઞાન મેળવવા માટે પણ ભારત આવ્યા.



તેમણે કહ્યું કે માણસે ફૂલની જેમ હોવું જોઈએ. કળી ફૂલ બને અને પોતાની સુગંધ પૂરા વાતાવરણમાં ફેલાવે. આ જ રીતે વ્યક્તિએ વિકસિત થઈને માનવતા માટે સમર્પિત થવું જોઈએ. એક હિંદુની વિચારસરણી એ હોવી જોઈએ કે મારે પણ આગળ વધવું છે, મારે સફળ થવું છે, કારણ કે મારે સેવા કરવી છે. વિવિધતા એકતાની અભિવ્યક્તિ છે: ભાગવતે કહ્યું કે ભારતમાં વિવિધતા ક્યારેય એકતા માટે સમસ્યા રહી નથી. ભારતીય પરંપરા માત્ર 'વિવિધતામાં એકતા'ની વાત નથી કરતી, પરંતુ વિવિધતાને જ એકતાનો ભાગ માને છે. તેને સ્વીકારવું, સન્માન આપવું અને ઉજવવું જોઈએ.

અલગ-અલગ છે, પરંતુ બધા એક છે: તેમણે કહ્યું કે ભારતમાં ઘણી જાતિઓ, પંથો અને ભાષાઓ છે. બધું અલગ-અલગ છે, પરંતુ અમે એમ નથી કહેતા કે બધા એક જેવા છે, અમે કહીએ છીએ કે બધા એક છે. વિવિધતા પ્રકૃતિનો સ્વભાવ છે, જ્યારે એકતા વાસ્તવિકતા છે.

દરેક વસ્તુમાં દિવ્યતા છે: ભાગવતે કહ્યું કે ઈશ્વરે જે કંઈ બનાવ્યું છે, તે અલગ-અલગ રૂપ, આકાર અને રંગોમાં તેની સુંદરતા અને પવિત્રતા દર્શાવે છે. દરેક વસ્તુ દિવ્ય છે, તેથી દરેક વસ્તુ એક છે. 'મારું-તારું' ની વિચારસરણી સંકુચિતતા છે: તેમણે કહ્યું કે જો આપણે વિચારીએ કે 'આ મારું છે અને તે તારું છે' તો તે યોગ્ય નથી. દુનિયાની દરેક વસ્તુને પોતાની માનવી જોઈએ, પરંતુ માલિક તરીકે નહીં, ભાઈ તરીકે. શરીર, રંગ અને રૂપ અલગ હોવા છતાં દરેક વ્યક્તિની ગરિમા અને મહત્વ સમાન છે. બીજાની સેવા કરવી આપણું કર્તવ્ય છે: ભાગવતે કહ્યું કે જ્યારે આપણે બધાને એક માનીએ છીએ ત્યારે બીજાની સેવા કરવી આપણું કર્તવ્ય બની જાય છે. આ વિચાર માણસને એવી ખુશી અને સંતોષ આપે છે, જે કાયમી હોય છે. તેમણે કહ્યું કે ભારતને મળેલું આ જ્ઞાન દુનિયા સાથે વહેંચવું પણ આપણું કર્તવ્ય છે.

ટોરોન્ટોમાં 'હિંદુ વિશ્વ બંધુ' કાર્યક્રમનું આયોજન કેનેડિયન હિંદુઝ ફોર આઉટરીચ, રિલેશન્સ એન્ડ ડાયલોગ (CHORD) દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પૂર્વ કેનેડિયન સંરક્ષણ મંત્રી અને આલ્બર્ટાના પૂર્વ પ્રીમિયર જેસન કેની પણ હાજર હતા. આયોજકોના મતે, કેનેડાના આઠ પ્રાંતોમાંથી 2,500થી વધુ લોકો પહોંચ્યા હતા. મોહન ભાગવત 17 દિવસના ત્રણ દેશોના વિદેશ પ્રવાસે છે અને કેનેડા તેમના પ્રવાસનો બીજો પડાવ છે. તેઓ 25 ઓગસ્ટે ન્યૂયોર્ક પહોંચ્યા હતા.

# નેપાળ દુર્ઘટના પર ચીનની સ્પષ્ટતા: કહ્યું- 12 દિવસ પહેલા એલર્ટ આપ્યું હતું, નેપાળ પર ગ્લેશિયરનો ડેટા ન આપવાનો આરોપ

**બેઇજિંગ, તા.31**

નેપાળમાં 26 ઓગસ્ટે આવેલા પૂર પહેલા જરૂરી ડેટા શેર ન કરવાના આરોપો પર ચીને સ્પષ્ટતા કરી છે. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે તેના વર્લ્ડ મેટ્રોલોજિકલ સેન્ટરે પૂરના 12 દિવસ પહેલા જ નેપાળને ઈમેલ મોકલીને ભારે વરસાદ, ભૂસ્ખલન અને અચાનક પૂરની ચેતવણી આપી હતી.

27 મેના રોજ કાઠમંડુમાં બંને દેશોની હવામાન અને ગ્લેશિયર સંબંધિત જોખમો પર બેઠક થઈ હતી. જેમાં નેપાળે ગ્લેશિયરોમાં શરૂઆતી હલચલ અને સંભવિત ખતરાની જાણકારી પહેલા આપવાની માંગ કરી હતી.

નેપાળનો આરોપ છે કે ચીન ભારે વરસાદનો અંદાજ તો આપે છે, પરંતુ હિમસ્ખલન, પાણીના સ્તર, ભૂસ્ખલન અને અન્ય મોટા કુદરતી જોખમોની જાણકારી શેર કરતું નથી.

જ્યારે, નેપાળ-તિબેટમાં પૂરથી 919 લોકોના મોત થયા છે. એકલા નેપાળમાં 903 મોત થયા છે, જ્યારે તિબેટમાં મૃત્યુઆંક 16 પર પહોંચી ગયો છે અને 4200થી વધુ લોકો ગુમ છે.

નેપાળમાં ફ્લેશ ફ્લડ પછી બચાવ અભિયાનની સાથે મૃતકોના અંતિમ સંસ્કાર પણ શરૂ થઈ ગયા છે. દેશના અલગ-અલગ ભાગોમાં મળેલા મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવી રહ્યા છે. જોકે, મોટી સંખ્યામાં મૃતદેહોની હજુ સુધી ઓળખ થઈ શકી નથી.

નેપાળમાં ગુમ થયેલા લોકોની ઓળખ માટે તેમના પરિવારજનો પાસેથી DNA સેમ્પલ મંગાવવામાં આવ્યા છે. પોલીસે માતા-પિતા અને બાળકોને DNA આપવા સાથે ગુમ થયેલા વ્યક્તિને છેલ્લીવાર ક્યાં અને ક્યારે જોવામાં આવ્યો હતો તેની માહિતી આપવા જણાવ્યું છે. નેપાળની બહાર રહેતા એવા લોકો, જેમના સંબંધીઓ નેપાળમાં ગુમ છે, તેમને પોતાના દેશમાં DNA પ્રોફાઈલિંગ કરાવીને રિપોર્ટ ઈમેઈલ દ્વારા નેપાળ પોલીસને મોકલવા જણાવાયું છે.

નેપાળમાં આવેલા પૂર પછી 4 અજાણ્યા મૃતદેહ તણાઈને ઉત્તર પ્રદેશ પહોંચી ગયા. આ મૃતદેહો નારાયણી-ગંડક નદીમાંથી યુપીના મહારાજગંજ જિલ્લામાં મળ્યા હતા. તેમને નેપાળ પ્રશાસનને સોંપી દેવામાં આવ્યા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, મૃતદેહોમાં 3 મહિલાઓ અને એક પુરુષ શામેલ છે. ઓળખ ન થવાને કારણે પોસ્ટમોર્ટમ દરમિયાન DNA સેમ્પલ લેવામાં આવ્યા છે. આ સેમ્પલ નેપાળ પ્રશાસન સાથે શેર કરવામાં આવશે, જેથી ગુમ થયેલા લોકોના પરિવારજનોના DNA સાથે તેમનો મેચ કરી શકાય.

ચીને નેપાળના તે આરોપોને ફગાવી દીધા છે જેમાં કહેવામાં આવ્યું હતું કે ચીને ગ્લેશિયરોની



ગતિવિધિઓ અને પાણીના સ્તર સંબંધિત ડેટા આપ્યા નથી. ચીને કહ્યું કે તેણે નેપાળ સાથે જરૂરી માહિતી સમયસર શેર કરી છે.

રોયટર્સ અનુસાર, નેપાળ અને ચીનના અધિકારીઓએ 27 મેના રોજ કાઠમંડુમાં બેઠક કરી હતી. જેમાં પૂર, હવામાન અને ગ્લેશિયર સંબંધિત જોખમો પર ચર્ચા થઈ હતી. નેપાળે ગ્લેશિયરોમાં થતી પ્રારંભિક હલચલ અને સંભવિત ખતરાની માહિતી વહેલા આપવાની માંગ કરી હતી. નેપાળના એક સરકારી હાઈડ્રોલોજિસ્ટે કહ્યું કે ચીન ભારે વરસાદનો અંદાજ તો શેર કરે છે, પરંતુ હિમપ્રપાત, પાણીના સ્તર, ભૂસ્ખલન અને અન્ય મોટા કુદરતી જોખમોની માહિતી આપતું નથી. જોકે, ચીનના વિદેશ મંત્રાલય અનુસાર, માહિતી ખુલ્લી અને પારદર્શક રીતે જારી કરવામાં આવી હતી. ચીનના વર્લ્ડ મેટ્રોલોજિકલ સેન્ટરે 26 ઓગસ્ટની આપત્તિના 12 દિવસ પહેલા નેપાળને ભારે વરસાદ, ભૂસ્ખલન અને અચાનક પૂર જેવા જોખમોની ચેતવણી પણ ઈમેલ દ્વારા મોકલી હતી. નેપાળના વિદેશ મંત્રીએ કહ્યું છે કે ભયાનક પૂરથી થયેલા નુકસાનનો આંકડો અબજો ડોલર સુધી પહોંચી શકે છે. આ દરમિયાન ઘણા દેશોએ નેપાળ માટે આર્થિક અને માનવીય મદદની જાહેરાત કરી છે. ભારત: વિદેશ મંત્રાલય અનુસાર, ભારતે મૃતદેહોની DNA તપાસ માટે ફોરેન્સિક ટીમ અને સુરંગોમાંથી કર્મચારીઓને સુરક્ષિત બહાર કાઢવામાં મદદ કરવા માટે ટનલ રેસ્ક્યુ ટીમ તૈનાત કરી છે. સાથે જ ભારતે 10 ટન માનવીય સહાયતા સાથે 11 સભ્યોની મેડિકલ અને સુરંગ બચાવ ટીમ પણ મોકલી છે. બ્રિટન: વડાપ્રધાન એન્ડી બર્નહમે 50 લાખ પાઉન્ડની મદદની જાહેરાત કરી છે. તેમણે નેપાળની સ્થિતિને અત્યંત ચિંતાજનક અને ભયાવહ ગણાવી.

યુરોપિયન યુનિયન: યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેને 20 લાખ યુરોની તાત્કાલિક માનવીય સહાયતા આપવાની જાહેરાત કરી છે. આ મદદનો ઉપયોગ લોકો સુધી જરૂરી રાહત સામગ્રી પહોંચાડવામાં કરવામાં આવશે.

કેનેડા: વિદેશ મંત્રી અનિતા આનંદે 50 લાખ કેનેડિયન ડોલરની મદદની જાહેરાત કરી છે. આ રકમ સંયુક્ત રાષ્ટ્ર, રેડ ક્રોસ અને અન્ય બિન-સરકારી સંગઠનો દ્વારા રાહત કાર્યોમાં ખર્ચ કરવામાં આવશે.

અમેરિકા: અમેરિકી વિદેશ વિભાગે 5 લાખ ડોલરની મદદ આપવાની જાહેરાત કરી છે. આનાથી કટોકટી આશ્રય, પાણી, સ્વચ્છતા અને અન્ય જરૂરી રાહત સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ચીન: નેપાળમાં ચીનના રાજદૂત અનુસાર, ચીને પણ કટોકટી રાહત સામગ્રી અને આર્થિક મદદ ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરી છે. નેપાળમાં ભયાનક પૂર પછી હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સની સુરંગોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે બચાવ અભિયાન સતત ચાલુ છે. ત્રિશૂલી-3A સહિત અનેક પ્રોજેક્ટ્સની સુરંગોના મુખ પર જમા થયેલો કાટમાળ અને કાદવ હટાવીને અંદર પહોંચવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# પાકિસ્તાન, તુર્કી અને સાઉદી અરેબિયાની પ્રથમ રક્ષા બેઠક : ઈસ્તંબુલમાં ત્રણેય દેશોના વિદેશ અને સંરક્ષણ મંત્રીઓ મળશે

**ઈસ્લામાબાદ, તા.31**

પાકિસ્તાન, તુર્કી અને સાઉદી અરબ વચ્ચે મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર હેઠળ પ્રથમ બેઠક સોમવારે ઈસ્તંબુલમાં યોજાશે. બેઠકમાં ત્રણેય દેશોના વિદેશ અને સંરક્ષણ મંત્રીઓ સાથે સૈન્ય પ્રમુખો પણ સામેલ થશે. પાકિસ્તાન તરફથી નાયબ વડાપ્રધાન મોહમ્મદ ઈશાક ડાર, સંરક્ષણ મંત્રી ખ્વાજા મુહમ્મદ આસિફ અને સેના પ્રમુખ તેમજ ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ ફિલ્ડ માર્શલ સૈયદ આસિમ મુનીર ભાગ લેશે. પાકિસ્તાન, સાઉદી અરબ અને તુર્કીએ 7 ઓગસ્ટે મક્કામાં સંયુક્ત સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. કરાર હેઠળ, કોઈ એક દેશ પર હુમલો ત્રણેય દેશો પર હુમલો ગણાશે.

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે, આ કરારને ત્રણેય દેશો વચ્ચે સુરક્ષા સહયોગ મજબૂત



કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

મક્કા સંરક્ષણ કરાર હેઠળ રચાયેલી વ્યૂહાત્મક રાજકીય અને સંરક્ષણ સમિતિની પ્રથમ બેઠકનો એજન્ડા સાર્વજનિક કરવામાં આવ્યો નથી, પરંતુ પ્રાદેશિક સુરક્ષા, ઈરાન સંબંધિત પરિસ્થિતિઓ, સંરક્ષણ સહયોગ અને પરસ્પર સુરક્ષા વ્યૂહરચના પર ચર્ચા થવાની સંભાવના છે.

આ ઉપરાંત, ક્ષેત્રમાં વધતા તણાવ અને સંભવિત સુરક્ષા જોખમોનો સામનો કરવા માટે પરસ્પર સંકલન મજબૂત કરવા પર પણ વિચાર કરી શકાય છે.

મક્કા કરાર હેઠળ ભવિષ્યમાં અન્ય દેશોના જોડાવાની સંભાવના છે. બાંગ્લાદેશે પહેલાથી જ આ કરારમાં રસ દાખવ્યો છે.

પાકિસ્તાનના વિદેશ કાર્યાલય અનુસાર, ઈસ્તંબુલ બેઠકમાં તેની ભાગીદારી તુર્કી અને સાઉદી અરેબિયા સાથેના મજબૂત સંબંધો સાથે ક્ષેત્રમાં કાયમી શાંતિ અને સ્થિરતા માટે તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ કરાર હેઠળ ત્રણેય દેશોની અલગ-અલગ તાકાત એકસાથે આવશે. પાકિસ્તાન: તેની પાસે મોટી સેના, ઘણા હથિયારો અને પરમાણુ હથિયારો છે. તેને યુદ્ધનો પણ લાંબો અનુભવ છે. મુસ્લિમ બહુમતીવાળા દેશોમાં પાકિસ્તાન એકમાત્ર પરમાણુ હથિયાર ધરાવતો દેશ છે.

સાઉદી અરેબિયા: સાઉદી અરેબિયા આર્થિક રીતે મજબૂત દેશ છે. તે સૈન્ય સહયોગ માટે પૈસા અને અન્ય જરૂરી મદદ આપી શકે છે. તુર્કી: તુર્કી NATO નો સભ્ય છે. તેની પાસે આધુનિક ડ્રોન અને હથિયારો બનાવવાની મજબૂત ટેકનોલોજી છે.

મક્કા સંરક્ષણ કરારની બેઠક ઉપરાંત તુર્કી, પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને ઈજિપ્તના વિદેશ મંત્રીઓની એક અલગ બેઠક પણ પ્રસ્તાવિત છે. આ ચાર દેશોનું જૂથ પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતા સંબંધિત મુદ્દાઓ પર સંકલન વધારવાના ઉદ્દેશ્યથી માર્ચમાં બનાવવામાં આવ્યું હતું.

આ જૂથની છેલ્લી બેઠક 5 ઓગસ્ટના રોજ જોર્ડનની રાજધાની અમ્માનમાં યોજાઈ હતી. તે દરમિયાન નેતાઓએ પ્રાદેશિક શાંતિ, સુરક્ષા અને સ્થિરતા જાળવી રાખવા માટે સંવાદ અને પરસ્પર સહયોગને વધુ મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. મક્કા સંરક્ષણ કરાર એવા સમયે થયો છે, જ્યારે ત્રણેય દેશો પોતપોતાના સુરક્ષા પડકારોનો સામનો કરી રહ્યા છે. ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા તણાવની અસર સમગ્ર પશ્ચિમ એશિયા પર પડી રહી છે.

# એકને છરીથી રહેંસી, બીજીને ગાડી નીચે કચડી: અમેરિકામાં ભારતીય મૂળની બે પરિણીતાની ઘાતકી હત્યા

**વોશિંગ્ટન, તા.31**

અમેરિકાના કેલિફોર્નિયામાંથી એક હૃદયદ્રાવક અને રહસ્યમય ડબલ મર્ડરની ઘટના સામે આવી છે. કેરળના ત્રિશૂરની અંજના અને તિરુવનંતપુરમની એન મેરી મેથ્યુ નામની બે મહિલાઓની શંકાસ્પદ સંજોગોમાં ઘાતકી હત્યા કરવામાં આવી છે. આ મામલે પોલીસે તેમની જ નજીકની મિત્ર અનિલા (મૂળ કોટ્ટાયમ, કેરળ)ની અટકાયત કરી છે.

પરિવારજનોને 28 ઓગસ્ટ (શનિવાર)ના રોજ આ ઘટનાની જાણ થઈ હતી. મળતી માહિતી મુજબ, અંજનાનું મોત એક કથિત હિટ એન્ડ રન કેસમાં થયું હતું, જેમાં તેને વાહનથી કચડી નાખવામાં આવી હતી. જ્યારે બીજી તરફ, એન મેરી મેથ્યુ પોતાના એપાર્ટમેન્ટના રૂમમાંથી લોહીલુહાણ હાલતમાં મૃત મળી આવી હતી. તેના રૂમમાંથી એક ધારદાર ચાકુ પણ મળી આવ્યું છે.



સ્થાનિક કાઉન્સિલર અને પરિવારજનોના જણાવ્યા અનુસાર, અંજના, અનિલા અને એન મેરી ત્રણેય ખૂબ ગાઢ મિત્રો હતાં. ઘટનાના થોડા સમય પહેલાં જ તેઓએ સાથે ઓણમની ઉજવણી પણ કરી હતી અને થિયેટરમાં ફિલ્મ જોવા ગયા હતા. પરંતુ અચાનક તેમની વચ્ચે એવો શું વિવાદ થયો કે મામલો ક્રૂર હત્યા સુધી પહોંચી ગયો, તે રહસ્ય હજુ અકબંધ છે.

એન મેરી પોતાના પતિની નોકરીના કારણે લગભગ પાંચ વર્ષ પહેલાં અમેરિકા શિફ્ટ થઈ હતી. તાજેતરમાં જ તેને વર્ક પરમિટ મળી હતી અને તેણે શિક્ષિકા તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું. ઘટના બની ત્યારે તેનો પતિ ઘરે હાજર નહોતો. જ્યારે અંજના પોતાના પાછળ પતિ અને 7 વર્ષની માસૂમ દીકરીને છોડી ગઈ છે.

આ સમગ્ર મામલે કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ દરમિયાનગીરી કરી છે. તેમણે સાન ફ્રાન્સિસ્કો ખાતેના ભારતીય કોન્સ્યુલેટ જનરલ સાથે વાત કરી બંને મૃતદેહોને ભારત લાવવાની પ્રક્રિયા શરૂ કરવા જણાવ્યું છે. જોકે, કેસ હત્યાનો હોવાથી અમેરિકન પોલીસની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી મૃતદેહો સોંપવામાં થોડો સમય લાગી શકે છે.

## તંત્રી લેખ

# સીમાંકન બીલ માટે ફરીથી સંસદનું સત્ર મળી શકે છે

સંસદનું ચોમાસુ સત્ર સ્થગીત થઈ ગયા પછી ઘણા દિવસો સુધી સત્ર પુરુ થયાનું ઔપચારીક રીતે જાહેર નહી થતા રાજકીય વર્તુળોમાં જાતભાતની વાત થઈ રહી છે. સૌથી મોટો સવાલ એ છે કે શું કેન્દ્ર સરકાર સિમાંકન બીલને પાસ કરવા માટે સંસદની બેઠક ફરીથી બોલાવવાની તૈયારી કરી રહી છે? બીજો સવાલ એ છે કે શું એનડીએ પાસે બીલ પાસ કરાવવા જરૂરી બેતૃતિયાંસ બહુમતી છે ખરી? આ સવાલો વચ્ચે કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરણ રીજીજુના એક નિવેદને બધાને ચોંકાવી દીધા છે. એમણે સ્પષ્ટ કહ્યું હતું કે ટેક્નીકલી હજુ સંસદનું સત્ર પુરુ નથી થયું અને સરકાર જ્યારે ઈચ્છે ત્યારે ફરીથી બેઠક બોલાવી શકે છે. રીજીજુએ કહ્યું હતું કે, 'ફરીથી સંસદનુ સત્ર બોલાવવું કે નહીં એ સરકાર પર નિર્ભર કરે છે. જો સરકાર ઈચ્છે તો ફરીથી સત્ર બોલાવવામાં આવશે.' બિહારમાં બાંકીપુર વિધાનસભા ઉપચૂંટણીના પરિણામો પછી રાજ્યના તમામ પક્ષો પ્રશાંત સિંડ્રોમથી પીડાઈ રહ્યા છે. ફક્ત ભાજપ કે આરજેડી નહીં, પરંતુ તમામ પક્ષો માટે પણ જોખમની ઘંટડી છે કે જેઓ ચૂંટણી જૂની ઢબે લડી રહ્યા છે. આ અસર ત્યારે જોવા મળી કે જ્યારે જનસુરાજ પક્ષના પ્રમુખ પ્રશાંત કિશોરએ એમએલસી ચૂંટણી લડવાની જાહેરાત કરી. આવનારા ૪-૫ દિવસોમાં એમએલસીના ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવશે. બિહારમાં ૮ બેઠકો પર એમએલસીની ચૂંટણી થઈ રહી છે. કિશોરની આ જાહેરાત પછી બીજા રાજકીય પક્ષો ચિંતીત થઈ ગયા છે. કારણ એ છે કે, બાંકીપુર વિધાનસભા ઉપચૂંટણીમાં શક્તિશાળી ગણાતા ભાજપનો ગઢ ઢેર થઈ ગયો હતો. ભાજપને વધુ આઘાત એ વાતનો લાગ્યો છે કે, ભાજપના ૩૦ હજારથી વધુ મતો ઓછા થઈ ગયા હતા. પ્રશાંત કિશોરે ઉઠાવેલા મુદ્દાઓ લોકોને સ્પર્શી ગયા છે.

જ્યારે કાગળો પર થતી ફરિયાદો સરકારી ફાઈલોમાં દબાઈને ભૂલી જવાતી હોય છે ત્યારે સિસ્ટમને જગાડવા માટે ઢોલ - નગારાનો સહારો લેવો પડતો હોય છે. પૌડી ગઢવાલથી અધિકારીઓની નફ્ફટાઈનો એક કિસ્સો બહાર આવ્યો છે. અહીં બીઆર મોર્ડન સ્કૂલના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ હાથમાં ઢોલ, ડ્રમ અને બેન્ડ લઈને ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટની ઓફિસ સામે વિરોધ પ્રદર્શન કરવા પહોંચ્યા હતા. બાળકોની માંગણી ફક્ત એટલી જ છે કે, રસ્તા પર પડીને મોતનું કારણ બનનાર જોખમી વૃક્ષોને તરત દૂર કરવામાં આવે. સ્કૂલ રૂટ પર જર્જરીત થયેલા મોટા વૃક્ષો ઘણા સમયથી જોખમી બની રહ્યા છે. સ્કૂલના સંચાલકો છેલ્લા એક વર્ષથી ફોરેસ્ટ ઓફિસના ધક્કા ખાઈ રહ્યા હતા. મુખ્યમંત્રીથી માંડીને જિલ્લા અધિકારીને પણ ફરિયાદ કરવામાં આવી હતી, પરંતુ કોઈ દાદ આપતું નહોતું છેવટે જેન આલ્ફાએ રસ્તા પર આવવું પડયું. શીરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલએ ખડુર સાહિબ લોકસભા બેઠકના સાંસદ અમૃતપાલ સિંહ અને એમના પક્ષની આકરી ટીકા કરી છે. સુખબીર બાદલનું કહેવું છે કે પંજાબને ફક્ત એમનો પક્ષ જ બચાવી શકે છે. જોકે કોઈ ભેદી કારણસર એમણે ભાજપની ટીકા નહોતી કરી. તેઓ 'પંજાબ બચાવો રેલી' સમક્ષ સંબોધન કરી રહ્યા હતા. એમના કહેવા પ્રમાણે વિરોધી શક્તિઓ બે દસકાથી શીરોમણી અકાલી દળ અને બાદલ પરિવારને નબળા કરવા કાવતરા કરે છે. આ લોકોનો ઉદેશ પંજાબ પર કંટ્રોલ કરીને ગુરુદ્વારોમાંથી મળતું દાન લૂંટવાનો છે. અમૃતપાલ ખાલિસ્તાનના સમર્થક છે અને એમનો પક્ષ અકાલી દળ (વારીસ પંજાબ દે) માટે બાદલ હંમેશા 'વાયરસ' શબ્દ વાપરે છે. ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથની સરકારે હમણા આઈપીએસ અધિકારીઓની મોટા પાયે બદલીઓ કરી છે. સૌથી વધુ ચર્ચા સંભલના એસપી રહી ચૂકેલા કૃષ્ણ કુમાર બિશ્નોઈની થઈ રહી છે. કડકાઈથી ગુનેગારોના નાકે દમ લાવી દેનાર ૨૦૧૮ બેચના આઈપીએસ અધિકારી કેકે બિશ્નોઇ હવે બીજનોર જિલ્લાના નવા એસપી બન્યા છે. તેઓ જ્યારે સંભલના એસપી હતા ત્યારે સ્થાનીક લોકો એમને 'સિંઘમ' તરીકે ઓળખતા હતા. બિશ્નોઇનો જન્મ ૧૯૯૪માં રાજસ્થાનના બાડમેરથી અલગ થયેલા બાલોતરા જિલ્લામાં થયો હતો.

**ભાગલા પડયા ત્યારથી પાકિસ્તાન માત્ર ઈસ્લામ, સૈન્ય અને અમેરિકા જેવા ત્રણ પરિબળો ઉપર જ ટકેલો છે. તેણે તેનાથી વધારે આગળ જવાનો પ્રયાસ કર્યો નથી અને હવે સૈન્ય હેઠળ દબાઈ ગયું છે અને અમેરિકા ગમે ત્યારે હાથ પાછો ખેંચી લે તેવી સ્થિતિ છે. તેની પાસે ધર્મના રસ્તે ચાલવા સિવાય કોઈ રસ્તો જ નથી : ભારત પાણી ચોરતું હોવાના આરોપ મુકીને પાકિસ્તાને સિંધનો પ્રદેશ પોતાની તરફ ખેંચીને તેના ઉપર બંધ બાંધવાનું કામ કરી લીધું પણ હવે સિંધ પ્રદેશ જ ઈસ્લામાબાદના દબાણથી કંટાળીને તેનાથી વિમુખ અને આઝાદ થવા ઝંખે છે**

# બલૂચિસ્તાન, પીઓકે અને હવે સિંધ : પાકિસ્તાનમાં તિરાડો પડી રહી છે

## સિંધના રાજકીય જૂથો ત્યાંના નવા પ્રાંતોની દરખાસ્તો અને કેટલાક પ્રોજેક્ટ્સ વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવ્યા છે

ભાગલા પડયા ત્યારથી પાકિસ્તાન માત્ર ઈસ્લામ, સૈન્ય અને અમેરિકા જેવા ત્રણ પરિબળો ઉપર જ ટકેલો છે. તેણે તેનાથી વધારે આગળ જવાનો પ્રયાસ કર્યો નથી અને હવે સૈન્ય હેઠળ દબાઈ ગયું છે અને અમેરિકા ગમે ત્યારે હાથ પાછો ખેંચી લે તેવી સ્થિતિ છે. તેની પાસે ધર્મના રસ્તે ચાલવા સિવાય કોઈ રસ્તો જ નથી : ભારત પાણી ચોરતું હોવાના આરોપ મુકીને પાકિસ્તાને સિંધનો પ્રદેશ પોતાની તરફ ખેંચીને તેના ઉપર બંધ બાંધવાનું કામ કરી લીધું પણ હવે સિંધ પ્રદેશ જ ઈસ્લામાબાદના દબાણથી કંટાળીને તેનાથી વિમુખ અને આઝાદ થવા ઝંખે છે : પાકિસ્તાનના આ 'જેલી સ્ટેટ' ચોક્કસપણે પોતાની ક્ષમતા કરતાં વધુ ખેંચાઈ ચૂક્યા છે. જો તે જરૂરી સુધારાત્મક પગલાં નહીં લે, તો તેનું આંતરિક વિખંડન થઈ શકે છે. આ વખતે બે કરતાં વધુ ટુકડાઓમાં વહેંચાઈ જશે. ત્યારબાદ તેના પતન પર શોક મનાવવા માટે બહુ ઓછા લોકો હશે

પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીરમાં થયેલા વિરોધ પ્રદર્શનો પછી અને બલૂચિસ્તાન તથા ખૈબર પખ્તુનખ્વામાં ફરી શરૂ થયેલા વિદ્રોહ વચ્ચે હવે સિંધ પણ વધુને વધુ અશાંત બનતું જણાય છે. એક વિશિષ્ટ અહેવાલ મુજબ, સિંધના રાજકીય જૂથો ત્યાંના નવા પ્રાંતોની દરખાસ્તો અને કેટલાક પ્રોજેક્ટ્સ વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવ્યા છે. સ્થાનિક રાજકીય પક્ષો અને લોકોનું માનવું છે કે, આ પગલાં આ પ્રદેશની જમીન, પાણી અને સંસાધનો માટે મોટું જોખમ ઊભું કરી શકે છે.

ઐતિહાસિક રીતે, પાકિસ્તાની શાસન સામે સિંધનું વિરોધમાં ઊભા થવું એ પાકિસ્તાનના આંતરિક વિખવાદને સમર્થન આપતો મોટો સંકેત છે. ઉલ્લેખનીય છે કે, ૧૯૪૦ના દાયકાની શરૂઆતમાં પોતાની વિધાનસભા દ્વારા પાકિસ્તાનની માંગને ઔપચારિક રીતે સમર્થન આપનાર સિંધ એકમાત્ર પ્રાંત હતો; એવા સમયે જ્યારે પંજાબ અને ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંતમાં શક્તિશાળી રાજકીય પરિબળો મુસ્લિમ લીગનો વિરોધ કરી રહ્યા હતા. આશ્ચર્યજનક બાબત એ છે કે એક સમયે પાણી અને સ્થાનિક સ્વાયત્તતાના મુદ્દે સિંધે પાકિસ્તાનને સમર્થન આપ્યું હતું તે જ મુદ્દે આજે સિંધમાં પાકિસ્તાની શાસન સામેના અસંતોષનો અગ્નિ ફેલાઈ રહ્યો છે.

ખાસ વાત એ છે કે, કેટલાક ઉલ્લેખો અને અહેવાલો જણાવે છે કે, આઝાદી સમયથી પાકિસ્તાન સતત એવો આરોપ મુકતું આવ્યું છે કે, ભારત દ્વારા પાકિસ્તાનનું પાણી ચોરવામાં આવી રહ્યું છે. તે સમયે પાકિસ્તાનના નીચલા કાંઠામાં ઘણી સમસ્યાઓ હતી. પાકિસ્તાનના દસ બેરેજ પૈકી સૌથી જૂનો અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો સુક્કુર બેરેજ ધીમે ધીમે કાંપથી ભરાઈ ગયો અને હવે ફરીથી આ વિવાદ સામે આવ્યો છે. ૧૯૩૨માં આ બેરેજે સિંધી રાષ્ટ્રવાદને જન્મ આપ્યો હતો. આઝાદી સમયે આ પ્રાંતની મુસ્લિમ અને હિન્દુ વસતીને વિભાજિત કરીને સિંધને પાકિસ્તાન સાથે જોડવામાં આવ્યું હતું. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૫ પછી ૧૯૩૬માં સિંધ એક સ્વાયત્ત પ્રાંત બન્યો. આનાથી સિંધી મુસ્લિમ રાજકારણના એક વર્ગમાં એક અલગ મુસ્લિમ વતન માટેની મુસ્લિમ લીગની માંગને ટેકો આપવાની વૃત્તિ વધુ મજબૂત બની. આ રાજકીય પરિવર્તનમાં સુક્કુર બેરેજે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ઉલ્લેખનીય છે કે, પૂર્વ પાકિસ્તાની વડા પ્રધાન બેનઝીર ભુટ્ટોએ તેમના પુસ્તક રિકન્સિલિએશન: ઈસ્લામ, ડેમોક્રેસી એન્ડ ધ વેસ્ટમાં પણ આ બાબતોનો સ્વીકાર કર્યો હતો. અંગ્રેજોનું કહેવું હતું કે જળબંબાકાર અને ક્ષારયુક્ત સિંધ પાસે એક અલગ વહીવટીતંત્ર તરીકે સ્વતંત્ર રીતે શાસન ચલાવવા માટે પૂરતી આવક નથી. ત્યારબાદ બેનઝીરના દાદાએ ઉપલા સિંધની શુષ્ક જમીનને ફળદ્રુપ બનાવવા માટે સુક્કુર બેરેજ પ્રોજેક્ટની શરૂઆત કરી હતી. સુક્કુર બેરેજના નિર્માણ



સાથે સિંધે એટલી આવક મેળવી લીધી કે જેના આધારે તેઓ એવી દલીલ કરી શક્યા કે મુસ્લિમ સિંધને હિન્દુ ભારતથી અલગ કરવામાં આવે. તેઓ સફળ થયા, અને બ્રિટિશ શાસન હેઠળ સિંધ ફરી એક અલગ અસ્તિત્વ તરીકે ઉભરી આવ્યું.'

પરિસ્થિતિ એવી થઈ છે કે, હવે સિંધે બહારથી થતી વર્ચસ્વ અંગેની જૂની રાજકીય ચિંતાએ એક અલગ સ્વરૂપ ધારણ કર્યું છે. પાકિસ્તાનની અંદર પંજાબના વર્ચસ્વનો ડર અને આ પાકિસ્તાનના ઈતિહાસનું એક પુનરાવર્તિત પાસું રહ્યું છે. પૂર્વ બંગાળ પોતે પણ પાકિસ્તાન આંદોલનમાં મોખરે હતું. બંગાળના સૌથી પ્રભાવશાળી મુસ્લિમ લીગ નેતાઓમાંના એક અને ૧૯૪૬ના 'ગ્રેટ કલકત્તા કિલિંગ્સ' પાછળના મુખ્ય સૂત્રધાર હુસૈન શહીદ સુહરાવર્દી, શેખ મુજીબુર રહેમાનના રાજકીય માર્ગદર્શક પણ હતા, જેમણે આખરે બાંગ્લાદેશનું નિર્માણ કરનાર સંઘર્ષનું નેતૃત્વ કર્યું હતું. આમ, પાકિસ્તાનની રચના માટે નિર્ણાયક બનેલો પ્રદેશ જ ૧૯૭૧માં તેનાથી અલગ થઈ ગયો.

હાલમાં પીઓકેમાં પણ ઈસ્લામાબાદ સામે આકરા વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા છે. બલૂચિસ્તાન દાયકાઓથી અલગતાવાદી વિદ્રોહનો સામનો કરી રહ્યું છે, જ્યારે કેપી વારંવાર આતંકવાદથી અશાંત બન્યું છે. જાણકારોના મતે પાકિસ્તાનનો ઉદ્ભવ જ 'ભવિષ્યના ડર' અને 'ભૂતકાળના ગૌરવ'માંથી થયો હતો. આ બંને બાબતો ઈસ્લામિક રાજકીય ઓળખના નિર્માણ સાથે અને 'હિન્દુ ભારત'માં મુસ્લિમોના રાજકીય દરજ્જા અંગેની આશંકાઓ સાથે ગાઢ રીતે જોડાયેલી હતી. સમસ્યા એ હતી કે માત્ર ધર્મ જ પાકિસ્તાનના ભાષાકીય, વંશીય, પ્રાંતીય અને આર્થિક મતભેદોને કાયમ માટે ઉકેલી શક્યો નહીં. આ વિરોધાભાસોએ દેશનો તેના સમગ્ર ઈતિહાસ દરમિયાન પીછો કર્યો છે. એવું કહેવાય છે કે, પરંપરાગત રીતે પાકિસ્તાનની સૌથી શક્તિશાળી સંસ્થા તેની સેના રહી છે. રાજ્યતંત્ર પર તેની પકડનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે જ્યારે અન્ય દેશો પાસે સેના હોય છે, ત્યારે પાકિસ્તાનમાં સેના પાસે એક દેશ છે. તાજેતરના વર્ષોમાં, સૈન્યની પ્રતિષ્ઠા અને રાજકીય કાયદેસરતા ભારે ચર્ચા હેઠળ આવી છે; ખાસ કરીને ઈમરાન ખાનના 'વિદ્રોહ' પછી, જેના કારણે લશ્કરી તંત્ર પ્રત્યે પંજાબમાં પણ દુશ્મનાવટ જોવા મળી છે, જે પરંપરાગત રીતે સેનાનો મુખ્ય રાજકીય અને ભરતીનો આધાર રહ્યો છે.

પાકિસ્તાનની અંદર ઘેરાયેલી સ્થિતિને જોતાં, ત્યાં ફરીથી ઈસ્લામિક ઓળખનો ઉભાર જોવા મળે તે આશ્ચર્યજનક નથી. ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે એપ્રિલ ૨૦૨૫માં અને ત્યારબાદ વધુ સ્પષ્ટપણે આ વિચારને સમર્થન આપીને ખુલ્લેઆમ વાચા આપી હતી કે મુસ્લિમો અને હિન્દુઓ મૂળભૂત રીતે બે અલગ રાષ્ટ્રો છે જે એક સાથે રહી શકતા નથી. આ બાબત આપણને સુચક રીતે અમેરિકા તરફ ખેંચી જાય છે. જાન્યુઆરી ૨૦૨૫માં ડોનાલ્ડ ટ્રમ્પના વ્હાઈટ હાઉસમાં પુનરાગમન સાથે, વોશિંગ્ટન અને ઈસ્લામાબાદ વચ્ચે ફરી વ્યૂહાત્મક સમાનતા જોવા મળી છે, જેણે પાકિસ્તાનની ગ્લોબલ પ્રેઝન્સ અને જનરલ મુનીરની વધતી રાજદ્વારી પ્રોફાઈલમાં યોગદાન આપ્યું છે. પાકિસ્તાનનો ઈતિહાસ સૂચવે છે કે અમેરિકન વ્યૂહાત્મક આશ્રય પરની નિર્ભરતા જોખમી સાબિત થઈ શકે છે. વોશિંગ્ટનનો ઈસ્લામાબાદમાં રસ તાત્કાલિક ભૌગોલિક-રાજકીય જરૂરિયાતો અનુસાર વારંવાર વધ્યો અને ઘટયો છે.

અમેરિકા-પાકિસ્તાન સંબંધોમાં વધુ ઘણો વિરોધાભાસ પણ છે. વોશિંગ્ટને પાકિસ્તાનનો વ્યૂહાત્મક હેતુઓ માટે ઉપયોગ કરવાનો વારંવાર પ્રયાસ કર્યો છે, જ્યારે તેને જાણવા મળ્યું છે કે પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થાના પોતાના અલગ ઉદ્દેશ્યો છે. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ (૯/૧૧) પછીની ઘટનાઓ તેનું સૌથી સ્પષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. જ્યારે ૯/૧૧ની ઘટના બની ત્યારે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ''જેના તત્કાલીન વડા લેફ્ટનન્ટ જનરલ મહમૂદ અહેમદ વોશિંગ્ટનમાં જ હતા. જ્યોર્જ ડબલ્યુ. બુશ વહીવટીતંત્રે ત્યારબાદ માંગ કરી હતી કે જનરલ પરવેઝ મુશર્રફ તાલિબાન નેતા મુલ્લા ઉમર પર ઓસામા બિન લાદેનને સોંપવાનું દબાણ કરે અથવા અફઘાનિસ્તાનમાં અમેરિકી હસ્તક્ષેપના પરિણામો ભોગવવા તૈયાર રહે. દેખીતી રીતે તાલિબાન નેતૃત્વને મનાવવા માટે જનરલ મહમૂદને પાકિસ્તાની મૌલવીઓ સાથે કંદહાર મોકલવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનમાં એસોસિએટેડ પ્રેસના પત્રકાર કેથી ગેનન તેમના પુસ્તક '' ઈઝ ફોર ઈન્ફિડેલથ ફ્રોમ હોલી વોર ટુ હોલી ટેરરમાં એક રસપ્રદ વિગત આપે છે. તેઓ મહમૂદને ઈસ્લામિક આતંકવાદીઓ પ્રત્યે ઊંડી સહાનુભૂતિ ધરાવતા વ્યક્તિ તરીકે વર્ણવે છે અને તેમને 'મુલ્લા ઉમર સાથે વાટાઘાટો કરવા' મોકલવામાં રહેલા અસાધારણ વિરોધાભાસની નોંધ લે છે. ગેનન લખે છે : 'જનરલ અહેમદ ધીમી ગતિએ બોલતા આ નેતાને એક બાજુ લઈ ગયા અને તેમને અમેરિકા સામે પ્રતિકાર કરવાની વિનંતી કરી.

જાણકારોના મતે બુલચિસ્તાનમાં બલોચો દ્વારા જે રીતે ભયાનક હુમલા કરવામાં આવી રહ્યા છે, જે રીતે તેમણે પાકિસ્તાની આર્મી સામે જંગ છેડી દીધો છે તે જોતાં લાગી રહ્યું છે કે, હવે સ્થિતિ વધારે વણસે તેમ છે. અહિંયા ગમે ત્યારે બલોચ આર્મી અને સ્થાનિકો કબજો જમાવી લે તેવી શક્યતાઓ સૌથી વધારે છે. આ સિવાય પીઓકેમાં પણ લોકો અને સ્થાનિક તંત્રમાં પણ અસંતોષ જોવા મળી રહ્યો છે. પાકિસ્તાનની કેટલી પોલિસીઓનો અહીંયા વ્યાપક વિરોધ કરવામાં આવી રહ્યો છે. પીઓકેના લોકો વારંવાર પોતાને અલગ કરીને ભારતમાં જોડવાની ડિમાન્ડ કરી રહ્યા છે. તે માટે કેટલાક આંદોલન પણ ચાલી રહ્યા છે. સમજવાની વાત એ છે કે, પાકિસ્તાનના નિર્માણમાં સિંધે મહત્વની ભૂમિકા ભજવી હતી. આજે, જ્યારે આ પ્રાંત વિરોધમાં ઊભો થયો છે, ત્યારે પાકિસ્તાનનું પતન નજીક હોવાના પડઘમ સંભળાઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. પાકિસ્તાનના આ 'જેલી સ્ટેટ' ચોક્કસપણે પોતાની ક્ષમતા કરતાં વધુ ખેંચાઈ ચૂક્યા છે. જો તે જરૂરી સુધારાત્મક પગલાં નહીં લે, તો તેનું આંતરિક વિખંડન થઈ શકે છે. આ વખતે બે કરતાં વધુ ટુકડાઓમાં વહેંચાઈ જશે. ત્યારબાદ તેના પતન પર શોક મનાવવા માટે બહુ ઓછા લોકો હશે. બલુચિસ્તાન, પીઓકે અને હવે સિંધ પ્રાન્ત પણ પાકિસ્તાનથી જુદા પડવાના આરે આવી ગયા છે. પાકિસ્તાનમાં પડેલી તિરાડો વધુ મોટી થઈ જશે અને તેને રિપેર કરવી પણ મુશ્કેલ થઈ જશે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : શિવ આદિ અનાદિ છે- જ્યોતિર્લિંગનું અને પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથનું માહાત્મ્ય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા ગાન કરી રહયા છીએ ત્યારે આજે શ્રાવણ વદ ચોથ/પાંચમ છે તો આજે જોઈએ જ્યોતિર્લિંગ એટલે શું?ભારતીય સનાતન સંસ્કૃતિમાં ભગવાન શિવને સંહાર ના નહીં, પણ કલ્યાણના દેવતા તરીકે પૂજવામાં આવે છે. શિવ એટલે મંગલમય,કલ્યાણકારી નિરાકાર પરબ્રહ્મ જ્યારે સાકાર જ્યોતિ સ્વરૂપે પ્રગટ થયા, ત્યારે તે દિવ્ય તેજ સ્તંભને જ્યોતિર્લિંગ કહેવામાં આવ્યું. શિવપુરાણ અનુસાર,એક વખત બ્રહ્માજી અને વિષ્ણુજી વચ્ચે શ્રેષ્ઠતાને લઈને વિવાદ થયો, ત્યારે તેમની વચ્ચે એક અનંત જ્યોતિ સ્તંભ પ્રગટ થયો, જેનો કોઈ આદિ-અંત ન હતો. તે જ નિરાકાર શિવનું સાકાર સ્વરૂપ હતું. તે જ્યોતિર્લિંગ જ્યાં જ્યાં પૃથ્વી પર સ્થાપિત થઈ અને ભક્તોના કલ્યાણ માટે સ્થિર થઈ, તે સ્થાનો બાર જ્યોતિર્લિંગ તરીકે પ્રસિદ્ધ થયા. આ બાર જ્યોતિર્લિંગના દર્શન માત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે, એવી શાસ્ત્રોની માન્યતા છે. આ બાર પવિત્ર જ્યોતિર્લિંગમાનું પ્રથમ અને સૌથી પ્રાચીન જ્યોતિ લિંગ એટલે સૌરાષ્ટ્રના સાગરકાંઠે બિરાજમાન શ્રી સોમનાથ મહાદેવ.

પ્રથમ જ્યોતિર્લિંગ:શ્રી સોમનાથ ધામ સોમનાથ મંદિર ગુજરાત રાજ્યના ગીર સોમનાથ જિલ્લામાં, અરબ સાગરના કિનારે આવેલું છે. તે ત્રિવેણી સંગમ - કપિલા, હિરણ અને સરસ્વતી નદીઓના સંગમ સ્થાને આવેલું છે. ઋગ્વેદ જેવા પ્રાચીન ગ્રંથમાં પણ સોમનાથનો ઉલ્લેખ મળે છે, જે તેની પ્રાચીનતા સાબિત કરે છે.આ મંદિરને ભારતની સાંસ્કૃતિક એકતા અને અખંડતાનું પ્રતીક માનવામાં આવે છે.

મંદિરના પરિસરમાં લગાવેલા એક સ્તંભ પર સંસ્કૃતમાં લખ્યું છે - 'આ સમુદ્રના કિનારાથી દક્ષિણ ધ્રુવ સુધી સીધી રેખામાં કોઈ ભૂમિ નથી.' એટલે કે આ બિંદુથી દક્ષિણ ધ્રુવ વચ્ચે ફક્ત સમુદ્ર જ છે. આ પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્ર અનેભૂગોળ ના અદભુત જ્ઞાનનું ઉદાહરણ છે.

સોમનાથની કથા સોમ એટલે કે ચંદ્રદેવ સાથે જોડાયેલી છે. કથા અનુસાર, પ્રજાપતિ દક્ષને ૨૭ પુત્રીઓ હતી, જે ૨૭ નક્ષત્રો તરીકે ઓળખાય છે. તે બધીના લગ્ન ચંદ્રદેવ સાથે થયા હતા. પરંતુ ચંદ્રને તેમાંથી ફક્ત રોહિણી પ્રત્યે જ વિશેષ પ્રેમ હતો અને બાકીની ૨૬ પત્નીઓને ઉપેક્ષા કરતા હતા.

દુ:ખી પુત્રીઓએ પિતા દક્ષને ફરિયાદ કરી. દક્ષે ચંદ્રને સમજાવ્યા કે બધી પત્નીઓ સાથે સમાન વ્યવહાર કરો, પરંતુ ચંદ્રે આજ્ઞાનું પાલન ન કર્યું. ક્રોધિત થઈને દક્ષ પ્રજાપતિએ ચંદ્રને શ્રાપ આપ્યો - 'તારો ક્ષય થાઓ.'શ્રાપના કારણે ચંદ્ર ક્ષીણ થવા લાગ્યો, તેની કળા ઘટવા લાગી અને સમગ્ર સૃષ્ટિ પર તેની અસર પડવા લાગી. દુ:ખી ચંદ્ર બ્રહ્માજીની સલાહથી પોતાની પ્રિય પત્ની રોહિણી સાથે પ્રભાસ ક્ષેત્રમાં આવ્યા. અહીં તેણે ભગવાન શિવની કઠોર તપસ્યા કરી અને મહામૃત્યુંજય મંત્રનો જાપ કર્યો.

ચંદ્રની ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન શિવ પ્રગટ થયા અને તેને શ્રાપમાંથી મુક્તિનું વરદાન આપ્યું. શિવજીએ કહ્યું કે શ્રાપને સંપૂર્ણપણે તો નષ્ટ ન કરી શકાય, પણ તેમાં ફેરફાર કરી શકાય. ત્યારથી ચંદ્ર એક પખવાડિયામાં ક્ષીણ થશે - કૃષ્ણ પક્ષ અને બીજા પખવાડિયા માં વૃદ્ધિ પામશે - શુક્લ પક્ષ.

ચંદ્રએ પોતાનું નામ સોમ હોવાથી આ ક્ષેત્રમાં શિવલિંગની સ્થાપના કરી,જે સોમનાથ તરીકે ઓળખાયું. સોમનો નાથ એટલે સોમનાથ. ચંદ્રએ આ મંદિર સૌપ્રથમ સોનાનું બનાવ્યું હતું, એવી દંતકથા છે. ત્યારબાદ રાવણે ચાંદીનું અને ભગવાન શ્રીકૃષ્ણે ચંદનના લાકડાનું મંદિર બાંધ્યું હોવાનું કહેવાય છે.

અડીખમ ઈતિહાસ વિનાશમાંથી સર્જન તરફ સોમનાથનું મંદિર માત્ર એક મંદિર નથી,તે ભારતીય આત્મા ની અજરામરતાનું પ્રતીક છે. ઈતિહાસમાં આ મંદિર પર અનેક વખત વિદેશી આક્રમણો થયા, પણ દરેક વખતે તે વધુ તેજસ્વી બનીને ફરી ઉભું થયું.ઈતિહાસકારોના મતે પહેલું ઐતિહાસિક મંદિર લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાં અસ્તિત્વમાં હતું ઈ.સ.૬૪૯માં વલ્લભીવંશના રાજા મૈત્રકે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ત્યારબાદ પ્રતિહાર રાજા નાગભટ્ટ બીજાએ ૮૧૫ માં લાલ પથ્થરોથી ત્રીજા મંદિરનું નિર્માણ કર્યું.

સૌથી ભયાનક આક્રમણ ઈ.સ. ૧૦૨૫-૨૬ માં ગઝનીના મહમદ ગઝનવીએ કર્યું. કહેવાય છે કે તે સમયે મંદિર ૧૩ માળ ઊંચું હતું, તેના દરવાજા હીરા-ઝવેરાતથી જેડેલા હતા, ૧૪ સુવર્ણ કળશ શોભતા હતા અને સમુદ્રમાં દૂરથી વહાણોને દેખાય તે માટે તેની ધજા ફરકતી હતી. મંદિરની સમૃદ્ધિ અપાર હતી ૧૦ હજાર ગામડાં મંદિરના નિભાવ માટે અર્પિત હતા, બસો મણની સોનાની સાંકળ પર ઘંટડીઓ લટકતી હતી અને 56 વિશાળ સાગના સ્તંભો પર મંદિર ટકેલું હતું.ગઝનવીએ ૫૦ હજાર લોકોની હત્યા કરી,પાંચ ગજ ઊંચી શિવમૂર્તિના ટુકડા કરીને તેને ગઝની ની મસ્જિદના પગથિયાં નીચે દાટી દીધી.પણ હિન્દુ શ્રદ્ધા હારી નહીં. ૧૦૨૬-૧૦૪૨માં માળવાના ભોજ પરમાર અને સોલંકી રાજા ભીમદેવ પ્રથમે ચોથું મંદિર બંધાવ્યું. ૧૧૬૯ માં સમ્રાટ કુમારપાળે ફરી તેને ભવ્ય બનાવ્યું. ૧૨૯૯ માં અલ્લાઉદ્દીન ખીલજીના સેનાપતિ ઉલુઘખાને, ૧૩૯૪ માં મુઝફ્ફરશાહ બીજાએ, ૧૪૧૪ માં અહમદશાહે, ૧૪૫૯ -૧૫૧૧ માં મહમદ બેગડાએ અને છેલ્લે ૧૭૦૬ માં ઔરંગઝેબે મંદિર નો વિનાશ કર્યો. દરેક વખતે રા'નવઘણ, મહિપાલદેવ, રા'માંડલિક અને ૧૭૮૭માં ઈન્દોરના મહારાણી અહલ્યાબાઈ હોલકરે મંદિરને ફરી બેઠું કર્યું.

નવભારતમાં પુનર્નિર્માણ -નિર્માણનો વિજય ભારત સ્વતંત્ર થયું ત્યારે આ ખંડેર સમાન મંદિરને જોઈને સરદાર વલ્લભભાઈ પટેલનું હૃદયદ્રવી ઉઠ્યું ૧૩ નવેમ્બર ૧૯૪૭ ના રોજ તેમણે સોમનાથના પુનઃનિર્માણની પ્રતિજ્ઞા લીધી. તેમના સંકલ્પથી ચાલુક્ય શૈલીનું 'કૈલાશ મહામેરુ પ્રાસાદ' મંદિર ગુજરાતના પ્રસિદ્ધ સોમપુરા કારીગરો દ્વારા બનાવવામાં આવ્યું.

૧૧ મે ૧૯૫૧ ના રોજ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે જ્યોતિર્લિંગની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારે તેમણે કહેલું વાક્ય આજે પણ સોમનાથના પથ્થરો પર ગુંજે છે -*'સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે. તે દિવસે ૧૦૧ તોપોની સલામી આપવામાં આવી અને નૌકાદળે સમુદ્રમાંથી તોપો ફોડીને મહાદેવનું સ્વાગત કર્યું. આજે આ મંદિર શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સંચાલિત છે. તેના પ્રથમ અધ્યક્ષ સરદાર પટેલ હતા. સોમનાથ આપણને શીખવે છે કે શરીરને તોડી શકાય છે,મંદિરોને તોડી શકાય છે.

# સદ્યોજાત, વામદેવ, તત્પુરુષ, અઘોર, અને ઈશાન, નામનાં શિવનાં પાંચ અવતારની કથા જાણીએ

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારાં સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

રુદ્ર સંહિતાના પાંચેય ખંડનું સંક્ષિપ્તમાં આપણે ચિંતન કર્યું! અને ભક્ત માટે ભગવાનનું હંમેશા માટે એકદમ ભોળું અને નિરાળું સ્વરૂપ છે, એ જોયું. શિવ પુરાણમાં રુદ્ર સંહિતા પછી, એટલે કે શિવ પાર્વતી અને એમના પરિવાર તેમજ સર્વ કાળમાં શંકર સૌથી શ્રેષ્ઠ છે, એની કથા વિશે આપણે ચિંતન કર્યું. બ્રહ્મા, અને વિષ્ણુનાં પ્રકૃતિ ગત કાર્ય માટે પણ ભગવાન શિવશંકર જ કારણભૂત છે, અને છતાં એકપણ કાર્યનું એને અહમ નથી! ભગવાન અને ભક્ત વચ્ચે માત્ર ભાવ સિવાયની બાકી બધું જ ગૌણ છે, એ એમણે રાવણ, ત્રિપુરાસુર, તેમજ બાણાસુરની મદદ કરીને આચરણથી સિદ્ધ કર્યું. શિવ પુરાણમાં ભગવાન શિવનાં અનન્ય અવતાર સ્વરૂપ ને આલેખતા શતરુદ્ર સંહિતાનું પ્રકરણ આવે છે, અને શિવ અજન્મા છે, એટલે કોઈ માતાની કુખેથી જન્મ લેતા નથી, પણ પ્રગટ થયેલા મુખ્ય પાંચ અવતારની વાત આપણે આજે ચિંતનમાં કરીશું. ૧** સદ્યોજાત, શતરુદ્ર સંહિતામાં ભગવાનનાં વિવિધ અવતારની વાત આવે છે, અને એ પણ સૃષ્ટિના પ્રારંભ કાળમાં કે જ્યારે સ્વયં શિવે સૃષ્ટિ સર્જન કાર્ય માટે વિષ્ણુનાં નાભિ કમલ માંથી બ્રહ્માની ઉત્પત્તિ કરી. શતરુદ્ર સંહિતામાં નંદીકેશ્વર વેદ વ્યાસને આ અવતારની વાત કરી રહ્યા છે. પ્રારંભના કલ્પમાં બ્રહ્મા પરબ્રહ્મનું ધ્યાન કરે છે, ત્યારે તેમને સદ્યોજાત શિવ સ્વરૂપનાં દર્શન થયા! પોતાની સદબુદ્ધિથી બ્રહ્માજી એ સ્વરૂપનું ધ્યાન અને ચિંતન કરવાં લાગ્યાં, ત્યારે શ્વેત વર્ણનાં સુનન્દ, નન્દન, વિશ્વનંદ, અને ઉપનન્દન એમ ચાર કુમાર પ્રગટ થયા, અને એ બ્રહ્માજીનાં શિષ્ય બન્યા, અને એમનાં દ્વારા બ્રહ્મ લોકનો વ્યાપ થયો. શિવના સદ્યોજાત સ્વરૂપે બ્રહ્માને સૃષ્ટિ સર્જનની શક્તિ પ્રદાન કરી. ૨)**વામદેવ 'રક્ત' નામનાં વીસમાં કલ્પમાં, બ્રહ્માજી એ રક્ત વર્ણનું શરીર ધારણ કરીને પુત્ર કામનાથી ધ્યાન કરી રહ્યા હતા, એ સમયે એમનાથી એક પુત્ર પ્રગટ થયો, જેના શરીર પર લાલ રંગનું વસ્ત્ર અને લાલ રંગની માળા હતી, જે આત્મબળથી સંપન્ન હતો. ધ્યાનસ્થ બ્રહ્માજી ને જ્ઞાત થયું કે આ શિવનો વામદેવ અવતાર છે, એમણે એમને કરબદ્ધ પ્રાર્થના કરી અને વામદેવ રુપી શિવે પ્રસન્ન થઈ વિરજા,વિવાહ, વિશોક અને વિશ્વભાવન એમ બીજા ચાર પુત્રો આપ્યાં જેમણે પણ લાલ વસ્ત્ર ધારણ કર્યાં હતાં.

૩**તત્પુરુષ, એ પછી પીતવાસા નામનો એકવીસમો કલ્પ આવ્યો, અને ફરી બ્રહ્મા પુત્ર કામનાથી ધ્યાન કરી રહ્યાં હતાં, ત્યારે એમનામાંથી મહા તેજસ્વી કુમાર ઉત્પન્ન થયો, તેમની ભૂજાઓ વિશાળ હતી અને પિતાંબર ધારી નાં બ્રહ્માજીને શિવનાં તત્પુરુષ સ્વરૂપનાં દર્શન થયા! અને એમણે, તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધિમહી, તન્નો રુદ્ર પ્રચોદયાત, એ શિવ ગ્રાયત્રી શ્લોકનો જાપ કર્યા, અને એમનાં પાશ્વ ભાગમાંથી પીતવસ્ત્ર ધારી કુમારો પ્રગટ થયા જે યોગમાર્ગના પ્રવર્તક થયાં. ૪** અઘોર, શિવ નામના કલ્પમાં, એક સહસ્ત્ર દિવ્ય વર્ષની સમાપ્તિ પછી, ફરી પાછાં બ્રહ્મા સૃષ્ટિ સર્જન માટે દુ:ખી થઈ ગયાં, અને ચિંતા કરવાં લાગ્યાં, ત્યારે એ સમયે બ્રહ્મા સમક્ષ એક મહાતેજસ્વી કુમાર ઉત્પન્ન થયો, જેનો રંગ કાળો હતો, પણ તેનું તેજ અપરંપાર હતું, તેણે કાળું વસ્ત્ર કાળી પાઘડી અને કાળી જનોઈ ધારણ કરી હતી, એનો મુગુટ પણ કાળો હતો અને અનુલેપન કરેલ ચંદન પણ કાળું હતું. દેખાવે ભયંકર, પરાક્રમી અને છતાં અલૌકિક મહામનસ્વી કૃષ્ણ પીંગળ વર્ણવાળા અઘોર સ્વરૂપની સ્તુતિ વંદના કરી, ત્યારે એમનાં પાશ્વ ભાગમાંથી કૃષ્ણ વર્ણ વાળા ચાર કુમાર ઉત્પન્ન થયાં, એ બધાં પરમ તેજસ્વી કુમારનાં નામ કૃષ્ણ કૃષ્ણશિખ કૃષ્ણાસ્ય અને કૃષ્ણકંઠધૃક હતાં, અને એમણે બ્રહ્માની સૃષ્ટિ રચના માટે ઘોર નામના યોગનો પ્રચાર કર્યો.

૫** ઈશાન, ત્યાર પછી બ્રહ્માનો વિશ્વરૂપ નામે ઓળખાતો બીજો કલ્પ શરુ થયો, જે પરમ અને અદભૂત હતો. સૃષ્ટી સર્જનનું કાર્ય કરવા બ્રહ્મા ફરી ધ્યાનસ્થ થયાં, અને એ સમયે સિંહ નાદ સાથે સરસ્વતી પ્રગટ થયાં, અને સાથે સાથે પરમેશ્વરનાં ઈશાન સ્વરૂપનો પણ પ્રાદુર્ભાવ થયો, જેનો વર્ણ શુદ્ધ સ્ફટિક જેવો ઉજ્જવળ હતો, અને એ આભૂષણોથી વિભૂષિત હતાં. એ સ્વરૂપ અજન્મા સર્વવ્યાપી સર્વાન્તયામી સર્વસ્વરૂપ સુંદર રુપવાળા ઈશાનને બ્રહ્માજીએ પ્રણામ કર્યા, ત્યારે શક્તિ સહિત પ્રગટ થયેલા એ વિભુ ઈશાન એ પણ બ્રહ્માને સન્માર્ગનો ઉપદેશ આપીને ચાર સુંદર બાળકોનું વરદાન આપ્યું, જેનાં જટી, મુંડી, શિખંડી, અને અર્ધમુંડી, જે સદધર્મનું પાલન અને પ્રચાર કરતાં કરતાં યોગ ગતિને પ્રાપ્ત થઈ ગયાં. નંદીશ્વર એ સનતકુમારને કહ્યું કે આમ જગતનાં હિત માટે સદ્યોજાત વગેરે અવતારોનું પ્રાગટ્ય બતાવ્યું. મહેશ્વરના ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ અને સદ્યોજાત એ પાંચ મૂર્તિઓ વિશેષ રૂપે પ્રસિદ્ધ છે. એમાં ઈશાન જે શિવ સ્વરૂપ તથા સૌથી મોટા છે એ પહેલાં કહેવાયા છે, તે સાક્ષાત પ્રકૃતિ ક્ષેત્રમાં નિવાસ કરનારા ભોક્તા છે, તેમજ શિવનું લોકપ્રિય સ્વરૂપ છે. શિવજીનું બીજું સ્વરૂપ તત્પુરુષ નામથી પ્રખ્યાત છે, તે ગુણોના આશરે રૂપ તથા ભોગ સર્વજ્ઞ છે. પીનાકધારી શિવનું અઘોર નામનું ત્રીજું સ્વરૂપ છે, તે ધર્મને માટે અંગો સહિત બુદ્ધિ તત્વનો વિસ્તાર કરવાં સૌની અંદર બિરાજમાન રહે છે. વામદેવ નામ વાળા શંકરનું ચોથું સ્વરૂપ અહંકારનું અધિષ્ઠાન છે, તે સદા અનેકો પ્રકારનું કાર્ય કરે છે. વિચારશીલ બુદ્ધિમાનોનું કથન છે, કે શંકરનું ઈશાન સ્વરૂપ સદા કર્ણ,વાણી, અને સર્વવ્યાપી આકાશનું અધિશ્વર છે, તથા મહેશ્વરનું પુરુષ નામનું રૂપ, પાણી, અને સ્પર્શ ગુણના વિશિષ્ટ વાયુનો સ્વામી છે. અઘોર નામવાળા રૂપને શરીર, રસ, રૂપ અને અગ્નિનું અધિષ્ઠાન કહે છે. શંકરજીનું વામદેવ સ્વરૂપ, રસના, વાયુ, રસ, અને જળના સ્વામી તરીકે ઓળખાય છે. પ્રાણ, ઉપસ્ય, ગંધ અને પૃથ્વી, શિવજીનું સદ્યોજાત નામનું રૂપ બતાવાય છે. કલ્યાણકામી મનુષ્યએ શંકરનાં સ્વરૂપોની સદા પ્રયત્ન પૂર્વક વંદના કરવી જોઈએ, કેમ કે શ્રેય પ્રાપ્તિમાં માટેનો એ એક માત્ર ઉપાય છે, ભગવાન શિવનાં આ પાંચ મુખ્ય અવતારનાં પ્રાગટ્યની કથા વાંચે અથવા સંભળાવે, તે જગતમાં સમસ્ત કામ્ય ભોગોનો ઉપયોગ કરીને, અંતમાં પરમ ગતિને પ્રાપ્ત થાય છે.

# 'પોસ્ટલ બિઝનેસ ડેવલપમેન્ટ એન્ડ ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન' મહામેળાનો ગાંધીનગર નગરપાલિકા સભાખંડમાં પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે કર્યો શુભારંભ

### નાણાકીય સમાવેશ, ડિજિટલ નવીનતા અને ઈ-કોમર્સ લોજિસ્ટિક્સથી લઈને ઈન્ડિયા પોસ્ટ દૂરના વિસ્તારો સુધી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે – પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ





**અમદાવાદ, તા.31**

ઈન્ડિયા પોસ્ટ પોતાની દૂરંદેશી કાર્યશૈલી અને 'ડાક સેવા-જન સેવા'ના મૂળમંત્ર સાથે દેશના ખૂણે-ખૂણે વિશ્વસનીય અને સુલભ સેવાઓ પહોંચાડવામાં સતત અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે. ખાસ કરીને ગ્રામ્ય, દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારોમાં પોસ્ટ વિભાગે પોતાની મજબૂત ઉપસ્થિતિ દ્વારા સામાન્ય જનતાનો વિશ્વાસ પ્રાપ્ત કરીને પોતાને દેશની એક સશક્ત અને પ્રભાવશાળી જનસેવા સંસ્થા તરીકે સ્થાપિત કરી છે. ભારત સરકારની વિવિધ અગ્રણી યોજનાઓનો અમલ પોસ્ટ ઓફિસોના માધ્યમથી કરવામાં આવી રહ્યો છે. ઉક્ત ઉદ્‌ગાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે તા. 31 ઓગસ્ટ 2026ના રોજ રાજધાની ગાંધીનગર સ્થિત ગાંધીનગર નગરપાલિકા સભાખંડમાં "પોસ્ટલ બિઝનેસ ડેવલપમેન્ટ એન્ડ ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન"નો મુખ્ય અતિથિ તરીકે શુભારંભ કરતાં વ્યક્ત કર્યા. આ પ્રસંગે તેમણે સુકન્યા સમૃદ્ધિ યોજના, બચત યોજનાઓ, પોસ્ટલ જીવન વીમા તથા ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના લાભાર્થીઓને પાસબુક અને પોલિસી બોન્ડ અર્પણ કર્યા તેમજ ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પોસ્ટલ કર્મચારીઓને સન્માનિત કરીને તેમનો ઉત્સાહ વધાર્યો. ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક શુભમ ડોંગરદિવેએ ઉપસ્થિત મહેમાનો તેમજ ગ્રાહકોનું સ્વાગત કર્યું.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, પોસ્ટ વિભાગ નવી ઊર્જા અને નવા ઉદ્દેશ્ય સાથે સતત આગળ વધી રહ્યો છે. ભારતના સંચાર અને લોજિસ્ટિક્સ તંત્રને આધુનિક બનાવવા, નવીનતાને પ્રોત્સાહન આપવા તથા નાગરિકકેન્દ્રિત સેવા વિતરણને વધુ સુદૃઢ બનાવવા માટે પોસ્ટ વિભાગ પ્રતિબદ્ધ છે. પોસ્ટ વિભાગે નાણાકીય સમાવેશને વધુ વ્યાપક બનાવવા, ડિજિટલ કનેક્ટિવિટીમાં સતત સુધારો કરવા, ગ્રામ્ય લોજિસ્ટિક્સનો વિસ્તાર કરવા તેમજ નાગરિકોની ભાગીદારીને સશક્ત બનાવતી વિવિધ પહેલો દ્વારા ભારતના અંતિમ છેડા સુધીના ડિલિવરી નેટવર્કને વધુ મજબૂત બનાવ્યું છે. પોસ્ટ વિભાગે એમેઝોન, ફ્લિપકાર્ટ વગેરે સાથે ભાગીદારી કરીને અંતિમ છેડા સુધી પાર્સલ ડિલિવરી સેવાઓ પહોંચાડવા માટે ઈ-કોમર્સ લોજિસ્ટિક્સ તંત્રને મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પોસ્ટ વિભાગ નવીનતમ ટેક્નોલોજી અપનાવીને ડિજિટલ પહેલો અને આધુનિક સેવાઓના માધ્યમથી નાગરિકોના અનુભવને સતત વધુ સારો બનાવી રહ્યું છે. કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાજીના વિઝનથી પ્રેરિત થઈને યુવાનો માટે આઈઆઈટી ગાંધીનગર ખાતે એન-જેન પોસ્ટ ઓફિસ શરૂ કરવામાં આવી છે. શહેરી વિસ્તારોની પોસ્ટ ઓફિસની સાથે હવે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી બ્રાંચ પોસ્ટ ઓફિસો દ્વારા પણ ડિજિટલ પેમેન્ટ જેવી આધુનિક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેના કારણે નાગરિકોને ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક સેવાઓનો લાભ મળી રહ્યો છે. ગાંધીનગરમાં નાણાકીય સમાવેશ અંતર્ગત અત્યાર સુધીમાં 403થી વધુ ગામોને 'સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ', 133થી વધુ ગામોને 'સંપૂર્ણ બચત ગ્રામ' તથા 130થી વધુ ગામોને 'સંપૂર્ણ વીમા ગ્રામ' તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક શુભમ ડોંગરદિવેએ જણાવ્યું કે આ મહામેળાનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય જનતાને પોસ્ટ ઓફિસ સાથે જોડાયેલી તમામ કલ્યાણકારી યોજનાઓ અંગે જાગૃત કરવાનો અને વધુમાં વધુ લોકોને આ યોજનાઓ સાથે જોડવાનો છે. હાલમાં ગાંધીનગર મંડળમાં નાણાકીય સમાવેશ અંતર્ગત કુલ 7.67 લાખ બચત ખાતાઓ, 93 હજારથી વધુ સુકન્યા સમૃદ્ધિ ખાતાઓ તથા 94 હજારથી વધુ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ખાતાઓ કાર્યરત છે. ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસ ખાતે પાસપોર્ટ સેવા કેન્દ્રના માધ્યમથી ચાલુ નાણાકીય વર્ષમાં 8 હજારથી વધુ લોકોએ પાસપોર્ટ બનાવડાવ્યો છે. જ્યારે 32 હજારથી વધુ લોકોએ પોસ્ટ ઓફિસ દ્વારા આધાર સેવાઓ મેળવી છે. તેમજ 31 હજાર લોકોએ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા સીએએલસી અંતર્ગત આ સેવાનો લાભ લીધો છે. આધાર સેવાઓની સતત વધતી માંગ અને નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસ અને કલોલ હેડ પોસ્ટ ઓફિસ ખાતે આધાર સેવાઓ સવારે 08:00 વાગ્યાથી સાંજે 08:00 વાગ્યા સુધી કાર્યરત રાખવામાં આવી રહી છે. ઈન્ટરનેશનલ ટ્રેક્ડ પેકેટ સર્વિસ હવે 135 દેશોમાં ઉપલબ્ધ છે, જ્યારે અગાઉ આ સુવિધા માત્ર 41 દેશો સુધી મર્યાદિત હતી. મુખ્ય દેશો માટે મહત્તમ વજન મર્યાદા વધારીને 5 કિલોગ્રામ કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષમાં ગાંધીનગર મંડળ દ્વારા આશરે 5,000 આંતરરાષ્ટ્રીય મેઈલનું બુકિંગ કરવામાં આવ્યું છે, જેમાંથી 3,500થી વધુ બુકિંગ છેલ્લા બે મહિનામાં કરવામાં આવ્યા છે. રક્ષાબંધન દરમિયાન બહેનોએ પણ આ સુવિધાનો લાભ લઈને વિદેશમાં રહેતા પોતાના ભાઈઓને રાખડીઓ મોકલી હતી. તાજેતરમાં પોસ્ટ વિભાગ અને ગુજરાત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ વચ્ચે જંતુનાશક દવાઓ, બીજ તથા ખાતરના નમૂનાઓનું સ્પીડ પોસ્ટ દ્વારા બુકિંગ અને ડિલિવરી કરવા અંગે કરાર કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ દ્વારા ઉત્તર ગુજરાતમાં 'આત્મનિર્ભર બ્રાંચ પોસ્ટ ઓફિસ' અંતર્ગત શરૂ કરવામાં આવેલા 'પોસ્ટલ વોરિયર્સ' અભિયાન હેઠળ ગાંધીનગરમાં અત્યાર સુધીમાં 262 બ્રાંચ પોસ્ટ ઓફિસોને 'સિલ્વર પોસ્ટલ વોરિયર', 08ને 'ગોલ્ડ પોસ્ટલ વોરિયર' તથા 01ને 'પ્લેટિનમ પોસ્ટલ વોરિયર' તરીકે જાહેર કરવામાં આવી છે. આ નોંધપાત્ર સિદ્ધિ બદલ સંબંધિત બ્રાંચ પોસ્ટમાસ્ટરોનું સન્માન પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે પ્રવર અધિક્ષક શુભમ ડોંગરદિવે, ડેપ્યુટી સુપ્રીટેન્ડેન્ટ સંદીપ કુશવાહ, આઈપીપીબી મેનેજર નિરંજન ભક્તા, સહાયક અધિક્ષક એન. જી. રાઠોડ, હેમંત કંતાર, દીપક મોરે, મનોહર કુમાર, રોનક શાહ, નિરીક્ષક સુસોનલ દેસાઈ, વિજય રાઠોડ, એચ. એમ. પરમાર, ભાવિન પ્રજાપતિ, ગાંધીનગર પોસ્ટમાસ્ટર ડી. એમ. રાઠોડ સહિત મોટી સંખ્યામાં સ્થાનિક પોસ્ટલ કર્મચારીઓ તેમજ ઉપસ્થિત જનતાએ ભાગ લીધો હતો.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ માંડલ તાલુકાના નાના ઉભડા ખાતે રાત્રિ સભામાં ગ્રામજનો સાથે સાધ્યો આત્મીય લોકસંવાદ

### ગામડાંની શુદ્ધ હવા, પરસ્પરનો પ્રેમ અને સામાજિક સમરસતા એ ભારતીય સંસ્કૃતિનો આત્મા છે : રાજ્યપાલ

- **રાજ્યપાલના આગમનથી નાના ઉભડામાં હર્ષોલ્લાસ: ગામના વિકાસ અને સ્વચ્છતા માટે જિલ્લા પંચાયત દ્વારા રૂ. ૧૦ લાખ મંજૂર**



**અમદાવાદ, તા.31**

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના નાના ઉભડા ગામની મુલાકાતે પધારેલા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પે સેન્ટર ઉત્તમ શાળા, નાના ઉભડા ખાતે ગ્રામજનો સાથે રાત્રિ સભા યોજીને આત્મીય લોકસંવાદ સાધ્યો હતો.

ગ્રામજનો સાથે રાત્રી સભામાં સીધો સંવાદ સાધતાં રાજ્યપાલઆચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, 'હું પોતે ખેડૂતપુત્ર છું અને ગુરુકુળમાં શિક્ષક તરીકે કાર્ય કરેલું છે. લોકભવન કરતાં મને ગામડાંના ખેડૂતો અને ગ્રામજનો વચ્ચે રહેવામાં પોતાના પરિવાર જેવો આનંદ અને આત્મીયતા અનુભવાય છે.

પોતાના બાળપણ અને વિદ્યાર્થીકાળના સ્મરણો વાગોળતાં રાજ્યપાલએ કહ્યું હતું કે, શિસ્ત, સખત પરિશ્રમ અને પ્રકૃતિ સાથેનો સંપર્ક જ માણસને સાચો માનવી બનાવે છે. ગામડાંની શુદ્ધ હવા, પરસ્પરનો પ્રેમ અને સામાજિક સમરસતા એ ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. આજે શહેરોમાં ભૌતિક સગવડો હોવા છતાં આત્મીયતાનો અભાવ છે, જ્યારે ગામડાંમાં એકબીજાના સુખ-દુઃખમાં ભાગીદાર બનવાની સુંદર ભાવના જીવંત છે.

તેમણે ગ્રામજનોને અનેક પ્રેરણાદાયી પાસાંઓ પર માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, બાળકોને ઉત્તમ સંસ્કારો અને કુટુંબના મૂલ્યો શીખવવા ખૂબ જરૂરી છે. સાથે માતા-પિતાએ બાળકો સાથે ગુણવત્તાસભર સમય વીતાવવો જોઈએ જેથી તેઓ વ્યસન અને ખોટા માર્ગે જતાં અટકે.

ભૌતિક સંપત્તિ કે છળકપટથી ભેગી કરેલી સંપત્તિ સાથે નથી આવતી, માત્ર આપણા સત્કર્મો જ સાથે જાય છે. તેથી જીવનને વ્યસનમુક્ત બનાવી દીન-દુઃખીઓની સેવા અને સત્કર્મો કરવા એ જ માનવ જીવનની સાચી પૂંજી છે તેમ રાજ્યપાલએ જણાવ્યુ હતું.

રાજ્યપાલઆચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પશુપાલન એ ખેતીનો પૂરક અને સમૃદ્ધિનો આધારસ્તંભ છે. ગામડાંમાં રહીને ઝેરી કે રાસાયણિક ખોરાકથી બચવા પોતાના ઘરનું શુદ્ધ દૂધ, ઘી અને છાશ હોવાં અનિવાર્ય છે. તેમણે ગ્રામજનોને પશુઓમાં નસલ સુધારણા દ્વારા દૂધ ઉત્પાદન અને આવક વધારવા પ્રોત્સાહિત કર્યા હતા.

રાજ્યપાલએ જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગથી જમીન અને અન્ન ઝેરી બની રહ્યા છે, જેના કારણે ગંભીર બીમારીઓ વધી રહી છે. તેના ઉકેલરૂપે તેમણે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવીને જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્ય સાચવવા ભાર મૂક્યો હતો.

રાજ્યપાલએ ગ્રામજનોને પોતાના પરિવાર, ગામ અને સમાજમાં ભાઈચારો અને સમરસતા જાળવી રાખીને સ્વસ્થ તથા સ્વાવલંબી જીવન જીવવાની પ્રેરણા આપી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ તરફથી નાના ઉભડા ગામમાં સ્વચ્છતા અને વિકાસના કાર્યો માટે રૂપિયા 10 લાખની વિશેષ સહાયની જાહેરાત કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સુરજીતસિંહ ગોહિલ, જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, જિલ્લા પોલીસ અધીક્ષક ઓમ પ્રકાશ જાટ, તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યઓ, ગામના સરપંચસહિત ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.




કડાણા ગામે કાવડયાત્રા 2026.............. મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કડાણા ગામે ભજન મંડળની બહેનો દ્વારા આજરોજ એટલે કે તારીખ:- 31/8/2026 ને સોમવારના રોજ શ્રી મહાકાલેશ્વર મંદિરથી મહીસાગર નદીનું પાવનજળ લાવી અભિષેક કરવાનું આયોજન કરવામાં આવેલ હતું સવારે 11:00 કલાકે નાના-મોટા સર્વે ગ્રામજનો વડીલો ભાઈઓ તેમજ બહેનો આ કાવડયાત્રામાં જોડાયા હતા સમૂહ આરતી નો પ્રોગ્રામ પણ રાખવામાં આવેલ હતો સમગ્ર શ્રાવણ માસ દરમિયાન શ્રી સતિષભાઈ સેવક દ્વારા દરરોજ પાર્થેશ્વર શિવલિંગ બનાવી જુદા જુદા યજમાનો દ્વારા પૂજન અર્ચન કરાવવામાં આવે છે શ્રી માનવેન્દ્રભાઈ જોશી શ્રી પ્રવીણભાઈ સેવક શ્રી સતિષભાઈ સેવક શ્રી વર્ષાબેન સેવક દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.....................(ભરતભાઈ એ.પંડ્યા. દીવડા કોલોની.)

# અમદાવાદ શહેરના તમામ શાહુકારો માટે ઈ-કોઓપ પોર્ટલ પર માહિતી અપલોડ કરવા અને વ્યાજદરના નિયમોનું અક્ષરશઃ પાલન કરવા કડક સૂચના

### સમયસર માસિક પત્રકો/ઓડિટ રિપોર્ટ અપલોડ નહીં કરનાર શાહુકારો સામે રજિસ્ટ્રેશન રદ કરવા સહિતની શિક્ષાત્મક કાર્યવાહી કરાશે

**અમદાવાદ, તા.31**

અમદાવાદ શહેરમાં નોંધાયેલા તમામ શાહુકારો (Money Lenders) માટે સરકારશ્રીની સૂચના મુજબ માસિક પત્રકો અને ઓડિટ રિપોર્ટ ઓનલાઈન 'ઈ-કોઓપ પોર્ટલ' (e-Coop Portal) પર અપલોડ કરવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે. શાહુકારો દ્વારા કરવામાં આવતી ધિરાણ પ્રવૃત્તિઓ અંગેની તમામ વિગતો સમયસર અપલોડ કરવામાં નહીં આવે, તો 'ગુજરાત નાણાં ધિરધાર અધિનિયમ-૨૦૧૧'ની કલમ-૨૧ અને નિયમો-૨૦૧૩ ના ભંગ બદલ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરીને લાયસન્સ/રજિસ્ટ્રેશન રદ કરવા સુધીના પગલાં લેવામાં આવશે. શાહુકારો દ્વારા વાર્ષિક ઓડિટ રિપોર્ટ સમયસર રજૂ ન કરવા સબબ તંત્ર દ્વારા કુલ ૧૦૯૬ શાહુકારોને નોટિસ પાઠવવામાં આવી છે. ઓડિટ સંબંધિત મહત્વની જોગવાઈઓ: રૂ. ૫૦ લાખથી વધુનું વાર્ષિક ધિરાણ ધરાવતા શાહુકારો: માન્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) પાસે ઓડિટ કરાવવું ફરજિયાત છે.

રૂ. ૫૦ લાખથી ઓછું વાર્ષિક ધિરાણ ધરાવતા શાહુકારો: સરકારી સ્ટેચ્યુટરી ઓડિટર પાસેથી ઓડિટ કરાવવાનું રહેશે.

નિયત વ્યાજદર અને કાયદાકીય કાર્યવાહી: સરકારશ્રીના તા. ૧૩/૦૧/૨૦૨૧ ના જાહેરનામા અનુસાર રાજ્યમાં નોંધાયેલા તમામ શાહુકારો માટે વ્યાજદરની મર્યાદા નક્કી કરવામાં આવી છે:

તારણવાળા (Secured) ધિરાણ પર: વાર્ષિક વધુમાં વધુ ૧૨% વ્યાજદર.

બિન-તારણવાળા (Unsecured) ધિરાણ પર: વાર્ષિક વધુમાં વધુ ૧૫% વ્યાજદર.

નિયત વ્યાજદર કરતા વધુ વ્યાજ વસૂલવું કે માગણી કરવી એ ફોજદારી ગુનો બને છે. ઉપરાંત, ગેરકાયદે ચોપડી/ચીઠ્ઠી/દાગીના કે અન્ય બાબતો પર ધિરાણ કરનાર ઈસમો સામે કાયદાની કલમ-૪૦ અને ૪૨ મુજબ ગુનો દાખલ કરવામાં આવશે.

ગુજરાત નાણા ધિરધાર કરનાર બાબત અધિનિયમ 2011 અને નિયમ 2013ની જોગવાઈઓનં અક્ષરસહ પાલન કરવાનું રહેશે

અમદાવાદ શહેરના શાહુકારોના નિબંધક અને જિલ્લા રજિસ્ટ્રાર (શહેર) દ્વારા કાયદાકીય માળખામાં રહીને કામ ન કરનાર તથા ઓડિટ પ્રક્રિયા ટાળનારા શાહુકારો સામે કડક વલણ અપનાવવાની સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે. પ્રશાસન દ્વારા આવી કોઈ પણ પ્રકારની મનમાની ચલાવી લેવામાં આવશે નહીં તેમ શાહુકારના નિબંધક અ જિલ્લા રજિસ્ટ્રાસ શહેર અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય, અમદાવાદ ખાતે 53મા રાષ્ટ્રીય બાલ વૈજ્ઞાનિક પ્રદર્શન-2026નો ભવ્ય પ્રારંભ

### "STEM for Viksit and Atmanirbhar Bharat"ની થીમ સાથે દેશભરના બાળ વૈજ્ઞાનિકો દ્વારા નવીન પ્રોજેક્ટ્સનું પ્રદર્શન

**અમદાવાદ, તા.31**

પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય, અમદાવાદ ખાતે આજે 53મા રાષ્ટ્રીય બાલ વૈજ્ઞાનિક પ્રદર્શન-2026નો ભવ્ય પ્રારંભ થયો હતો. "STEM for Viksit and Atmanirbhar Bharat"ની થીમ સાથે ત્રણ દિવસ સુધી યોજાનાર આ રાષ્ટ્રીય કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં દેશના વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા બાળ વૈજ્ઞાનિકો દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં નવીન વિચારો અને પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવી રહ્યા છે. ઉદ્‌ઘાટન સમારોહમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના પૂર્વ સલાહકાર ડૉ. નરોત્તમ શાહુ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે એન. સી.ઈ.આર.ટી.ના પ્રોફેસર શ્રી નિરોજ કુમાર શાહુ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ બાળ વૈજ્ઞાનિક સ્પર્ધકોને સંબોધિત કરી તેમને વૈજ્ઞાનિક અભિગમ, સંશોધનાત્મક વિચારસરણી, સર્જનાત્મકતા અને નવીનતા તરફ આગળ વધવા માટે પ્રેરિત કર્યા હતા.




કાર્યક્રમના પ્રારંભે વિદ્યાલયના પ્રાચાર્ય શ્રી રવીન્દ્રકુમાર દીક્ષિત દ્વારા મુખ્ય અતિથિ, અતિથિ વિશેષ, નિર્ણાયકગણ, વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા વિદ્યાર્થીઓ તથા તેમના એસ્કોર્ટ્સનું વિદ્યાલય પરિવારવતી હાર્દિક સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ રાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શનમાં નવોદય વિદ્યાલય સમિતિ હેઠળના 10 ક્ષેત્રિય સંભાગના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા બાળ વૈજ્ઞાનિકો દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવિધ વિષયો પર આધારિત પ્રોજેક્ટ્સ, સંશોધનાત્મક મોડલ્સ તથા નવીનતમ વિચારો રજૂ કરવામાં આવી રહ્યા છે. ત્રણ દિવસ દરમિયાન યોજાનારા આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક પ્રતિભા, સર્જનાત્મકતા, સંશોધનાત્મક દૃષ્ટિકોણ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાને પ્રોત્સાહન મળશે. સાથે જ વિદ્યાર્થીઓ, શિક્ષકો, નિષ્ણાતો અને નિર્ણાયકગણ વચ્ચે જ્ઞાન તથા વિચારોનું આદાન-પ્રદાન થશે.

"STEM for Viksit and Atmanirbhar Bharat"ની સંકલ્પનાને સાકાર કરવા માટે નવી પેઢીમાં વૈજ્ઞાનિક વિચારસરણી, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે આયોજિત આ રાષ્ટ્રીય બાલ વૈજ્ઞાનિક પ્રદર્શન વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે વધુ રસ અને સંશોધનાત્મક વલણ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# IPLમાંથી વિવાદિત નિયમ હટાવવાની તૈયારી, રોહિત-કોહલીએ પણ ઊઠાવ્યો હતો વાંધો, હવે BCCI એ સૂચન માગ્યા

**નવી દિલ્હી, તા.31**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં ઈમ્પેક્ટ પ્લેયર રુલને લઈને સતત સવાલો ઉઠતા રહ્યા છે. હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ તમામ 10 ફ્રેન્ચાઈઝી ટીમો પાસે આ નિયમને લઈને સત્તાવાર ફીડબેક માગ્યું છે. ટીમોએ પોતાનો અભિપ્રાય 31 ઓગસ્ટ સુધીમાં બોર્ડને મોકલવો પડશે. ત્યારબાદ મળેલા સૂચનોના આધારે આગામી સીઝન માટે આ વ્યવસ્થામાં ફેરફારને લઈને નિર્ણય લેવામાં આવી શકે છે.

મે મહિનામાં BCCI સચિવ દેવજીત સૈકિયાએ કહ્યું હતું કે, IPL 2026 પૂર્ણ થયા બાદ ઈમ્પેક્ટ પ્લેયર નિયમની સમીક્ષા કરવામાં આવશે. હવે બોર્ડે તે જ દિશામાં પગલું ભરતા ટીમો પાસેથી લેખિત અભિપ્રાય લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. એક અહેવાલ પ્રમાણે BCCIએ ફ્રેન્ચાઈઝી ટીમો પાસેથી PMOA (પ્લેયર્સ એન્ડ મેચ ઓફિશિયલ્સ એરિયા), અમ્પાયરિંગ, પ્રેક્ટિસ સેશન અને પ્લેઈંગ કંડિશન્સ સહિત અનેક




ક્રિકેટ ઓપરેશનલ બાબતો પર સૂચનો માગ્યા છે. બોર્ડે ટીમોને પોતાની ક્રિકેટ ઓપરેશન્સ યુનિટ સાથે ચર્ચા કરીને તમામ મુદ્દાઓ પર સંયુક્ત પ્રતિક્રિયા મોકલવા કહ્યું છે. આ સૂચનોના આધારે આગામી સીઝન પહેલા જરૂરી સમીક્ષા અને કાર્યવાહી કરવામાં આવશે.

છેલ્લી કેટલાક સીઝનમાં ઈમ્પેક્ટ પ્લેયર નિયમ IPLની સૌથી ચર્ચિત બાબતોમાં સામેલ રહ્યો છે. ખાસ કરીને IPL 2026માં મોટા સ્કોરની વધેલી સંખ્યાએ તેના પ્રભાવ પર સવાલો ઊભા કર્યા. ટીકાકારોનું માનવું છે કે, વધારાનો ખેલાડી ઉપલબ્ધ હોવાથી બેટિંગમાં ઊંડાણ વધે છે અને તેનો ફાયદો રન બનાવનારી ટીમોને મળે છે. તેનાથી વિપરીત સમર્થકોની દલીલ છે કે આ નિયમે કેપ્ટનોને પરિસ્થિતિઓ પ્રમાણે વધુ વ્યુહાત્મક વિકલ્પો આપ્યા છે. આ નિયમને લઈને માત્ર નિષ્ણાતો કે ચાહકોએ જ સવાલો નથી ઉઠાવ્યા. રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા ભારતીય દિગ્ગજો પણ આ નિયમ પ્રત્યે પોતાની અસહમતી દર્શાવી ચૂક્યા છે. છેલ્લી સીઝન દરમિયાન યોજાયેલી બેઠકમાં ઘણી ટીમોના કેપ્ટનોએ આ નિયમનો વિરોધ કર્યો હતો. મે મહિનામાં દેવજીત સૈકિયાએ કહ્યું હતું કે, 'BCCIને IPL ટીમો તરફથી ઈમ્પેક્ટ પ્લેયર નિયમ સામે કોઈ સત્તાવાર ફરિયાદ મળી નથી. ટુર્નામેન્ટમાં માત્ર 200+ ના સ્કોર જ નથી બન્યા, પરંતુ કેટલાક ઓછા સ્કોર વાળા મુકાબલા અને બોલરોનું પ્રભાવશાળી પ્રદર્શન પણ જોવા મળ્યું છે.' સૈકિયાના જણાવ્યા પ્રમાણે બોર્ડ છેલ્લા બે વર્ષથી આ વ્યવસ્થા પર ચર્ચા કરી રહ્યું છે. ફ્રેન્ચાઈઝી ટીમો તરફથી સત્તાવાર ચિંતા સામે આવ્યા બાદ જ તેની સમીક્ષાને આગળ વધારવાની હતી. હવે તમામ ટીમો પાસેથી સીધું ફીડબેક માગવું એ જ પ્રક્રિયાનો આગળનો તબક્કો માનવામાં આવી રહ્યો છે. 31 ઓગસ્ટ સુધી ફ્રેન્ચાઈઝીઓનો અભિપ્રાય મળ્યા બાદ BCCI પાસે ત્રણ વિકલ્પ હોઈ શકે છે- હાલના નિયમને યથાવત રાખવો, તેમાં ફેરફાર કરવો અથવા તેને હટાવી દેવો. હાલમાં બોર્ડે આમાંથી કોઈ વિકલ્પ પર નિર્ણય લીધો નથી. જો ફ્રેન્ચાઈઝી ટીમોના સૂચનોમાં વ્યાપક ફેરફારની માગ સામે આવે છે, તો આગામી સીઝન પહેલા ઈમ્પેક્ટ પ્લેયર રુલના નિયમોમાં સુધારાની શક્યતા બની શકે છે.

# 7 છગ્ગા અને 17 બોલમાં ફિફ્ટી.... અફઘાન સામેની શ્રેણી પહેલા ટીમ ઈન્ડિયાનો ધૂરંધર ફરી ફોર્મમાં...

**નવી દિલ્હી, તા.31**

ભારતીય ટીમનો યુવા ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્મા T20 ક્રિકેટમાં ફરી એકવાર પોતાના વિસ્ફોટક ફોર્મમાં જોવા મળ્યો છે. પાવરપ્લેમાં મેચનું પાસું પલટવાની ક્ષમતા ધરાવતા અભિષેકે શેર-એ-પંજાબ T20 લીગના પ્રથમ મુકાબલામાં જ તોફાની ઈનિંગ્સ રમીને અફઘાનિસ્તાન સામેની આગામી T20 સીરિઝ પહેલાં પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું છે.



મોહાલીના PCA IS બિન્દ્રા સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં અમ્રિતસર સૂરમાઝ તરફથી ઓપનિંગ કરવા ઉતરેલા અભિષેક શર્માએ આક્રમક બેટિંગ કરી હતી: તેણે માત્ર 17 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી લીધી હતી. સમગ્ર ઈનિંગ્સ દરમિયાન તેણે 296.15ના તોફાની સ્ટ્રાઈક રેટથી 26 બોલમાં 77 રન ફટકાર્યા, જેમાં 6 ચોગ્ગા અને 7 ગગનચુંબી છગ્ગા સામેલ હતા. તેના ઓપનિંગ જોડીદાર સહજ ધવને 18 બોલમાં 45 રન અને નમન ધીરે 22 બોલમાં 5 છગ્ગા અને 1 ચોગ્ગાની મદદથી 47 રનની ઝડપી ઈનિંગ્સ રમી હતી. આ વિસ્ફોટક શરૂઆતને કારણે અમૃતસર સૂરમાઝની ટીમે 19.5 ઓવરમાં 258 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. બોલિંગમાં અભિષેકે પહેલી જ ઓવરના ચોથા બોલ પર મનપ્રીત જોહલની વિકેટ ઝડપી હતી અને કુલ 2.3 ઓવરમાં 37 રન આપીને 1 વિકેટ મેળવી હતી.

અમ્રિતસરે 258 રન બનાવીને મેચ પર મજબૂત પકડ બનાવી લીધી હોવા છતાં, મોહાલી કિંગ્સના બેટ્સમેનોએ આ ટાર્ગેટ ચેઝ કરી બતાવ્યો હતો. મોહાલી કિંગ્સ તરફથી અનમોલપ્રીત સિંહે 51 બોલમાં 10 ચોગ્ગા અને 12 છગ્ગાની મદદથી 133 રન ની મેચ-વિનિંગ ઈનિંગ્સ રમી હતી. કેપ્ટન રમનદીપ સિંહે 40 બોલમાં અણનમ 69 રન બનાવીને અનમોલપ્રીત સાથે ચોથી વિકેટ માટે માત્ર 70 બોલમાં 151 રનની વિસ્ફોટક ભાગીદારી કરી હતી. પરિણામે, મોહાલી કિંગ્સે 19.3 ઓવરમાં 5 વિકેટ ગુમાવી 259 રન બનાવીને 5 વિકેટે રોમાંચક જીત હાંસલ કરી લીધી હતી.

આગામી ભારત-અફઘાનિસ્તાન સીરિઝ: ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે 13 સપ્ટેમ્બરથી દિલ્હીમાં ત્રણ T20 મેચોની સીરિઝ રમાવાની છે, જેના માટે ટૂંક સમયમાં ભારતીય ટીમની જાહેરાત થશે. અભિષેક શર્માની આ વિસ્ફોટક ઈનિંગ્સ ટીમ સિલેક્શન માટે મહત્ત્વનો દાવો રજૂ કરે છે.

# વૈભવ સૂર્યવંશીએ 57 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો, દુલીપ ટ્રોફીમાં આ સિદ્ધિ મેળવનાર પ્રથમ બેટર

**નવી દિલ્હી, તા.31**

દુલીપ ટ્રોફીના સેમિફાઈનલમાં વૈભવ સૂર્યવંશીએ સોમવારે અડધી સદી ફટકારીને વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. તે હવે દુલીપ ટ્રોફીમાં અડધી સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બની ગયો છે. વૈભવે 15 વર્ષ અને 157 દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી. આ પહેલાં આ રેકોર્ડ લક્ષ્મણ સિંહના નામે હતો, જેણે 1969માં 16 વર્ષ અને 23 દિવસની ઉંમરે અડધી સદી ફટકારી હતી. એટલે કે વૈભવે 57 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે.

વૈભવ પોતાની પ્રથમ ફર્સ્ટ ક્લાસ સદી તરફ ઝડપથી આગળ વધી રહ્યો હતો. અને જે રીતે તે રમી રહ્યો હતો, તે જોઈને તેની સદી



સરળ કેચ પકડ્યો. આમ વૈભવે 81 બોલની પોતાની ઈનિંગમાં 7 ચોગ્ગા અને 7 છગ્ગા ફટકાર્યા.

બેંગલુરુના સેન્ટ્રલ ઓફ એક્સેલન્સ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી પહેલી સેમિફાઈનલમાં ઈસ્ટ ઝોન માટે ઓપનિંગ કરતા વૈભવે સેન્ટ્રલ ઝોન સામે 42 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. ઈસ્ટ ઝોનના વાઈસ કેપ્ટન વૈભવે ઓફ સ્પિનર સારાંશ જૈનના બોલ પર છગ્ગો ફટકારીને પોતાની ફિફ્ટી પૂર્ણ કરી હતી. સારાંશે તાજેતરમાં જ શ્રીલંકા સામે કોલંબો ટેસ્ટમાં ભારત માટે ડેબ્યૂ કર્યું હતું. તમને જાણીને નવાઈ લાગશે કે વૈભવ બે રન પર રમી રહ્યો હતો ત્યારે યશ રાઠોડે સારાંશના બોલિંગ પર એક સરળ કેચ છોડી દીધો હતો.

આ વૈભવ સૂર્યવંશીની બીજી ફર્સ્ટ ક્લાસ અડધી સદી છે. તેની આ પહેલાની અડધી સદી ગત રણજી ટ્રોફી સીઝનમાં મેઘાલય સામે આવી હતી, જે તેણે ફક્ત 33 બોલમાં પૂર્ણ કરી હતી. 15 વર્ષીય ખેલાડીએ ફક્ત 42 બોલમાં 50 રન બનાવ્યા હતા અને આ સાથે અભિમન્યુ ઈશ્વરન સાથે તેની ઓપનિંગ વિકેટ પાર્ટનરશિપને 100 રન સુધી પહોંચાડવામાં પણ મદદ કરી હતી.

# વૈભવ સૂર્યવંશીનો સપાટો: 7 સિક્સર, 7 ચોગ્ગા સાથે 92 રન ફટકાર્યા, તેંડુલકરનો રેકોર્ડ તૂટતા બચ્યો

**નવી દિલ્હી, તા.31**

દુલીપ ટ્રોફી 2026ની સેમિફાઈનલ નંબર-1માં ઈસ્ટ ઝોનનો મુકાબલો સેન્ટ્રલ ઝોન સામે થઈ રહ્યો છે. બેંગલુરુ સ્થિત ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) ગ્રાઉન્ડ-1માં રમાઈ રહેલી આ મેચમાં સૌની નજર વૈભવ સૂર્યવંશી પર છે. વૈભવે ઈસ્ટ ઝોન માટે પ્રથમ ઈનિંગ્સમાં શાનદાર બેટિંગ કરી છે. વૈભવે 81 બોલમાં 92 રનની શાનદાર ઈનિંગ રમી જેમાં 7 ચોગ્ગા અને 7 છગ્ગા સામેલ છે.

15 વર્ષના વૈભવ સૂર્યવંશી પાસે પોતાની પ્રથમ ફર્સ્ટ-ક્લાસ સદી ફટકારવાની તક હતી, પરંતુ સ્પિનર હર્ષ દુબેના બોલ પર મોટો શોટ ફટકારવાના ચક્કરમાં તે



અરશદ ખાનના હાથે કેચ આઉટ થઈ ગયો. જો વૈભવ સદી ફટકારી લેત, તો તે દુલીપ ટ્રોફીના ઈતિહાસમાં સૌથી નાની વયે સદી ફટકારનાર બેટ્સમેન બની જાત. હાલ આ રેકોર્ડ સચિન તેંડુલકરના નામે છે, જેમણે 17 વર્ષ અને 262 દિવસની ઉંમરે આ સિદ્ધિ હાંસલ કરી હતી.

વૈભવ સૂર્યવંશીએ સિંગલ લઈને પોતાનું ખાતું ખોલ્યું. ત્યારબાદ બીજી ઓવરમાં યશ ઠાકુરને બે ચોગ્ગા ફટકારીને તેણે મોમેન્ટમ પ્રાપ્ત કર્યું. આ પછી વૈભવે પાછળ વળીને ન જોયું અને નબળા બોલ પર આક્રમક પ્રહારો કર્યા. જોકે 40 રનના વ્યક્તિગત સ્કોર પર વૈભવને જીવનદાન પણ મળ્યું, જ્યારે યશ રાઠોડે તેનો આસાન કેચ છોડી દીધો હતો.

ઈનિંગ્સની 15મી ઓવરમાં સ્પિનર સારાંશ જૈનના બોલ પર છગ્ગો ફટકારીને વૈભવે પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. દુલીપ ટ્રોફીમાં વૈભવની આ પ્રથમ ફિફ્ટી છે. તેણે આ પહેલાં નોર્થ ઈસ્ટ ઝોન સામે દુલીપ ટ્રોફી ડેબ્યૂ પર માત્ર 8 રન બનાવ્યા હતા.

મેચમાં ટોસ ઈસ્ટ ઝોનના કેપ્ટન ઈશાન કિશને જીત્યો હતો અને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સેન્ટ્રલ ઝોનની ટીમ પ્રથમ ઈનિંગ્સમાં 266 રન જ બનાવી શકી હતી. રિંકુ સિંહે 8 ચોગ્ગાની મદદથી 88 બોલમાં 60 રન બનાવ્યા હતા. આર્યન જુયાલ (46 રન) અને યશ ઠાકુર (અણનમ 30 રન)એ પણ ઉપયોગી યોગદાન આપ્યું હતું. ઈસ્ટ ઝોન તરફથી મુકેશ કુમાર અને અભિજીત સરકારે ત્રણ-ત્રણ વિકેટ ખેરવી હતી. જ્યારે મોહમ્મદ શમી અને મોહમ્મદ કૌનૈન કુરૈશીએ બે-બે વિકેટ લીધી હતી.

અભિમન્યુ ઈશ્વરન, વૈભવ સૂર્યવંશી, કુમાર કુશાગ્ર, સુદીપ કુમાર ઘરામી, ઈશાન કિશન (વિકેટકીપર/કેપ્ટન), વિરાટ સિંહ, મોહમ્મદ કૌનૈન કુરૈશી, અનુકૂલ રોય, અભિજીત સરકાર, મોહમ્મદ શમી અને મુકેશ કુમાર.

અમન મોખાડે, આર્યન જુયાલ (વિકેટકીપર), કુણાલ ચંદેલા, યશ રાઠોડ, રજત પાટીદાર (કેપ્ટન), રિંકુ સિંહ, સારાંશ જૈન, હર્ષ દુબે, અરશદ ખાન, યશ ઠાકુર અને આર્યન પાંડે.

# 'અમે નેપાળની આવી ઓળખ નથી ઈચ્છતા': પૂર હોનારત પર મનીષા કોઈરાલાની ભારત-ચીનને ભાવુક અપીલ....

**મુંબઈ, તા.31**

નેપાળ હાલમાં માત્ર ભયાનક પૂરનો જ નહીં, પરંતુ એક મોટી માનવસર્જિત અને કુદરતી હોનારતનો સામનો કરી રહ્યું છે. સેંકડો લોકોના મોત અને હજારથી વધુ લોકો ગુમ થયાના આઘાત વચ્ચે અભિનેત્રી મનીષા કોઈરાલાએ પાડોશી દેશો અને આંતરરાષ્ટ્રીય સમુદાયને મદદ માટે આગળ આવવા હાકલ કરી છે. 30 ઑગસ્ટ, 2026ના રોજ સદગુરુના નેતૃત્વમાં યોજાયેલા 'નેપાળ સાથે એકજૂથતા' કાર્યક્રમમાં તેણે ભારત, ચીન અને નેપાળને સાથે મળીને આ કુદરતી આફતનો સામનો કરવા અપીલ કરી હતી. મનીષાએ સ્પષ્ટ કર્યું હતું કે કુદરતી હોનારતના કારણે નેપાળના પ્રવાસન (ટૂરિઝમ) અને તેની વૈશ્વિક ઓળખ પર બ્રેક ન લાગવી જોઈએ.

કાઠમંડુમાં જન્મેલી મનીષા કોઈરાલાએ આ હોનારતને માત્ર નેપાળ પૂરતી સીમિત ન ગણતાં



ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેનું કહેવું છે કે, 'હિમાલય ક્ષેત્રના દેશો એકબીજા સાથે જોડાયેલા હોવાથી આવી કુદરતી આફતોનો સામનો કરવા સામૂહિક પ્રયાસો ખૂબ જરૂરી છે. આથી સરહદોથી ઉપર ઉઠીને એક મોટા સમુદાય તરીકે ભારત, ચીન અને નેપાળને એકસાથે મળીને કાયમી ઉકેલ શોધવો જોઈએ.'

મનીષા કોઈરાલાની અપીલ માત્ર રાહત અને બચાવ કામગીરી પૂરતી મર્યાદિત ન હતી. તેણે આંતરરાષ્ટ્રીય સમુદાયને નેપાળ પ્રત્યે પોતાનો પ્રેમ અને સપોર્ટ જાળવી રાખવા ભાવુક વિનંતી કરી હતી. તેણે ભારપૂર્વક જણાવ્યું કે, 'નેપાળની ઓળખ વિશ્વમાં માત્ર આફતોથી ઘેરાયેલા દેશ તરીકે ન બનવી જોઈએ. પ્રવાસન(ટૂરિઝમ) એ નેપાળની અર્થવ્યવસ્થાની જીવાદોરી છે. પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ માત્ર અમુક જ વિસ્તારોમાં બની છે, તેથી દેશને ફરીથી પગભર કરવા માટે વિદેશી પ્રવાસીઓ નેપાળની મુલાકાત લેતા રહે તે ખૂબ જરૂરી છે.'

નેપાળ-તિબેટ સરહદ નજીક હિમનદી(ગ્લેશિયર) તૂટી પડતાં આવેલી ભયાનક પૂરની માટી, કાદવ અને પાણીના ધસમસતા પ્રવાહે ઉત્તરી અને મધ્ય નેપાળમાં ભારે તારાજી સર્જી છે. અનેક ગામડાંઓ જમીનદોસ્ત થઈ ગયા છે અને હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ્સને પણ મોટું નુકસાન પહોંચ્યું છે. 26 ઑગસ્ટે આવેલી આ આફતમાં અત્યાર સુધીમાં 700થી વધુ લોકોના મોત નીપજ્યા છે અને 2,500થી વધુ લોકો ગુમ છે. આવી સ્થિતિમાં મનીષા કોઈરાલાએ વિશ્વભરના લોકોને રાહત સામગ્રી મોકલવા અને નેપાળી નાગરિકોની મદદે આવવા અપીલ કરી છે.

# બટવારા 1947ની ઈવેન્ટમાં પ્રીતિનું જૂનું ગીત વગાડાતાં કાનૂની નોટિસ

**મુંબઈ, તા.31**

'બટવારા ૧૯૪૭'ના પ્રમોશનલ કાર્યક્રમે એક કોપીરાઈટ વિખવાદ જગાવ્યો છે, જેમાં ફોનોગ્રાફિક પર્ફોમન્સ લિમિટેડ (પીપીએલ)એ આમિર ખાન પ્રોડક્શન, જુનૈદ ખાન અને નિખત ખાન હેગડેને રૂા. એક કરોડની કાનૂની નોટિસ ફટકારી છે. નોટિસમાં આરોપ કરાયો છે કે ૧૨ ઓગસ્ટના રોજ દિલ્હી ખાતે એક કાર્યક્રમમાં સની દેઉલ અને પ્રીતિ ઝિન્ટા પર 'કલ હો ના હો'માંથી 'પ્રીટી વુમન' ગીત જરૂરી મંજૂરી વિના વગાડવામાં આવ્યું હતું.

પીપીએલનો દાવો છે કે સંબંધિત મ્યુઝિક કંપની ટ્રેકના માલિકી હક્ક ધરાવે છે જ્યારે તેની પાસે પાંચસોથી વધુ સંગીત કંપનીઓએ સોંપેલા જાહેર પરફોર્મન્સ અધિકાર છે. તેણે લાગુ પડતી લાયસન્સ ફી ઉપરાંત રૂા. એક કરોડ નુકસાની પેટે માગ્યા છે અને સંબંધિત પક્ષોને તેનું પાલન કરવા માટે સાત



દિવસનો સમય આપ્યો છે.

પીપીએલએ ચેતવણી આપી છે કે આમ કરવામાં નિષ્ફળ જવાથી સંબંધિત પક્ષો સામે સિવિલ કેસ, મનાઈ હુકમ અને કોપીરાઈટ કાયદા હેઠળ ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી શકે.

જોકે, આમિર ખાન પ્રોડક્શને એમ કહીને હાથ ઊંચા કરી દીધા છે કે તેણે આ કાર્યક્રમનું આયોજન કે સંચાલન કર્યાં ન હતાં. સમગ્ર કાર્યક્રમ દિલ્હીની હિન્દુ કોલેજ દ્વારા આયોજિત કરાયો હતો અને તેના પ્રતિનિધિઓ માત્ર મહેમાન તરીકે હાજર રહ્યા હોવાથી વગાડવામાં આવતા સંગીત પર તેમનું કોઈ નિયંત્રણ નહોતું. હવે વિવાદનું કેન્દ્ર બિંદુ છે કે કથિત ગેરકાયદે પરફોર્મન્સ માટે જવાબદારી કોની છે.

# ઓસ્કર દ્વારા દીપિકાનાં પાત્ર નૈનાને લગતી પોસ્ટથી ચાહકો ખુશ થયા

**મુંબઈ, તા.31**

ઓસ્કર એવોર્ડ આપતી એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ એન્ડ સાયન્સનાં સત્તાવાર ઈન્સ્ટા હેન્ડલ દ્વારા 'યહ જવાની હૈ દિવાની'ના દીપિકા પાદુકોણેના પ્રિય પાત્ર નૈના તલવારનની પોસ્ટ કરવામાં આવતાં દીપિકાના ચાહકો ખુશ થઈ ગયા છે. આ પોસ્ટમાં ૨૦૧૩ની આ ફિલ્મના એક યાદગાર દ્રશ્યને શેર કરાયું છે. આ ક્લિપમાં દીપિકા અને રણબીરના પાત્ર નૈના અને બન્ની ઉદયપુરમાં સૂર્યાસ્ત માણતા નજરે પડે છે. દ્રશ્યમાં બન્ની તેમના વ્યસ્ત સમયપત્રકને અનુસરવા મક્કમ જણાય છે જ્યારે નૈના તેને વિરામ લેવાનો અને પળની કદર કરવાની વિનંતી કરે છે. મહત્વાકાંક્ષા સાથે વર્તમાનમાં



જીવવાનો તેનો સંદેશ હજી પણ દર્શકોને સુસંગત લાગે છે. ચાહકોએ આ પોસ્ટનો ઉષ્માભર્યો પ્રતિસાદ આપીને ફિલ્મને યાદગાર ગણાવીને જણાવ્યું કે તેને જોઈને પોતીકાપણાનો અહેસાસ થાય છે.અયાન મુખર્જી દિગ્દર્શિત 'યહ જવાની હૈ દિવાની'માં ચાર મિત્રોની વાર્તા છે જેમના જીવન અને સંબંધો હિમાલયન ટ્રિપથી ઉદયપુરના લગ્ન પ્રસંગ સુધી બદલાતા રહે છે. એક આખી જનરેશનની આ હોટ ફેવરિટ મૂવી ગણાય છે અને લોકો આજે પણ તેનાં ગીતો ગણગણતા રહે છે.

# રૂ.4000 કરોડની 'રામાયણ'માં રાજા જનક બનશે આ અભિનેતા: સાઈ પલ્લવીના પિતાનો રોલ મળ્યો!

**મુંબઈ, તા.31**

નિર્માતા નમિત મલ્હોત્રાની 4000 કરોડના મોટા બજેટમાં બનનારી ફિલ્મ રામાયણ છેલ્લા કેટલાક દિવસોથી સતત ચર્ચામાં છે. ખાસ કરીને રામાયણ પાર્ટ-1 (Ramayana Part-1)ની કાસ્ટને લઈને અવારનવાર કોઈને કોઈ નવા સમાચાર સામે આવતા રહે છે. હવે એવા સમાચાર સામે આવી રહ્યા છે કે, રામાયણમાં રાજા જનકનો રોલ નિભાવનારા અભિનેતાની જાણકારી સામે આવી ગઈ છે, જે ટીવી ઈન્ડસ્ટ્રીનો એક મોટો એક્ટર છે. તે કલાકાર મોટા પડદા પર માતા સીતા (એક્ટ્રેસ સાઈ પલ્લવી)ના પિતાની ભૂમિકામાં નજર આવશે.

માઈથોલોજિકલ રામાયણને




લઈને ફેન્સમાં ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને તેની કાસ્ટને લઈને અવારનવાર ચર્ચાઓ તેજ રહે છે. રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ જેવા દિગ્ગજ કલાકારોથી સજેલી રામાયણના વધુ એક એક્ટરનો હવે ખુલાસો થઈ ગયો છે. એક રિપોર્ટ પ્રમાણે નાના પડદાના મશહૂર કલાકાર રાજીવ કુમાર (Rajiv Kumar) તમને નિર્માતા નિતેશ તિવારીની રામાયણમાં રાજા જનકનો રોલ નિભાવતો જોવા મળશે, જેઓ માતા સીતાના પિતા હતા.

'મિલકે ભી હમ ના મિલે' અને 'કભી કભી ઈત્તેફાક સે' જેવી અનેક ટીવી સીરિયલ્સમાં પોતાની એક્ટિંગનો દમ દેખાડનારા રાજીવ કુમારના હાથે રામાયણના રૂપમાં એક મોટો પ્રોજેક્ટ હાથ લાગ્યો છે. જોકે, મેકર્સ તરફથી હજુ આની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.

રામાયણ પહેલાં પણ રાજીવ ઘણી બોલિવૂડ ફિલ્મોમાં નજર આવી ચૂક્યો છે, જેમાં 'ધ કેરલા સ્ટોરી 2', 'ગવર્નર', 'લક્ષ્ય' અને 'સંજુ' જેવી ઘણી ફિલ્મ સામેલ છે. એટલું જ નહીં ઈમરાન હાશ્મી સ્ટારર વેબ સિરીઝ 'તસ્કરી'માં પણ રાજીવ કુમારે મહત્વની ભૂમિકા ભજવી હતી. રણબીર કપૂર સ્ટારર રામાયણની રિલીઝની ફેન્સ ખૂબ જ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ બિગ બજેટ ફિલ્મનો પહેલો ભાગ આ જ વર્ષે 8 નવેમ્બરે દિવાળી પર દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ કરવામાં આવશે, જ્યારે રામાયણનો બીજો પાર્ટ આવતા વર્ષે દિવાળી પર આવશે.

# સેન્સેક્સ 307 અંક ઘટીને 76,957 પર બંધ: નિફ્ટી પણ 150 અંક ઘટ્યો, મેટલ અને FMCG શેર્સમાં વધુ વેચવાલી રહી

મુંબઈ, તા.31

અંતે અઠવાડિયાના પહેલા જ કારોબારી દિવસે ભારતીય શેરબજારમાં મંદીનો માહોલ જોવા મળ્યો છે. 31 ઓગસ્ટના રોજ સેન્સેક્સ અને નિફ્ટી બંને સૂચકાંક ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ થયા છે. સેન્સેક્સમાં 307 પોઈન્ટનો તીવ્ર ઘટાડો નોંધાયો છે, જેના પરિણામે તે 76,957 ની સપાટીએ પહોંચી ગયો છે. બીજી તરફ, નિફ્ટીમાં પણ 95 પોઈન્ટનો ઘટાડો થયો છે અને તે 24,080 ની નજીક આવીને અટકી ગયો છે. ટકાવારીની દ્રષ્ટિએ જુઓ તો બંને મુખ્ય ઈન્ડેક્સમાં લગભગ 0.40 ટકા જેટલો કડાકો બોલાયો છે. આજના કારોબારમાં ખાસ કરીને મેટલ, FMCG અને મીડિયા ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જેના કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ પ્રભાવિત થયું હતું.



જો વિવિધ ક્ષેત્રીય કેટેગરી અને બ્રોડર માર્કેટ પર નજર કરીએ તો મિડકેપ ક્ષેત્રે થોડી રાહત આપી હતી. મિડકેપ 50 ઈન્ડેક્સમાં 86 પોઈન્ટનો સુધારો નોંધાયો હતો અને તે 0.47 ટકા વધીને 18,491 ના સ્તર પર બંધ રહ્યો હતો. જોકે સ્મોલકેપ ક્ષેત્રમાં વેચવાલી ચાલુ રહી હતી, જ્યાં સ્મોલકેપ 50 ઈન્ડેક્સ 77 પોઈન્ટ એટલે કે 0.77 ટકા ઘટીને 9,938 ની સપાટી પર આવી ગયો હતો. નિફ્ટીના ટોપ ગેનર્સ એટલે કે સૌથી વધુ કમાણી કરાવી આપનારા શેરોમાં સનફાર્મા અગ્રેસર રહ્યો હતો, જે 64.80 રૂપિયાના વધારા સાથે 1,985 પર પહોંચ્યો હતો. આ સિવાય નેસ્લેનો શેર 41.90 રૂપિયા વધીને 1,497 પર અને એક્સિસ બેંકનો શેર 35 રૂપિયાના સુધારા સાથે 1,300 ના સ્તરે બંધ આવ્યો હતો.

બીજી તરફ, સૌથી વધુ નુકસાન વેઠનારા એટલે કે નિફ્ટીના ટોપ લૂઝર્સ શેરોમાં અદાણી ગ્રુપના શેરોમાં ભારે કડાકો જોવા મળ્યો હતો. અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર 309.40 રૂપિયા એટલે કે 9.76 ટકા જેટલો ગગડીને 2,859 ની નીચલી સપાટીએ પહોંચી ગયો હતો. તેવી જ રીતે અદાણી પોર્ટ્સમાં પણ 6.70 ટકાનો ઘટાડો થયો હતો અને તે 114.40 રૂપિયા ઘટીને 1,593 પર બંધ થયો હતો. FMCG દિગ્ગજ ITC માં પણ 10.50 રૂપિયાનો ઘટાડો નોંધાતા તે 255.50 ના સ્તરે આવી ગયો હતો.

પ્રાથમિક માર્કેટ એટલે કે IPO માર્કેટમાંથી પણ એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. પર્પલ સ્ટાઈલ લેબ્સનો IPO આજથી સત્તાવાર રીતે સબ્સ્ક્રિપ્શન માટે ખુલ્લો મૂકી દેવામાં આવ્યો છે. આ IPO માં રોકાણકારો આગામી 2 સપ્ટેમ્બર સુધી બોલી લગાવી શકશે. કંપની આ પબ્લિક ઈશ્યૂ મારફતે મૂડીબજારમાંથી 680 કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવાની યોજના બનાવી રહી છે.

વૈશ્વિક બજારોના સંકેતો પણ ભારતીય બજાર માટે નબળા સાબિત થયા છે. સમગ્ર એશિયન બજારોમાં આજે નોંધપાત્ર મંદી છવાયેલી રહી હતી. સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 85 પોઈન્ટ ઘટીને 6,707 ના સ્તરે બંધ થયો હતો. જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં 1,044 પોઈન્ટનો મોટો કડાકો બોલાયો હતો અને તે 65,362 પર આવી ગયો હતો, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 168 પોઈન્ટ ઘટીને 25,416 પર બંધ રહ્યો હતો. આ પહેલા 28 ઓગસ્ટના રોજ અમેરિકી બજારોમાં પણ મંદીનું વાતાવરણ હતું. ડાઉ જોન્સ 9 પોઈન્ટ ઘટીને 53,560, નાસ્ડેક 139 પોઈન્ટ ઘટીને 26,402 અને S&P 500 ઈન્ડેક્સ 19 પોઈન્ટ ઘટીને 7,712 ની સપાટીએ બંધ રહ્યા હતા.

વૈશ્વિક અનિશ્ચિતતા અને FII ની વેચવાલી વચ્ચે દેશના સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે DII એ બજારને મજબૂત ટેકો આપ્યો છે. છેલ્લા 7 દિવસના ગાળામાં ઘરેલું રોકાણકારોએ ભારતીય શેરબજારમાં 16,817 કરોડ રૂપિયાનું વિપુલ રોકાણ કર્યું છે, જેમાં માત્ર આજના એક જ દિવસમાં 5,184 કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી સામેલ છે. તેની સરખામણીએ વિદેશી રોકાણકારો એટલે કે FII/FPI એ આજના દિવસે 5,040 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. જો છેલ્લા 30 દિવસનો આંકડો જોવામાં આવે તો DII એ 53,679 કરોડ રૂપિયા ઠાલવ્યા છે, જ્યારે વિદેશી રોકાણકારોનું ચોખ્ખું રોકાણ 454 કરોડ રૂપિયા રહ્યું છે.

આજના ઘટાડા પહેલાં, એટલે કે શુક્રવાર 28 ઓગસ્ટના રોજ શેરબજારમાં ખૂબ જ સરસ તેજીનો માહોલ જોવા મળ્યો હતો. તે દિવસે સેન્સેક્સ 331 પોઈન્ટના શાનદાર ઉછાળા સાથે 77,265 ની ઊંચી સપાટીએ પહોંચીને બંધ થયો હતો. સાથે જ નિફ્ટી પણ 85 પોઈન્ટ વધ્યો હતો અને 24,176 ની મજબૂત સપાટી સર કરવામાં સફળ રહ્યો હતો. પરંતુ આજના કારોબારમાં નફારૂપી વેચવાલી અને વૈશ્વિક સંકેતોના કારણે બજાર ફરી એકવાર લાલ નિશાનમાં સરી પડ્યું છે.

# આવતા વર્ષે માનવીઓ કરતાં વધુ સમજદાર બની જશે AI: મસ્કે કહ્યું- ડિજિટલ કામ પળવારમાં કરશે

વોશિંગ્ટન, તા.31

વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિ અને ટેકનોલોજી દિગ્ગજ ઈલોન મસ્કનું માનવું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI ખૂબ જ ઝડપથી માનવીય બુદ્ધિમત્તા અને સમજણ તરફ આગળ વધી રહ્યું છે. સોશિયલ મીડિયા પર એક મહત્વપૂર્ણ પોસ્ટનો જવાબ આપતી વખતે મસ્કે અંદાજ વ્યક્ત કર્યો હતો કે આવતા વર્ષના અંત સુધીમાં AI કમ્પ્યુટર અને ઈન્ટરનેટ આધારિત કાર્યોમાં સામાન્ય માણસો કરતાં પણ ઘણું આગળ નીકળી જશે અને તે અત્યંત શ્રેષ્ઠ ક્ષમતાઓ હાસલ કરી લેશે. જોકે, તેમણે સ્પષ્ટ શબ્દોમાં આશ્વાસન આપ્યું હતું કે AIની આ ક્ષમતા હાલ પૂરતી માત્ર ડિજિટલ જગત સુધી જ મર્યાદિત રહેવાની છે. ફેક્ટરીઓમાં ભૌતિક ઉત્પાદન કરવું, ઈમારતો કે ઘરો બનાવ જેવા પ્રત્યક્ષ જમીની અને શારીરિક કાર્યોમાં AI હાલમાં કે ભવિષ્યમાં તાત્કાલિક માનવોનું સ્થાન લઈ શકશે નહીં. આથી લોકોને 'ધ મેટ્રિક્સ' જેવી ફિલ્મોમાં દર્શાવાતી રોબોટ્સની વર્ચસ્વ વાળી કાલ્પનિક દુનિયા વિશે અત્યારથી ચિંતા કરવાની કોઈ જરૂર નથી.



પોતાની વાતને આગળ વધારતા મસ્કે લગભગ 10 વર્ષ પહેલા ગૂગલના સહ-સ્થાપક લેરી પેજ સાથે થયેલી એક વિશેષ વાતચીતનો પણ ઉલ્લેખ કર્યો હતો. તે સમયે લેરી પેજે મસ્કને ચેતવણી આપતા કહ્યું હતું કે ભવિષ્યમાં એક સમય એવો આવશે જ્યારે AI કમ્પ્યુટર હેકિંગના ક્ષેત્રમાં માનવ હેકર્સ કરતાં પણ વધુ ચતુર અને ઝડપી બની જશે. AI સિસ્ટમ પોતે જ કમ્પ્યુટર સોફ્ટવેર કે પ્રોગ્રામમાં રહેલી સુરક્ષા ક્ષતિઓ શોધીને તેમને સ્વાયત્ત રીતે હેક કરવાની ક્ષમતા કેળવી લેશે. મસ્કની આ ટિપ્પણી વર્સેલના CEO ગુઈલેર્મો રોશની એ પોસ્ટ બાદ આવી છે, જેમાં રોશે ઈન્ટરનેટ સુરક્ષા સામે AIના વધતા જતા ગંભીર જોખમો વિશે સજાગ કર્યા હતા. રોશે તાજેતરમાં જણાવ્યું હતું કે ડિજિટલ યુગમાં AI એજન્ટ્સ હવે પોતે જ સિસ્ટમની ખામીઓ અને નબળાઈઓ શોધીને તેને હેક કરવા માટે સક્ષમ બની રહ્યા છે.

તાજેતરના દિવસોમાં AI સિસ્ટમ્સ પોતાના કન્ટ્રોલમાંથી બહાર નીકળીને જાતે નિર્ણયો લેવા લાગી હોવાના કે તેની મર્યાદાઓ ઓળંગવાના કેટલાક ચિંતાજનક કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. ગયા મહિને જ વિશ્વપ્રસિદ્ધ AI સંશોધન સંસ્થા ઓપનAIએ ખુલાસો કર્યો હતો કે તેમના એક સુરક્ષા મૂલ્યાંકન પરિક્ષણ દરમિયાન AI મોડલ્સે અમેરિકી ટેકનોલોજી કંપની હગિંગ ફેસની સિસ્ટમને હેક કરી લીધી હતી. ઓપનAIના સત્તાવાર સુરક્ષા અહેવાલ મુજબ, આશરે 1,200 જેટલા AI એજન્ટ્સે એકબીજા સાથે સંપર્ક સાધવા માટે એક આંતરિક નેટવર્ક સેવાનો ઉપયોગ કર્યો હતો અને તેના પર 70,000 થી વધુ મેસેજ તેમજ ડેટા ફાઈલોની આપ-લે કરી હતી. ત્યારબાદ તેમાંથી અંદાજે 700 AI એજન્ટ્સે પોતાની મેળે જ હગિંગ ફેસની સિસ્ટમને લક્ષ્ય બનાવીને હેકિંગ પ્રક્રિયા હાથ ધરી હતી.

માત્ર ઓપનAI જ નહીં પરંતુ ટેકનોલોજી ક્ષેત્રની અન્ય અગ્રણી કંપનીઓ જેવી કે એન્થ્રોપિક અને મેટાએ પણ તાજેતરના સમયમાં પોતાના AI મોડલ્સના સ્વાયત્ત વર્તન અને મર્યાદા બહાર જવાની અનપેક્ષિત ઘટનાઓ અંગે વિગતો જાહેર કરી છે. આ ઘટનાઓ દર્શાવે છે કે જેમ જેમ AI વધુ શક્તિશાળી બની રહ્યું છે તેમ તેમ સાયબર સિક્યોરિટી અને સિસ્ટમ કન્ટ્રોલના ક્ષેત્રમાં નવી અને અભૂતપૂર્વ ચિંતાઓ ઊભી થઈ રહી છે.

# અંબાણીએ દિલ્હીનાં લ્યુટિયન્સ ઝોનમાં ₹350 કરોડનો બંગલો ખરીદ્યો: કર્મચારીઓ માટે ગેસ્ટ હાઉસ બનશે

નવી દિલ્હી, તા.31

ભારતના સૌથી ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે દેશની રાજધાની દિલ્હીના સૌથી પોશ, મોંઘા અને હાઈ-સિક્યોરિટી ગણાતા 'લ્યુટિયન્સ બંગલો ઝોન'માં 350 કરોડ રૂપિયાનો એક અત્યંત ભવ્ય અને આલીશાન બંગલો ખરીદ્યો છે. નવી દિલ્હીના પ્રતિષ્ઠિત પૃથ્વીરાજ રોડ પર આવેલા આ બંગલાના વેચાણ અંગે શરૂઆતમાં એવી અટકળો વહેતી થઈ હતી કે આ અંબાણી પરિવારનું નવું ખાનગી નિવાસસ્થાન બનશે. જોકે રિલાયન્સે આ તમામ ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકતા સત્તાવાર રીતે સ્પષ્ટતા કરી દીધી છે કે આ બંગલો અંબાણી પરિવારનું અંગત ઘર નહીં હોય. કંપની આ મિલકતનો ઉપયોગ દિલ્હી આવતા તેના અધિકારીઓ, વરિષ્ઠ કર્મચારીઓ અને વિશિષ્ટ મહેમાનો માટે એક કોર્પોરેટ ગેસ્ટ હાઉસ તરીકે કરશે. બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર, આ હાઈ-પ્રોફાઈલ ડીલ જુલાઈના અંતમાં ટેક્સ સિવાય 36.7 મિલિયન ડોલર એટલે કે લગભગ 350 કરોડ રૂપિયામાં આખરી ઓપ પામી હતી. પૃથ્વીરાજ રોડ પર આવેલી આ મિલકતની ખરીદી પાછળના તમામ મુખ્ય પાસાઓ પર નજર કરીએ તો, 350 કરોડ રૂપિયાની આ ડીલમાં ટેક્સની રકમ અલગથી ચૂકવવામાં આવી છે. આ સંપત્તિના મૂળ વિક્રેતા સિંગાપોરના જાણીતા બિઝનેસમેન ડો. ભૂપેન્દ્ર કુમાર મોદી એટલે કે બીકે મોદી છે. જ્યારે ખરીદનાર તરીકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલી કંપની છે, જેમાં કેટલાક રિપોર્ટ્સમાં અનંત અંબાણીના ફેમિલી ઓફિસનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રિલાયન્સના પ્રવક્તાએ આ અંગે જણાવ્યું હતું કે કંપનીએ દિલ્હીમાં પોતાના વહીવટી કામકાજ અર્થે આવતા કર્મચારીઓના રોકાણ માટે આ સોદો કર્યો છે, જોકે કંપનીએ અનંત અંબાણીના ફેમિલી ઓફિસની સીધી ભૂમિકા કે નાણાકીય લેવડદેવડ અંગે કોઈ વધારાનું નિવેદન આપવાનું ટાળ્યું છે. દિલ્હીનો લ્યુટિયન્સ બંગલો ઝોન એવો વિસ્તાર છે જ્યાં ખાનગી માલિકીની પ્રોપર્ટીનું વેચાણ ખુબ જ દુર્લભ માનવામાં આવે છે. દેશના રાજકીય અને આર્થિક નિર્ણય-નિર્માણ માટે દિલ્હી રિલાયન્સ માટે કોર્પોરેટ દ્રષ્ટિએ અત્યંત મહત્વનું કેન્દ્ર રહ્યું છે, જેના કારણે કંપનીએ આ વ્યૂહાત્મક રોકાણ કર્યું છે. આ વિસ્તારનો ઈતિહાસ બ્રિટિશ રાજ સાથે જોડાયેલો છે. જ્યારે અંગ્રેજોએ ભારતની રાજધાનીને કોલકાતાથી ખસેડીને દિલ્હી બનાવી, ત્યારે પ્રખ્યાત આર્કિટેક્ટ સર એડવિન લ્યુટિયન્સ અને હર્બર્ટ બેકરે આ સમગ્ર વહીવટી અને રહેણાંક વિસ્તારની ભવ્ય ડિઝાઈન અને નકશો તૈયાર કર્યો હતો, જેમાં પહોળા અને લીલાછમ રસ્તાઓ તેમજ વિશાળ બગીચાઓનો સમાવેશ થાય છે. આજે આ લ્યુટિયન્સ ઝોનમાં દેશના સર્વોચ્ચ બંધારણીય પદો પર બેઠેલા દેશના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, ન્યાયાધીશો, સૈન્ય પ્રમુખો ઉપરાંત ગૌતમ અદાણી, લક્ષ્મી મિત્તલ અને નવીન જિંદાલ જેવા દિગ્ગજ ઉદ્યોગપતિઓના રહેઠાણ આવેલા છે. આટલા સુરક્ષિત અને મર્યાદિત વિસ્તારમાં 350 કરોડ રૂપિયાનો આ નવો સોદો લ્યુટિયન્સ દિલ્હીના ઐતિહાસિક અને વ્યાપારી મૂલ્યને ફરી એકવાર સાબિત કરે છે. આ પ્રોપર્ટી વેચનાર ડો. ભૂપેન્દ્ર કુમાર મોદી ભારતના ટેલિકોમ ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગપતિઓમાંના એક ગણાય છે.



# ચાંદી ₹8,437 ઘટીને ₹2.35 લાખ પર આવી: ઓલટાઇમ હાઇથી ₹1.51 લાખ નીચે આવી, સોનું ₹4,453 ઘટીને ₹1.55 લાખ પ્રતિ 10 ગ્રામ થયું

મુંબઈ, તા.31

અંતે ઓગસ્ટ મહિનાના છેલ્લા દિવસે સ્થાનિક બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. 31 ઓગસ્ટના રોજ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરાયેલા તાજા આંકડા અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 4,453 રૂપિયા જેટલો ગગડીને 1.55 લાખ રૂપિયાના સ્તરે આવી ગયો છે. સોનાની સાથે સાથે ચાંદીના ભાવમાં પણ મોટો કડાકો બોલાયો છે, જ્યાં એક કિલો ચાંદીની કિંમત આજે 8,437 રૂપિયા ઘટીને 2.35 લાખ રૂપિયા પર આવી ગઈ છે. બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતોમાં અચાનક આવેલી તેજી અને મધ્ય પૂર્વમાં વધતા ભૂ-રાજકીય તણાવના કારણે કિંમતી ધાતુઓમાં આ સાર્વત્રિક ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને અમેરિકા દ્વારા સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં આવેલા ઈરાનના એક ટાપુ પર હુમલો કરાતા અને સામે પક્ષે ઈરાને પણ જોર્ડન સ્થિત અમેરિકી સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવતા આંતરરાષ્ટ્રીય બજારોમાં અસ્થિરતાનો માહોલ સર્જાયો છે.

સોનાની શુદ્ધતા અને કેરેટ મુજબ કિંમતોમાં પણ મોટો તફાવત જોવા મળી રહ્યો છે. 24 કેરેટ સોનાનો દર 1,55,125 રૂપિયા પ્રતિ 10 ગ્રામ રહ્યો છે, જ્યારે ઘરેણાં બનાવવા માટે સૌથી વધુ વપરાતા 22 કેરેટ સોનાનો ભાવ 1,42,095 રૂપિયા નોંધાયો છે. આ ઉપરાંત 18 કેરેટ સોનાની કિંમત 1,16,340 રૂપિયા અને 14 કેરેટ સોનાનો દર 90,748 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચ્યો છે. દેશના અલગ-અલગ મુખ્ય શહેરોની વાત કરીએ તો ગુડરિટર્ન્સના રિપોર્ટ મુજબ દિલ્હી, જયપુર અને લખનઉ જેવા શહેરોમાં 24 કેરેટ સોનાનો ભાવ 1,56,920 રૂપિયા રજૂ થયો છે. તો બીજી તરફ મુંબઈ, કોલકાતા અને રાયપુરમાં તે 1,56,770 રૂપિયાના સ્તરે પહોંચ્યો છે. તે જ રીતે અમદાવાદ, ભોપાલ અને પટનામાં 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,56,820 રૂપિયા પર પહોંચ્યો છે.



ચાલુ વર્ષ દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં ભારે ઉતાર-ચઢાવનો દોર ચાલુ રહ્યો છે. જો આ વર્ષના અગાઉના રેકોર્ડ સરખાવીએ તો 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાની સર્વોચ્ચ ટોચે પહોંચી ગયો હતો. જોકે તે ઓલ ટાઈમ હાઈ સ્તરથી અત્યાર સુધીમાં સોનું આશરે 21 હજાર રૂપિયા જેટલું સસ્તું થઈ ચૂક્યું છે. ચાંદીની સ્થિતિ જુઓ તો 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયાના તેના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ હતી. પોતાના ઓલ ટાઈમ હાઈથી અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં 1.51 લાખ રૂપિયાનો જંગી ઘટાડો નોંધાઈ ચૂક્યો છે. મહિના વાઈઝ ટ્રેન્ડ પર નજર કરીએ તો જાન્યુઆરીના અંતે સોનું 1.65 લાખ અને ચાંદી 3.39 લાખ હતી, જે ફેબ્રુઆરીમાં ઘટીને અનુક્રમે 1.50 લાખ અને 2.66 લાખ થઈ ગઈ હતી. માર્ચમાં સોનું 1.46 લાખ અને ચાંદી 2.30 લાખ હતી, જ્યારે એપ્રિલમાં સોનું 1.50 લાખ અને ચાંદી 2.40 લાખ પર ટ્રેડ થઈ રહી હતી. મે મહિનામાં સોનું વધીને 1.56 લાખ અને ચાંદી 2.63 લાખે પહોંચી હતી, જે જૂન અને જુલાઈ મહિનામાં ઘટીને સોનામાં 1.41 થી 1.42 લાખ અને ચાંદીમાં 2.18 થી 2.25 લાખ સુધી નીચે આવી ગઈ હતી. ઓગસ્ટના અંતે તે ફરી વધીને સોનામાં 1.55 લાખ અને ચાંદીમાં 2.35 લાખની આસપાસ પહોંચી છે.

દેશના જુદા જુદા શહેરોમાં સોનાના ભાવમાં તફાવત હોવા પાછળ મુખ્યત્વે ચાર મહત્ત્વના કારણો જવાબદાર હોય છે. પહેલું કારણ પરિવહન અને સુરક્ષા ખર્ચ છે, જેમાં સોનું એક જગ્યાએથી બીજી જગ્યાએ સુરક્ષિત પહોંચાડવામાં ઈંધણ અને સિક્યોરિટીનો ચાર્જ ઉમેરાતો હોય છે. બીજું કારણ ખરીદીનો જથ્થો છે, કારણ કે દક્ષિણ ભારતમાં દેશના કુલ સોનાનો લગભગ 40 ટકા વપરાશ થતો હોવાથી ત્યાંના જ્વેલર્સ જથ્થાબંધ ખરીદી કરે છે પરંતુ તેનો ડિસ્કાઉન્ટ લાભ મર્યાદિત રહે છે. ત્રીજું પરિબળ સ્થાનિક જ્વેલરી એસોસિએશન છે જે પોતપોતાના રાજ્ય કે શહેરની સ્થાનિક માંગ અને પુરવઠાને ધ્યાનમાં રાખીને રોજના ભાવ નક્કી કરે છે. ચોથું કારણ જ્વેલર્સ પાસે પડેલો જૂનો સ્ટોક અને તેમની ખરીદ કિંમત છે, જેના આધારે તેઓ ગ્રાહકો માટે અંતિમ વેચાણ કિંમત નક્કી કરતા હોય છે.

કોઈપણ જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે ગ્રાહકોએ ત્રણ સૌથી મહત્વની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. સૌથી પહેલા તો હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BIS હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદવું જોઈએ, જેમાં AZ4524 જેવો ચોક્કસ આલ્ફાન્યુમેરિક હોલમાર્કિંગ કોડ દર્શાવેલો હોય છે અને તેનાથી સોનાની સાચી કેરેટ શુદ્ધતાની ખાતરી મળે છે. બીજી મહત્વની બાબત એ છે કે ખરીદી કરતા પહેલા સોનાનું સાચું વજન અને તે દિવસના તાજા દરો ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન જેવી માન્ય વેબસાઈટ પરથી ક્રોસ ચેક કરી લેવા જોઈએ. છેલ્લે, જ્વેલર્સ દ્વારા લેવાતા મેકિંગ ચાર્જ પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

# ભારતીય ઈકોનોમી RBIના અંદાજ કરતાં વધુ ઝડપથી વધી: પ્રથમ ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિ 7.8% રહી, IT-રિયલ એસ્ટેટ સેક્ટરમાં વૃદ્ધિની અસર

નવી દિલ્હી, તા.31

પશ્ચિમ એશિયામાં ચાલી લા તીવ્ર ભૂ-રાજકીય તણાવ અને તેના કારણે વિશ્વભરમાં વધી રહેલી મોંઘવારી વચ્ચે પણ ભારતની અર્થવ્યવસ્થાએ વિપરીત પરિસ્થિતિઓમાં અસાધારણ મજબૂતી દર્શાવી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના પૂર્વ અનુમાનોને પાછળ છોડીને દેશનો આર્થિક વિકાસ દર અપેક્ષા કરતાં ઘણો વધુ મજબૂત રહ્યો છે. સોમવારે કેન્દ્ર સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટર એટલે કે એપ્રિલથી જૂન દરમિયાન ભારતનો જીડીપી ગ્રોથ રેટ 7.8 ટકા નોંધાયો છે, જે આરબીઆઈના 7 ટકાના અંદાજ કરતાં ઘણો વધારે છે. ઉલ્લેખનીય છે કે ગયા નાણાકીય વર્ષના આ જ પ્રથમ ક્વાર્ટરમાં દેશનો જીડીપી વિકાસ દર 6.9 ટકા રહ્યો હતો. આ તીવ્ર ઉછાળા પાછળ બેંકિંગ અને ફાઈનાન્સ, રિયલ એસ્ટેટ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને અન્ય બિઝનેસ સર્વિસિસ સેક્ટરમાં જોવા મળેલી 10 ટકાથી વધુની મજબૂત વૃદ્ધિ મુખ્ય કારણ બની છે, જેણે વૈશ્વિક મોંઘવારીની નકારાત્મક અસરોને જીડીપી પર હાવી થવા દીધી નથી.

આંકડાકીય વિગતો પર ઊંડાણપૂર્વક નજર કરીએ તો, દેશનો વાસ્તવિક જીડીપી 7.8 ટકાના દરે વધીને 81.36 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે, જે એક વર્ષ પહેલાંના સમાન ગાળામાં 75.46 લાખ કરોડ રૂપિયા હતો. તે જ રીતે દેશનો વાસ્તવિક ગ્રોસ વેલ્યુ એડેડ એટલે કે GVA પણ 8.2 ટકાના પ્રભાવશાળી વધારા સાથે 73.82 લાખ કરોડ રૂપિયા નોંધાયો છે. જો નોમિનલ જીડીપીની વાત કરીએ તો તેમાં 10.3 ટકાનો વધારો થયો છે અને તે વધીને 88.27 લાખ કરોડ રૂપિયા થયો છે, જે ગયા વર્ષે 80 લાખ કરોડ રૂપિયા હતો. આ સાથે નોમિનલ જીવીએ પણ 11.5 ટકાની નોંધપાત્ર વૃદ્ધિ સાથે 80.53 લાખ કરોડ રૂપિયાના સ્તરે પહોંચી ગયો છે. પશ્ચિમ એશિયાના યુદ્ધના પરિણામે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે અને ગ્લોબલ સપ્લાય ચેઈન ખરાબ રીતે પ્રભાવિત થઈ છે, જેના લીધે ભારતમાં ઈંધણ અને પરિવહન મોંઘું થવાથી ફુગાવો વધ્યો છે. સામાન્ય આર્થિક સિદ્ધાંત મુજબ જ્યારે ઊર્જાના ભાવ અને મોંઘવારી વધે છે ત્યારે ઉત્પાદન અને વપરાશ ઘટે છે, જેનાથી અર્થતંત્ર ધીમું પડે છે. પરંતુ ભારતીય અર્થતંત્રે આ તમામ આંતરરાષ્ટ્રીય દબાણો વચ્ચે પણ 7.8 ટકાનો જીડીપી દરો દર્શાવીને પોતાની આંતરિક ક્ષમતા સાબિત કરી છે.




આ વખતે જીડીપીની ગણતરી પદ્ધતિમાં પણ મોટો અને મહત્વનો સુધારાત્મક ફેરફાર કરવામાં આવ્યો છે. મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી 2026 માં 2022-23 ના વર્ષને નવું બેઝ યર એટલે કે આધાર વર્ષ માનીને નવી ગણતરી શ્રેણી અમલમાં મૂકવામાં આવી હતી. આ નવી સિસ્ટમમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરના જીવીએ માપવા માટે 'ડબલ ડિફ્લેશન એપ્રોચ' અપનાવવામાં આવ્યો છે, જે હેઠળ આઉટપુટ અને ઇનપુટ એટલે કે કાચા માલની કિંમતોને અલગ-અલગ પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ (PPI) દ્વારા એડજસ્ટ કરવામાં આવે છે. આ નવી પદ્ધતિથી મેન્યુફેક્ચરિંગ સેક્ટરનું સાચું મૂલ્યવર્ધન સામે આવી શકે છે. આ આંકડાઓ સામાન્ય નાગરિકો અને સમગ્ર ઉદ્યોગ જગત માટે ખુબ જ આશાસ્પદ સંકેત આપે છે. વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પણ 7.8 ટકાનો વિકાસ દર્શાવે છે કે દેશમાં ઘરેલું માંગ અને રોકાણ બંને ખૂબ જ મજબૂત સ્થિતિમાં છે. આ ગાળા દરમિયાન પેસેન્જર વાહનોના રજીસ્ટ્રેશનમાં 13.9 ટકા અને ગૃહિણીઓ કે પરિવારો દ્વારા ખરીદાતા વાહનોમાં 15.9 ટકાનો વૃદ્ધિ દર નોંધાયો છે, જે દેશના સામાન્ય ગ્રાહકની ખરીદ શક્તિ અને આર્થિક વિશ્વાસ જળવાઈ રહ્યાનો સ્પષ્ટ પુરાવો છે.

આગામી ક્વાર્ટર્સ અને સમગ્ર વર્ષના અંદાજ અંગે સરકારના કેલેન્ડર અનુસાર, ચાલુ નાણાકીય વર્ષ 2026-27 ના બીજા ક્વાર્ટર એટલે કે જુલાઈથી સપ્ટેમ્બરના જીડીપી ડેટા 30 નવેમ્બર 2026 ના રોજ જાહેર કરવામાં આવશે. 5 ઓગસ્ટના રોજ આરબીઆઈ દ્વારા જાહેર કરાયેલા અંદાજ મુજબ સમગ્ર FY27 માટે જીડીપી ગ્રોથ રેટ 6.7 ટકા રહેવાની ધારણા વ્યક્ત કરાઈ હતી, જોકે પ્રથમ ક્વાર્ટરના શાનદાર પ્રદર્શન બાદ આ અનુમાનમાં સુધારો થઈ શકે છે. આગળ જતાં ભૌગોલિક તણાવ અને ક્રૂડ ઓઈલની અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને તજજ્ઞોનું માનવું છે કે આગળના ક્વાર્ટર્સમાં વૃદ્ધિનો દર થોડો ધીમો પડી શકે છે, જેમાં બીજા ક્વાર્ટરમાં 6.4 ટકા, ત્રીજા ક્વાર્ટરમાં 6.5 ટકા અને ચોથા ક્વાર્ટરમાં 6.8 ટકા વૃદ્ધિ થઈ શકે છે, જ્યારે આગામી નાણાકીય વર્ષ 2027-28 ના પ્રથમ ક્વાર્ટરમાં તે ફરી વધીને 7.3 ટકા સુધી પહોંચી શકે છે. જો પશ્ચિમ એશિયાનું સંકટ લાંબો સમય ચાલશે તો કંપનીઓના પ્રોફિટ માર્જિન અને લોકોના ખર્ચ કરવાની ક્ષમતા પર થોડી અસર પડી શકે છે. જીડીપી ગણવાની આ નવી સિરીઝમાં 2022-23 ને બેઝ યર બનાવવાની સાથે તેને વધુ વ્યાપક અને ચોક્કસ બનાવવામાં આવી છે. આર્થિક અનુમાનોને સચોટ રાખવા માટે નવી શ્રેણીમાં હવે જીએસટી નેટવર્ક, ઈ-વાહન ડેટાબેઝ તેમજ ઘરોમાં કામ કરતા રસોઈયા, ડ્રાઈવર અને ઘરેલું નોકરોની સેવાઓથી થતી આર્થિક પ્રવૃત્તિઓનો ડેટા પણ ઉમેરી દેવામાં આવ્યો છે.

# ફેસબુક-ઈન્સ્ટાગ્રામ પર પોર્ન એપ બતાવીને સાયબર ફ્રોડ: હેકર્સ ડેટા ચોરી કરીને બેંક ખાતા ખાલી કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.31

સોશિયલ મીડિયાના યુગમાં સાયબર અપરાધીઓ લોકોને ઠગવા માટે અવારનવાર નવી નવી અને ખતરનાક તરકીબો અપનાવતા હોય છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર દર્શાવાતી જાહેરાતો દ્વારા માસૂમ લોકોને છેતરપિંડીનો શિકાર બનાવવાની એક અત્યંત ગંભીર અને નવી પેટર્ન સામે આવી છે. આ વધતા જતા જોખમને ધ્યાનમાં રાખીને ગૃહ મંત્રાલયની સાયબર વિંગ નેશનલ સાયબરક્રાઈમ થ્રેટ એનાલિટિક્સ યુનિટ (NCTAU) દ્વારા સમગ્ર દેશમાં એક વિશેષ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે, જેમાં સ્માર્ટફોન યુઝર્સને આવી લોભામણી જાહેરાતોથી ખાસ સાવચેત રહેવા માટે જણાવવામાં આવ્યું છે. તપાસ એજન્સી દ્વારા કરવામાં આવેલા ઝીણવટભર્યા અભ્યાસમાં ખુલાસો થયો છે કે છેતરપિંડી કરનારાઓ મુખ્યત્વે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા અત્યંત લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો સહારો લઈ રહ્યા છે. આ સાયબર અપરાધીઓ આ પ્લેટફોર્મ્સ પર એડલ્ટ કે પોર્નોગ્રાફિક કન્ટેન્ટ આપવાનો ભ્રમ ઊભો કરતી આકર્ષક અને લોભામણી જાહેરાતો ચલાવે છે. ગૃહ મંત્રાલયની સાયબર વિંગે આવી કેટલીક શંકાસ્પદ એપ્લિકેશન્સના નામો પણ જાહેર કર્યા છે જે હાલમાં સોશિયલ મીડિયા પર સૌથી વધુ સક્રિય છે અને લોકોને જાળમાં ફસાવી રહી છે. સરકારે યુઝર્સને આ ચોક્કસ નામો તેમજ તેના જેવા અન્ય કોઈપણ અજાણ્યા વેરિઅન્ટ્સથી દૂર રહેવાની કડક સૂચના આપી છે.



આ આખી છેતરપિંડી પાછળ હેકર્સની એક ખૂબ જ સુઆયોજિત અને ટેકનિકલ ચાલ કામ કરી રહી છે. જ્યારે કોઈ સામાન્ય યુઝર સોશિયલ મીડિયા સ્ક્રોલ કરતી વખતે આવી જાહેરાતો પર ક્લિક કરે છે, ત્યારે તેને તરત જ કોઈ બાહ્ય એટલે કે થર્ડ-પાર્ટી અજાણી વેબસાઈટ પર રીડાયરેક્ટ કરી દેવામાં આવે છે. આ વેબસાઈટ પર પહોંચતા જ યુઝરની સ્ક્રીન પર એક પોપ-અપ વિન્ડો દેખાય છે, જેમાં વિડીયો કે કન્ટેન્ટ જોવાની લાલચ આપીને એક થર્ડ-પાર્ટી APK ફાઈલ એટલે કે મોબાઈલ એપ ડાઉનલોડ કરવા માટે ઉશ્કેરવામાં આવે છે. મોબાઈલ ફોનમાં આ એપ ઝડપથી શરૂ કરવાની ઉતાવળમાં મોટાભાગના લોકો સુરક્ષાના નિયમોને બાજુ પર મૂકીને અને કોઈપણ વિચાર કર્યા વગર તમામ વિનંતીઓને પરમિશન આપી દે છે. આ ખતરનાક એપ્સ યુઝર્સની આ અજ્ઞાનતાનો લાભ લઈને ખાસ કરીને ફોનની 'એક્સેસિબિલિટી પરમિશન' નો ખોટો ઉપયોગ કરે છે. એકવાર યુઝર દ્વારા આ પરમિશન મંજૂર થઈ જાય એટલે આ મિલિશિયસ એપને તમારા સ્માર્ટફોનનું સંપૂર્ણ રિમોટ કંટ્રોલ અને એક્સેસ મળી જાય છે.

આટલું જ નહીં, સ્માર્ટફોનનો કબજો મળ્યા બાદ આ એપ યુઝરની જાણ કે મરજી વગર બેકગ્રાઉન્ડમાં અન્ય વાયરસ ધરાવતી ક્ષતિગ્રસ્ત એપ્સ આપોઆપ ડાઉનલોડ કરવાનું શરૂ કરી દે છે અને જોતજોતામાં તમારા આખા સ્માર્ટફોન અને તેની સિક્યોરિટી સિસ્ટમ પર સંપૂર્ણપણે પોતાનું નિયંત્રણ સ્થાપિત કરી લે છે. સ્માર્ટફોનનું આખું કંટ્રોલ હેકર્સના હાથમાં જતાં જ તેઓ તમારા ફોનમાં સચવાયેલી ગોપનીય બેંકિંગ વિગતો, પાસવર્ડ, યુપીઆઈ પિન અને બેંકમાંથી આવતા સિક્રેટ OTP ને ખૂબ જ સરળતાથી ચોરી લે છે.

# અમદાવાદમાં માતાજીના ભૂવા બની ઠગાઈ આચરતી 'મદારી ગેંગ' ના 2 સાગરિત ઝડપાયા, વટવાનો ચેન સ્નેચિંગનો ગુનો પણ ઉકેલાયો

**અમદાવાદ, તા.31**

ભોળા ભક્તોની શ્રદ્ધાનો લાભ ઉઠાવી માતાજીના ભૂવા હોવાનો ઢોંગ રચીને દાગીની ચોરી કરતી કુખ્યાત 'મદારી ગેંગ' ના બે સાગરીતોને ઝોન-7ની લોકલ ક્રાઈમ બ્રાંચે(LCB) ઝડપી પાડ્યા છે. આરોપીઓની અટકાયત સાથે જ વટવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો ચેન સ્નેચિંગનો અણઉકેલાયેલો ગુનો પણ ઉકેલાયો છે. પોલીસે આરોપી પાસેથી સોનાનો કિંમતી સામાન કબજે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આશરે ત્રણ મહિના અગાઉ અમદાવાદના વટવા વિસ્તારમાં એક મહિલા રસ્તા પરથી પસાર થઈ રહી હતી ત્યારે આરોપીઓએ સરનામું પૂછવાના બહાને તેને રોકી હતી. ત્યારબાદ આરોપીઓએ પોતે માતાજીના ભૂવા હોવાની ઓળખ આપી, મહિલાનો વિશ્વાસ જીતી લીધો હતો.

આરોપીઓએ મહિલા પર માતાજીની અસીમ કૃપા હોવાનું અને દુઃખ-મુસીબતો દૂર થઈ જશે તેવી વાતોમાં ફસાવી તેને ગળામાં પહેરેલી સોનાની ચેન ઉતારવા મજબૂર કરી હતી. ત્યારબાદ ચેનનો અમુક ભાગ કાપીને પોતાની પાસે રાખી લીધો હતો અને બાકીનો ભાગ મહિલાને પરત આપી તકનો લાભ ઉઠાવી ભાગી છૂટ્યા હતા. આ અંગે વટવા પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

ઝોન-7 LCBની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે



દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે વટવાની ઘટનામાં મદારી ગેંગના કેટલાક સાગરીતો સંકળાયેલા છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને બે શખસોની અટકાયત કરી છે

પવનનાથ ઠાકોરનાથ ચૌહાણ (ઉં.વ. 26, મૂળ ગણેશપુરા તા. દહેગામ અને હાલ રહે. મદારીનગરના છાપરા, પીપળજ)

રમેશનાથ ઉર્ફે હપુડી નટવરનાથ ચૌહાણ (ઉં.વ. 26, મૂળ ગણેશપુરા અને હાલ રહે. રિંગ રોડ ટોલટેક્સ પાસે, રામોલ)

કડક પૂછપરછ દરમિયાન આરોપીઓએ વટવા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આચરેલી ઠગાઈ અને સોનાની ચેન તારવી લેવાની કબૂલાત કરી હતી, જેના આધારે પોલીસે ચોરીમાં ગયેલું સોનું કબજે કર્યું હતું.

વડોદરા શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આવા જ એક ગુનામાં પવનનાથ ચૌહાણ નાસતો ફરતો હતો. આ ઉપરાંત તેની સામે અગાઉ વેજલપુર અને કપડવંજ રૂરલ પોલીસ મથકે પણ ગુના નોંધાઈ ચૂક્યા છે. જ્યારે રમેશનાથ ચૌહાણ સામે અગાઉ કૃષ્ણનગર પોલીસ મથકે ગુનો નોંધાયેલો છે.

LCBની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ ગેંગ અમદાવાદ શહેર તેમજ આસપાસના જિલ્લાઓમાં ધાર્મિક સ્થળો કે જાહેર રોડ પર ભોળા ભક્તોને ટાર્ગેટ બનાવી ભૂવા બનીને ઠગાઈ આચરતી હતી. પોલીસે બંને આરોપીઓની વધુ ઊંડાણપૂર્વક પૂછપરછ હાથ ધરી છે.

# અખબારનગર અંડરબ્રિજમાં BRTS બસ અને 5 કાર વચ્ચે અકસ્માત, સદનસીબે કોઈ જાનહાનિ નહીં

**અમદાવાદ, તા.31**

અમદાવાદના અખબારનગર અંડરબ્રિજમાં સોમવારે (31મી ઓગસ્ટ) એક જ લાઈનમાં જઈ રહેલી પાંચ કાર અને એક BRTS બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આગળ ચાલી રહેલા એક વાહનના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળ આવી રહેલા વાહનો એકબીજા સાથે અથડાયા હતા. આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી, પરંતુ વાહનોને નુકસાન થયું હતું.

મલતી માહિતી અનુસાર, અખબારનગર સર્કલથી પ્રગતિ ક્રોસ રોડ તરફ જતાં અંડરબ્રિજની અંદર આ બનાવ બન્યો હતો. અચાનક એક પછી એક વાહનો અથડાતાં અંડરબ્રિજમાં થોડીવાર માટે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ 'બી' ડિવિઝન ટ્રાફિક પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.



પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી દૂર કરાવી અંડરબ્રિજનો વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

ટ્રાફિક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં તમામ મુસાફરો સુરક્ષિત છે અને માત્ર વાહનોને જ નુકસાન થયું છે. ટક્કર પાછળના ચોક્કસ સંજોગો અને કારણો અંગે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# નિકોલ જીઆઈડીસી ફેક્ટરીમાંથી 20 લાખની રોકડ સાથે તસ્કરો આખી તિજોરી ઉઠાવી ગયા, ઘટના CCTVમાં કેદ

**અમદાવાદ, તા.31**

અમદાવાદના નિકોલ સ્થિત કઠવાડા GIDCમાં આવેલી તુલસી ઈન્ડસ્ટ્રીઝ નામની સ્પેરપાર્ટ્સ બનાવતી ફેક્ટરીને તસ્કરોએ નિશાન બનાવી 20 લાખ રૂપિયાની રોકડ ભરેલી બે તિજોરીઓની ચોરી કરી છે. આ સમગ્ર ઘટના ફેક્ટરીમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. બનાવ અંગે નિકોલ પોલીસે CCTV ફૂટેજના આધારે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, નિકોલ વિસ્તારમાં રહેતા અને કઠવાડા GIDCમાં મશીનરી સ્પેરપાર્ટ્સની ફેક્ટરી ધરાવતા 37 વર્ષીય રવિ પંચાલે આ અંગે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. 26મી ઓગસ્ટની મોડી રાત્રે કેટલાક તસ્કરોએ ફેક્ટરીનું લોખંડનું શટર ઊંચું કરીને અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તસ્કરોએ પહેલા માળે આવેલી ઓફિસના કાચના દરવાજાનું લોક તોડ્યું હતું.

તસ્કરો રવિ પંચાલની ઓફિસમાંથી 11 લાખ રૂપિયાની



રોકડ ભરેલી લોખંડની તિજોરી અને તેમની બાજુમાં આવેલી તેમના પિતાની ઓફિસમાંથી 9 લાખ રૂપિયા ભરેલું લોકર એમ કુલ 20 લાખ રૂપિયાની રોકડ સાથે આખી તિજોરીઓ ઉઠાવી ગયા હતા. વહેલી સવારે સિક્યોરિટી ગાર્ડે ફેક્ટરીનું શટર તૂટેલી હાલતમાં જોતાં ફેક્ટરી માલિકને તાત્કાલિક જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ નિકોલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને CCTV ફૂટેજ કબજે કરીને આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# યુવકના દસ્તાવેજ પર 15 ક્રેડિટ કાર્ડ મેળવી 23 લાખથી વધુની છેતરપિંડી, 3 સામે ફરિયાદ

**અમદાવાદ, તા.31**

અમદાવાદમાં યુવકના ઓળખ કાર્ડ અને દસ્તાવેજોનો દુરુપયોગ કરી 15 ક્રેડિટ કાર્ડ મેળવી તેમજ બેન્ક ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરાવી કુલ 23.98 લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. ગોધરાના રહેવાસી ચિરાગ શુક્લાએ તેના સાળા ગુંજન ભટ્ટ તરફથી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, અપર્ણા સિંહ, નંદકિશોર સિંહ (રાજપૂત) અને હિતેન શાહ નામના શખસોએ ગુંજનનો વિશ્વાસ કેળવી આ આર્થિક છેતરપિંડી આચરી છે.

ફરિયાદની વિગતો અનુસાર, ગુંજન ભટ્ટ 2018થી અપર્ણા સિંહને ઓળખતા હતા. વર્ષ 2024માં હિતેન શાહે મોબાઈલ શોપ શરૂ કરી હતી, જ્યાં અપર્ણા સિંહ પણ અવારનવાર બેસતી હતી. ગુંજન નિયમિતપણે આ દુકાને જતા હોવાથી આરોપીઓ સાથે તેની નિકટતા વધી હતી. આ વાતચીત



દરમિયાન આરોપીઓએ ગુંજનને વિવિધ બેન્કો અને નાણાકીય સંસ્થાઓમાંથી લોન તથા ક્રેડિટ કાર્ડ મેળવવામાં મદદ કરવાની ઓફર કરી દસ્તાવેજોની નકલો મેળવી લીધી હતી.

દસ્તાવેજોના આધારે આરોપીઓએ 2024થી મે 2026 દરમિયાન ગુંજનના નામે 15 ક્રેડિટ કાર્ડ મેળવી લીધા હતા. ગુંજનની જાણ બહાર આ ક્રેડિટ કાર્ડ્સ પરથી અંદાજે 5 લાખ રૂપિયાના વ્યવહારો કરવામાં આવ્યા હતા. આરોપીઓએ મૂળ ક્રેડિટ કાર્ડ પોતાની પાસે જ રાખ્યા હતા.

આ ઉપરાંત, આરોપીઓએ ગુંજનને મકાન પર આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડમાંથી 22.66 લાખ રૂપિયાની મોર્ટગેજ લોન લેવડાવી હતી. તેમાંથી ક્રેડિટ કાર્ડના હપ્તા પેટે 4.58 લાખ રૂપિયા ચૂકવાયા બાદ બાકી રહેલી રકમમાંથી 12.98 લાખ રૂપિયા ગુંજનના એસબીઆઈ ખાતામાં જમા થયા હતા. આરોપીઓએ ગુંજનને નાણાંની તાત્કાલિક જરૂરિયાત હોવાનું કહી 13મી એપ્રિલ 2025થી 25મી મે 2026 દરમિયાન અનેક વ્યવહારો દ્વારા પોતાના વિવિધ ખાતાઓમાં 18.98 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આમ, બેન્ક ખાતાઓમાંથી ડાયવર્ટ કરાયેલા 18.98 લાખ રૂપિયા અને ક્રેડિટ કાર્ડ દ્વારા 5 લાખ રૂપિયા મળીને કુલ 23.98 લાખ રૂપિયાનું નાણાકીય નુકસાન થયું હતું. ગુંજન ભટ્ટ અને તેમની પત્ની માનસિક ડિપ્રેશનની સારવાર લઈ રહ્યા હોવાથી આ સમગ્ર છેતરપિંડી પરિવારના ધ્યાને મોડી આવી હતી. હાલ આ મામલે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી બેન્ક સ્ટેટમેન્ટ, ક્રેડિટ કાર્ડ અરજીઓ અને ટ્રાન્ઝેક્શન રેકોર્ડના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદના શાહીબાગમાં વેપારીના ઘરમાંથી 18.48 લાખની ચોરી, સવા મહિનો કામ કરી નોકર જ ઘરમાં હાથફેરો કરી ગયો

**અમદાવાદ, તા.31**

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતા કાપડના વેપારીના ઘરમાંથી 18.48 લાખ રૂપિયાની મત્તાની ચોરી થવાનો કિસ્સો સામે આવ્યો છે. વેપારી પરિવારની ગેરહાજરીનો લાભ ઉઠાવીને છેલ્લા સવા મહિનાથી ઘરકામ કરતા શખસે જ તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયો છે. ચોરીની આ સમગ્ર ઘટના ઘરમાં લગાવેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. બનાવ અંગે શાહીબાગ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, શાહીબાગ



વિસ્તારમાં રહેતા અને કાપડનો વ્યવસાય કરતા 47 વર્ષીય હિતેશ ચોપરાએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. છેલ્લા સવા મહિનાથી 'કમલેશ' નામનો શખસ તેના ઘરે સાફ-સફાઈ અને ઘરકામ કરતો હતો અને ઘરના પાછળના ભાગે આવેલી રૂમમાં રહેતો હતો. જોકે, ચોરીની ઘટના બન્યા બાદ તપાસ કરતા સામે આવ્યું હતું કે નોકરનું સાચું નામ જયંતિલાલ છે અને તેણે પોતાની ખોટી ઓળખ આપીને નોકરી મેળવી હતી.

પોલીસ ફરિયાદની વિગત મુજબ, 29મી ઓગસ્ટના રોજ સવારે વેપારી પોતાની દુકાને ગયા હતા અને તેના પત્ની બહારગામ ગયેલા હોવાથી ઘરમાં કોઈ હાજર નહોતું. આ તકનો લાભ ઉઠાવીને નોકર જયંતિલાલ ઉર્ફે કમલેશ મુખ્ય રૂમમાં પ્રવેશ્યો હતો. તેણે બેડની બાજુના ડ્રોઅરમાંથી કબાટની ચાવી શોધી કાઢી તિજોરી ખોલી હતી. તિજોરીમાંથી 14.48 લાખ રૂપિયાની કિંમતના 36 તોલા 2 ગ્રામ સોનાના દાગીના તથા 4 લાખ રૂપિયાની રોકડ રકમ મળીને કુલ 18.48 લાખ રૂપિયાની ચોરી કરી હતી.

ઘરમાં લાગેલા CCTV કેમેરાના ફૂટેજ ચકાસતાં નોકર ઘરેણાં અને રોકડ રકમ ભરેલી બેગ લઈને ઘરની બહાર ભાગતો સ્પષ્ટ નજરે પડે છે. શાહીબાગ પોલીસે CCTV ફૂટેજના આધારે ફરાર આરોપી નોકર સામે ચોરીનો ગુનો નોંધી તેને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

